
કુમાર

સંસ્થાપક રવિશંકર રાવળ

૪૫૪

ઑક્ટોબર ૧૯૬૧



'મૃદુ-કઠોર': વનસ્પતિ જીવનનાં બે સ્વરૂપ નિરૂપતો કલાકાર જ્યોતિ ભટ્ટનો કૅમેરા-કસબ

તંત્રી બચુભાઈ રાવત

આવતી કાલનાં નાગરિકો માટેનું જ્ઞાન-ચારિત્ર્ય અને સંસ્કારઘડતર પ્રબોધતું માસિક

વાચકો લખે છે......

[આ વિભાગમાં પ્રકટ થતા 'તારાંકિત પત્ર' માટે ૧ રૂપિયો પુરસ્કાર અપાશે.]

★ જુલાઈના 'કુમાર'માં ત્રીજી ગુજરાતી સાહિત્ય પરિષદનો જે સમૂહ-ફોટો આપેલો તેમાં જે વ્યક્તિઓ ઓળખી શકાઇ નથી તેમાંની થોડીની ઓળખાણ નીચે નંબરવાર આપું છું. આ ઓળખાણ મારા મામા શ્રી મણિલાલ દલપતરામ શુક્લ જેમનો ફોટામાં નંબર ૭૮ છે તેમના તરફથી મળી છે, તેથી વિશ્વાસપાત્ર છે. ૯–શ્રી મહોબતસિંહ મોતીભાઈ રાણા; ૧૦–શ્રી ગંગાધર બી. આચરેકર (સંગીતશાસ્ત્રી); ૧૫–શ્રી અમૃતલાલ બક્ષી (વકીલ); ૩૧–શ્રી કૌશિકરામ વિઘ્નહરરામ મહેતા; ૪૨–શ્રી હરજીવન ભ. કોટક (દીવાન); ૪૪–શ્રી હરજીવન ભગવાનજી શુક્લ; ૫૫–શ્રી ગુલાબરાય છાયા (?); ૫૯–યુવરાજશ્રી દિગ્વિજયસિંહજી, લીંબડી; ૭૪–શ્રી દલપતરામ ભગવાનજી શુક્લ (બૅરિસ્ટર); ૭૬–સૌ. વિજયાલક્ષ્મી શુક્લ; ૮૧–શ્રી રણછોડલાલ પટવારી (દીવાન); ૮૨–શ્રી દેવચંદ પારેખ.

(માલાડ-મુંબાઇ) —મનોહર ઠાકર

શ્રી ગોકાણીની 'એલિબાઇ' વાર્તા રસપૂર્વક વાંચી. વાર્તાના પ્રસંગોની ગૂંથણી વિષે માન થયું. છતાં અર્લ સ્ટૅન્લી ગાર્ડનરની પેરી મૅસનવલો જેણે ખૂબ વાંચી હશે તેને લગભગ દરેક પ્રસંગ જાણીતા જેવા લાગશે. જોકે 'ઍલિબાઇ'માં જુદીજુદી નવલોનો આશ્રય લીધો છે. એ ખરું છે કે વાર્તાને મુંબઈગરો સ્વાંગ પહેરાવવામાં આવ્યો છે, અને એથી જ જેમણે 'પેરી મૅસન'ના કેસ ન વાંચ્યા હોય તેવા વાચકો આ વાર્તાને મૌલિક તરીકે બિરદાવે એ શકયતા ઊભી થાય છે. પણ શું એ યોગ્ય અને ન્યાયી કહેવાશે?

વાર્તામાં પ્રસંગોનાં ચોકઠાં કુશળતાથી ગોઠવ્યાં છે એ ખરેખર અભિનંદનીય છે, અને એથી જ વાર્તાના બંને ભાગ વાંચવામાં રસ પણ પડયો. છતાં યે પેરી મૅસનના રસિયા તરીકે એને યોગ્ય રીતે મળવો જોઈતો યશ શ્રી ગણાત્રા લઈ જાય એ ખટકે છે.

(મુંબાઇ) —મનમોહન દેસાઈ

[*આ વિષયમાં બીજા પત્રો પણ મળ્યા છે, જે પૈકી આ પત્રમાં ન્યાયબુદ્ધિ તથા સૌમ્યતા સૌથી વધુ છે. એમાંનો એક વિગતવાર લાંબો (શ્રી કકડનો)પત્ર મોકલીને અમે શ્રી ગોકાણીનો ખુલાસો મંગાવેલો. તેમના વિસ્તૃત ઉત્તરમાંનો ઉપયુક્ત ભાગ તારવીને આ નીચે આપીએ છીએ. આની હવે ચર્ચા બંધ થશે.]

'ઍલિબાઈ' વાર્તા મુખ્ય ત્રણ ભેદ ઉકેલે છે: કલકત્તામાં થએલા કેશવના ખૂનનો ભેદ, જગજીવનના ખૂનનો ઉકેલ, ને શ્રીરામ બૅંકની ધાડની તપાસ. આમાં કોઇ પણ એક વાર્તાનો આધાર નથી. અલબત્ત 'ક્લ્યુ' એવી રીતે જુદીજુદી અસરો તળે મગજમાં બેઠો છે. દા.ત. ગાર્ડનરની 'ક્લ્યુ ઑવ ફરગૉટન મર્ડર' ને 'કેઈસ ઑવ રોલિંગ બોન્સ' બંનેમાં એક જ 'ક્લ્યુ' પર વાર્તા રચી છે. એ જ 'ક્લ્યુ'નો આ વાર્તામાં ઉપયોગ જરૂર થયો છે. પણ વાર્તાનું વસ્તુ અને સંકલન કોઈ એક વાર્તા ઉપરથી લેવામાં આવ્યાં નથી. મુખ્યત્વે ગાર્ડનરની ઘણી જ વાર્તાઓ વાંચી હોઈ મગજમાં તેની અસર છે. એમ તો લોહીમાં સૅન્ડલની છાપ બાબતનો ઉલ્લેખ ગાર્ડનરની 'કેઈસ ઑવ ક્રૂકેડ કૅન્ડલ'માં આવે છે. આમ ઘણી વાર્તાઓની અસર ગુનાશોધનમાં આવે છે તે બાબત હું ઈન્કાર કરતો નથી; પણ વાર્તાના પ્લૉટ બાબત શું? ગુનાશોધનમાં બીજા એવા કોઈ નવા 'ક્લ્યુ' ખાસ હોતા જ નથી. આપણે અંગ્રેજી લેખિકા અગાથા ક્રિસ્ટી કે અમેરિકન લેખકો મિશેલ શાઇન, એલરી ક્વીન કે મૅક્સ બ્રાન્ડ વાંચીશું તો જણાશે કે આવા જ 'ક્લ્યુ'ની આજુબાજુ વાર્તાઓ ગુંથાઇ હોય છે. આંતરડામાં ખોરાક કેટલો પચ્યો છે તે ઉપરથી જ ખાસ કરીને બધાં ખૂનનો સમય નક્કી થાય છે. એ જ રીતે આંગળાંની છાપ, કે નિશા બૅનરજીના મકાનમાં પ્રવેશ મેળવવાની યુક્તિ વિષે. ગુના પકડવામાં કોઇ ગૅસ કંપની તરફથી, કોઈ દિવાસળીને બહાને, તો કોઇ તારવાળાને બહાને જ અંદર પ્રવેશ મેળવે છે. કદી કોઈ સીધી રીતે પ્રવેશ આપે જ નહિ. કોર્ટમાં થતી ટપાટપી પણ સામાન્ય રીતે સૌ વકીલો વચ્ચે આવી જ થાય છે. આ બધાં સામાન્ય તત્ત્વો છે અને બધી ડિટેક્ટિવ વાર્તાઓમાં આનો જ ઉપયોગ થતો હોય છે. એ બધા નકલો કરે છે એમ કહેવું?

આ વાર્તામાં જે ત્રણ રહસ્યો છે, તેની તપાસ પણ મેં સ્વતંત્ર રીતે અને લૉજિકલ બનાવી છે. ફક્ત એકાદ બે 'ક્લ્યુ' બાબત ઉપર મુજબના વાચનની અસર છે. તેથી વાર્તાને 'અમૌલિક' ગણવી હોય તો મને હરકત નથી. બાકી તો ગાર્ડનરના ઘણા કેઇસમાં કશો ફેરફાર કર્યા વગર ગુજરાતીકરણ કરી શ્રી...ની ચાર નવલકથાઓ અને શ્રી...ની રવિવારની ચાલુ વાર્તા મૌલિક તરીકે ચાલી છે! અલબત્ત, મારી વાર્તામાં આવી અંગ્રેજી વાર્તાની અસરો છે તે હું કબૂલ કરું છું; પણ તેટલા માત્રથી વાર્તાના વસ્તુ, સંકલન અને પ્લૉટને અમૌલિક ન ગણી શકાય. છતાં આપને યોગ્ય લાગે તે ખરું. ગાર્ડનર પોતે પણ એની એક નવલની પ્રસ્તાવનામાં કબૂલ કરે છે કે 'ક્લ્યુ' કેટલીક વખત ટ્રુ ડિટેક્ટિવ મૅગેઝીનમાંથી લીધા છે. આ મારો બચાવ નથી, પણ બધાં લૉજિકલ ગુનાશોધનોમાં એવું બનશે જ.

(દ્વારકા) –પુષ્કરભાઈ ગોકાણી

ગુજરાતનાં ભીંતચિત્રો

ગુજરાતની લોકસંસ્કૃતિનું દર્શન મેળવવાને ગુજરાતનાં મધ્ય યુગનાં મંદિરો, હવેલીઓ અને રાજમહેલોમાંનાં ભીંતચિત્રો બહુ ઉપયુક્ત સામગ્રી બની શકે એમ છે. ઘણાં યે ઘરોમાં આજે થતા સમારકામથી આવાં ચિત્રો લોપ પામતાં જાય છે, તેની સવેળા રંગીન ફોટોગ્રાફી કે હાથ-નકલો થઈ જવાની જરૂર છે. ગુજરાત-સૌરાષ્ટ્રનાં ખૂણે પડેલાં ગામોમાં મકાનોની ભીંતો ઉપર જ્યાંજ્યાં સલાટી ચિત્રો હોય ત્યાંત્યાંના સંસ્કારીજનો એની ભાળ મને મોકલશે અથવા વર્તમાનપત્રોમાં જાહેર કરશે તો એક સારી સંસ્કારસેવા કરી ગણાશે.

રવિશંકર રાવળ

કુમાર કાર્યાલય રાયપુર અમદાવાદ ૧

સર્જિકલ ઑપરેશન માટેના દરદીઓને ઑપરેશન વખતે જુદાજુદા એનેસ્થેટિક્સ આપી બેભાન બનાવવામાં આવે છે. આમાં ઠીક સંશોધન પછી અમેરિકામાં એક નવો જ પ્રયોગ કરવામાં આવ્યો છે, ને તે ઇલેક્ટ્રિક કરંટથી એનેસ્થેટાઈઝ કરવાનો. ઇલેક્ટ્રિક કરંટના વૉલ્ટેજ, ફ્રીક્વન્સી વગેરેને યોગ્ય રીતે સંયોજિત કરી તેને નાના ઇલેક્ટ્રોડ્ઝ દ્વારા દરદીના લમણા પાસે લગાડાય છે, જેનાથી દરદી એક મિનિટમાં જ બેભાન (એનેસ્થેટાઇઝ) થાય છે ને ઑપરેશન પૂરું થયે કરંટ બંધ કર્યેથી એક મિનિટ પછી ભાનમાં આવે છે.


લડાઈમાં કે બીજી કોઈ રીતે અચાનક ઘવાતા સૈનિકોનાં ઑપરેશન વખતે ઉપયોગમાં લેવા માટે આવી કોઇ સગવડની જરૂર હોઇ આ પરત્વે સંશોધનની શરૂઆત મિસિસિપી યુનિવર્સિટીમાં થએલી, જ્યાં પહેલાં પ્રાણીઓ પર પ્રયોગ થએલા. હવે માનવી ઉપર પણ તેનો સફળતાથી ઉપયોગ કરવામાં આવ્યો છે.

(ભાવનગર) —લલિત ભટ્ટ

(અનુસંધાન પૃષ્ઠ ૩૮૯મે)



તસવીર (ફોટોકલા - જ્યોતિ ભટ્ટ)



જેલમને તીરે

કલાકાર : નટવર ભાવસાર

નવી આશ

· ખંડ મનહર ·

પ્રવાસી
તિતોવને શાબાશી!
અવકાશયાત્રા તણો ખુલ્લો થયો પથ
ચંદ્ર પર (ગ્રહ બીજે પણ) જશે માનવીનો રથ!
'કોણ જાણે હશે ત્યાં શું?'–વદે સહુ વાણ,
કુતૂહલ આનંદમાં સહુ રમમાણ!
પણ એક વાતની તો થઇ ગઇ પ્રતીતિ–
ધરતીની ગ્રેહે જાય અંતરે શું વીતી!
થાય: ક્યારે ઊતરાય હેઠું?!
પગ નીચે ફરી આહ! ક્યારે ધૂળ-ઢેફું?!
ધરતીને કાજ અશી મમતા ને માયા–
તણી ન'તી જોઇ કદી આછેરી ય છાયા.
પ્રગટે છે અંતરમાં પ્રબળ કો આશ:
દૂર કોઇ ગ્રહ પરે
માનવી–બે રિપુ મળે,
પ્રસારીને હાથ–
'આપણે તો ધરતીના!'–સ્નેહભરી લેશે ભીડી બાથ!

જશવંત લ. દેસાઈ

બાલારામમાં સાંજે

· શિખરિણી ·

વિહંગોને ટ્હૌકે સ્વરસભર થૈ સાંજ, નીડમાં
જતાં પંખી, ઝીણું રણકી ઊડતાં પર્ણ તરુનાં;
પડઘે દાંડી ઢોલે, રણઝણ થતાં ઝાલર અને
પૂજારી-ઘંટાથી સ્વમધુર–માંગલ્ય પમરે;
ધીમી ચાલે આવે ગિરિ ઉપરથી સર્પ સરખી
નદી આછે નાદે, તૃણ, તરુદીધાં પર્ણ, પથરા
લઇ; જાગ્યાં એવાં શરૂ પણ કરે ગાન તમરાં;
ભલે થાક્યો તો યે અલિ-સમૂહ છેલ્લું ગુનગુને.
કૂદે ભાંગે ડાળો બટક દઇને તો કપિ વળી
કૂદી વૃક્ષે વૃક્ષે અટવિ ચીચિયારી થકી ભરે;
ગળું ખોંખારી લે ઘુવડ ઢળતાં સાંજ, ઘૂકથી.
અને આવી પાસે ગુનગુન શરૂ મચ્છર કર્યે
ઊભો થાતો, ચાલું વ્હિસલ પર એકાદ ફિલમી
રમાડું છું મોજે ગીત, ધરમશાળા ભણી જતાં.

ચિનુભાઈ મોદી

અરીસો

· હરિગીત ·

સત્યવક્તાનું બિરુદ પામ્યો અરીસો, તે છતાં
જૂઠમાં એને જીતે એવો હરીફ એનો નથી;
આંકડો એનો બતાવી સત્ય ઉત્તર માગશો,
તો કહેશે આંકડો છે એ 'છ'નો 'બે'નો નથી.

અંબાલાલ ડાયર

પગલું

· ગાન ·

પગલું મેં માંડ માંડ દીધું'તું માંડવા
ને તેં તો લંબાવી દીધી કેડી!
આંખોમાં અમથું મેં સ્મિત દીધું ત્યાં તો તેં
નજરૂંની બાંધી દીધી બેડી!
હૈયાનાં દ્વાર હજી ખૂલ્યાં–અધખૂલ્યાં ત્યાં
અણબોલી વાણી તેં જાણી,
અંધારા આભે આ બીજ સ્હેજ દેખી ત્યાં
પૂનમની ચાંદની માણી.
પળની એકાદ કૂંળી લાગણીની પ્યાલીમાં
આયુષની અમીધાર રેડી,
પગલું મેં માંડમાંડ દીધું'તું માંડવા
ને તેં તો લબાવી દીધી કેડી!

ગીતા પરીખ

કશ્મીર-ભોમ

· વસંતતિલકા ·

ખીલ્યા ગુલાબમય એ નિજ રૂપને શી
નીલા તૃણે ગ્રથિત વસ્ત્રમહીં વીંટાળી
લેટી ચતી: વિમલ નીલ સરોવરોના
ચક્ષુષ્પટે ગગનના રમણીય રંગો
ઝીલી, રમાડતી, પદો હળવે પછાડી
આનંદ વ્યક્ત કરતી નિજ તાલબદ્ધ,
ને કેટલાં ઝરણ-ઝાંઝર રૂહે રણ્ કી!
આકાશને નિરખતાં મદ ઓર એનો
જાણે બઢે: લટ જ કો નવયૌવનાની
નાચી ઊઠે, ત્યમ અહો! અનિલે ય એના
મીઠા છતાં અકળ કૈં તરંગ કેરો
આછો ગ્રહી લય ઊઠે નરતી અનોખું.
જે લાડલી પ્રકૃતિની રમણીય કન્યા
કશ્મીર-ભોમ,
વીત્યા યુગો તદપિ તે ન મટી જ મુગ્ધા.

ચન્દ્રકાન્ત શેઠ

તમે...?

· શિખરિણી ·

અજાણ્યા હૈયાના સહજ પરશે મુગ્ધ પુલકી
રૂપાળી આંખોમાં પ્રથમ ફૂટતી લાગણી સમાં
કહુ? કૂંળાં કૂંળાં સ્મિત સરલ હેતાળ શિશુનાં
કહું? કે કો નીલા ગહન નિંદના શાંત જલમાં
ઝિલાયેલા શીળા નભ સમ અહારમ્ય શમણાં
તમે છો? ક્હો, વ્હાલાં વનવન ફૂટયાં નવ્ય ફૂલડાં
તમે છો? વા પેલા પવન મનને મુગ્ધ કરતાં
વસંતે ગાયેલાં મધુર ગીતના નંદ પડઘા?

નલિન રાવળ

અને–

· મિશ્ર ·

છાયા અતિ ગૌર કપોલની પરે–
ઝૂલી ગઇ પક્ષ્મ તણી; ક્રીડામથી
ઊભી રહી તું નતનેત્ર; મૂક હું.
ને મૌનના ભાર નીચે સુકોમલ
કંપી રહ્યું કુસુમ સંગમનું, અસહ્ય.
ને શું સૂઝ્યું કે સહસા જ મેં તો
ખેંચી હલાવી તુજ રમ્ય નાસિકા;
અને—
કપોલપ્રાંતે અભિરામ સૂક્ષ્મ
કંપી રહી જાસુદની રતાશ,
હસી પડી તું.
અને પણે પ્રાંગણમાં હલેતી
ઝૂલી રહી બોરસલી, વિહંગ
કૂદી બીજી ડાળ પરે હજુ તો
બેઠું ન બેઠું, ત્યહીં ડાળડાળે
ફૂટી રહી ચંચલતા હણુહણુ!

લાભશંકર ઠાકર

જિંદગી

· ગઝલ ·

બંદગી કાજે મળી છે જિંદગી,
ને જગતને થઇ પડી છે દિલ્લગી.
મોત પહેલાં જાગશો કેવી રીતે?
જો સમજતા હો સ્વપન છે જિંદગી.
જોઇ એને થાય છે હરકોઇ ખુશ,
એ રીતે સારી છે મુજથી આરસી.
જે તરે સંસાર-સાગર એકલો,
એને શું નાવિક ડૂબે કે નાવડી.
શી રીતે પડવી કહે મારે નમાજ?
હરઘડી સામે હો તારી હાજરી.
જોઇ મેં તારા પતનમાં ઉન્નતિ,
એ રીતે તું ધન્ય વર્ષા-વાદળી!
ક્યાં દિવસને છે જુદાઇ રાતથી,
સૂર્યથી તો છે શશીની ચાંદની.
આકડો સમજે નહિ ખુદને ગુલાબ,
હોય જો એની ચમનમાં હાજરી.
ક્યાં સુધી નભશે ભલા દીવાનગી,
સ્વર્ગમાં મળશે સૂવા ક્યાં સાદડી!
એને મહેફિલમાં તો કહેતા'તા શમા,
કેમ મારે ઘર કહો છો દીવડી?
પાપથી છૂટી મૂંઝાયો પુણ્યમાં,
ત્યારે સમજાઇ પ્રભુ-શરણાગતી.
ક્યારે 'મોમીન' આ ચમન તારું થશે?
તું હજુ પામ્યો નથી જ્યાં પાંદડી.

'મોમિન'

વિચાર-ચયન

ગરબો

ગરબાનો અસલ સંસ્કૃત શબ્દ ગર્ભ-દીપ હોવાનું કલ્પાય છે. જેના ગર્ભમાં (ભીતરમાં) દીપક હોય તે વાસણ: આ પરથી અનુમાન થઈ શકે કે 'ગરબો' ઘણી પ્રાચીન કલ્પના હોય.

નવરાત્રિના ગરબાની કલ્પના કોઇએ તપાસી છે? કેટલી મસ્ત છે. 'ગરબો બીજે ક્યાંય, કોઈ પણ દેશમાં, કે ગુજરાત સિવાય કોઈ પણ પ્રાંતમાં સર્જાયો નથી.

માટીના એક નાનકડા વાસણમાં દીવાના પ્રકાશને પૂરી દેવો અને પછી સોસો છિદ્રો વાટે એનાં કિરણોને રમતાં મેલવાં! ચોમેર ફરતી તેજ અને છાયાની જાળીઓ છવાઈ જાય, પ્રકાશનાં જાણે મોતી પરોવીને ગાલીચા-ચંદરવા પાથર્યા હોય નહિ! કિરણોની કેવી ફૂલગૂંથણી!

અને એ ગરબો પોતાને માથે મૂકીને કન્યાઓ જ્યારે ચાલે ત્યારે તો પ્રત્યેક માથા ઉપર અક્કેક આકાશ ખડું થાય. કેટલાં ય આકાશો જાણે કે નાનકડાં રૂપ ધરીધરીને ધરતી ઉપર રમવા ઊતરી પડયાં હોય તેવું લાગે.

રઢિયાળી રાત્રિનાં જાગરણોમાં આ ગરબાનું સ્થાન દેહમાં આત્માના સ્થાન જેવું મહત્ત્વનું છે. સુંદરીઓનો અંતર્યામી પોતે જ જાણે ગરબાનું રૂપ લઈને આખા વૃંદની વચ્ચે બેસતો અને એના ઉલ્લાસ તેમજ આક્રંદનો અબોલ સાક્ષી બનતો લાગે છે. ગરબો વિરાટ છે અને નાજુક પણ છે. ગરબાની કલ્પના અજોડ છે.

(ઝવેરચંદ મેઘાણી)

ચણનાર અને રંગનાર

કડિયો ચણવાની ક્રિયા કરે છે. આ ક્રિયા નીચેથી ઉપર થાય છે. એમાં સૌથી નીચે જે ઈંટ મુકાય તેણે, તેની ઉપર મુકાતી ઈંટનું વજન ઝીલવાનું હોય છે. પહેલીએ બીજીનું તેમજ એની ઉપર જેટલી હોય તે બધીનું ઝીલવાનું હોય છે; બીજીએ ત્રીજીનું ને એની ઉપરની બધીનું ઝીલવાનું હોય છે; અને આમ પરંપરા [illegible] તેટલો મજબૂત એનો પાયો હોય.

રંગનારો પછી એ ચણતરને રંગવાની ક્રિયા કરે છે. આ ક્રિયા ઉપરથી નીચે થાય છે. ઈંટચૂનાનું ચણતર રંગવું હોય, લાકડાનું બાંધકામ રંગવું હોય, લોખંડનો થાંભલો રંગવો હોય–ગમે તે રંગવું હોય પણ એ રંગવાની ક્રિયા, ચણતરથી ઊલટી ઉપરથી નીચે થાય છે. એ ક્રિયા કેટલેક અંશે જેના ઉપર એ થાય છે તેના પોષણ માટે થાય છે. લાકડાને ઊધઈ ન લાગે અને લોખંડને કાટ ન ચડે એ હેતુથી એને રંગવામાં આવે છે.

આ ક્રિયા ઉપરથી નીચે જ થઈ શકે; એ કદી નીચેથી ઉપર થઈ શકે નહિ. એટલે જ્યારે રક્ષણ કરવાનું હોય, પોષણ કરવાનું હોય ત્યારે એ ક્રિયા ઉપરથી જ થાય. નીચેનાનું એ કામ નહિ–એનું એ ગજું નહિ. ઉપરવાળામાં એની આવડત અને અનુકૂળતા પણ હોય છે. ધર્મના, સમાજના કે રાજ્યના ઉપલા થરના માનવીઓ જ આ (રંગવાનું) કરી શકે. મોટા રંગાય એટલે પછી નાના પણ રંગાય ને રંગ જેમ નીચે ઊતરે તેમ વધુ ને વધુને રંગતો જાય–વધુ ને વધુને ઢાંકતો જાય.

બાંધકામમાં ચણનાર અને રંગનાર બન્નેને સ્થાન હોય છે. પાયો મજબૂત થાય, ઉપરનું ચણતર મજબૂત થાય, અને એમ આખું બાંધકામ—ઘડતર–મજબૂત થાય એ ભાવના અગ્રસ્થાને હોય છે; સાથેસાથે બાંધકામ સુરક્ષિત રહે એ પણ આવકારપાત્ર ગણાય છે.

સમાજને સાચા અર્થમાં બાંધનાર-ઘડનાર–પણ આમ જ વર્તે છે. સમાજ વ્યક્તિઓનો બનેલો છે, એટલે વ્યક્તિના ઘડતરમાં સમાજના ઘડતરનો સમાવેશ થાય છે. આ હિસાબે વ્યક્તિના ચારિત્ર્ય તરફ એ વિશેષ ધ્યાન આપે છે. આ ક્રિયામાં એ પોતે પોતાની જાતને જ પાયો બનાવી દે છે. પોતે બીજાનો ભાર ઝીલવા તૈયાર થાય છે. એ સમજે છે કે જો હું પાયામાં હોઇશ તો જ ઉપરના થર ટકી શકશે. એટલે એ પોતે જ કચરાય છે–શૂન્ય બને છે. નીચામાં નીચા થર સાથે ભળે છે, એનું જીવન જીવવા મહેતન કરે [illegible] છે. સારા થવાનું કહીને જ એ અટકતો નથી: સારા થવાનું પોતાના વર્તનથી શીખવે છે. રંગવાની ક્રિયા આ ઘડતર-ક્રિયામાં જેટલે અંશે રક્ષણરૂપ–પોષણરૂપ થાય તેટલે અંશે એ અપનાવે છે.

(પ્રસ્થાન) ચંદુલાલ ભ. દલાલ

શ્રમદેવ

ગઇ કાલે એક ભાઇ બસમાં સરકાર પર ઊકળી પડયા ને ભાષણ આપવા લાગ્યા: 'હું અંડર-ગ્રૅડયુએટ છું, છતાં મારે મિલમાં મજૂરી કરવી પડે છે. સારી નોકરી મળતી નથી, ધિક્કાર છે આ સરકારને.'

અંડરગૅડયુએટ મિલમાં મજૂરી ન કરી શકે એવી એ ભાઇની માન્યતા હતી. ગૅડયુએટ તો ટેબલ પર બેસી કારકુની જ કરી શકે! મજૂરી ન કરવી પડે એવી નોકરીને આજના યુવાનો સારી નોકરી માને છે. આનો અર્થ તો એ કે ભણીને શ્રમ ન થઇ શકે, ભણીને તો વગર મહેનતે કમાણી કરવી જોઇએ. તો જ ભણ્યા કહેવાય. કૉલેજમાં ભણતા લગભગ તમામ યુવાનોની આ માન્યતા હોય છે.

કહે છે, દેશમાં આજે બેકારી છે. જો કાળજીપૂર્વક શહેરોમાં પ્રવર્તતી બેકારીને તપાસવામાં આવે તો મોટે ભાગે શ્રમ કરવા ન ઇચ્છનારા શિક્ષિતોની જ એ બેકારી હોય છે. આજે મજૂરી માટે માણસો મળતા નથી. કડિયા, સુથાર, કંપોઝિટર, પ્રિન્ટર, બુકબાઇન્ડર, પ્રેસવાળા, લેથ ચલાવનારા, મશીનરી સાફ કરનારા મિકૅનિક, મિસ્ત્રી વગેરેની સખત તંગી છે; પણ આજના ભણેલા લોકોને આ કામ કરતાં નાનમ લાગે છે. કારકુની કરતાં આ કામમાં વધારે પૈસા મળે છે છતાં તેઓ એ કરવા તૈયાર નથી. કપડાંને ડાઘ ન પડે એવી નોકરી જોઇએ. તેવી નોકરી કારકુનની જ હોઇ શકે. આ પરિસ્થિતિ ટાળવી જોઈશે. કમનસીબે આજની શિક્ષણસંસ્થાઓ શ્રમની મહત્તા સ્થાપવામાં નિષ્ફળ ગઈ છે.

આપણા સમાજમાં શ્રમનું મહત્ત્વ નથી એ બતાવવા એક દાખલો યાદ આવે છે. આપણે ત્યાં કન્યાના વિવાહ માટે મુરતિયો જોવાય ત્યારે બીજી બાબતો ઉપરાંત 'પૈસા' પણ જોવાય છે. કહે છે, જે માણસને પોતાની છોકરીનાં [illegible]-' લાવવામાં કંઇ પણ મહેનત કરવી ન પડે એને 'સારું' ઠેકાણું કહેવામાં આવે છે!

(અગમનિગમ)

શંકરદેવ
વિદ્યાલંકાર

સંસ્કૃત સાહિત્યનું અમેરિકામાં અનુશીલન કરનારા સાત મનીષીઓ

★

ભારતમાં અઢારમી શતાબ્દીના અંત ભાગમાં પુરાતત્ત્વજ્ઞ-શિરોમણિ સર વિલિયમ જોન્સના હાથે ઈ. સ. ૧૭૮૪માં થએલી એશિયાટિક સોસાએટીની સ્થાપનાનો સૌથી મોટો લાભ એ થયો કે ભારતના પ્રાચીન સંસ્કૃત સાહિત્યની ચર્ચા તથા અધ્યયનનો સહૃદય પ્રયત્ન યુરોપમાં ઘણા ઉત્સાહથી થવા લાગ્યો. પશ્ચિમના અનેક અગ્રણી બુદ્ધિશાળી પુરુષો ભારતની આ પ્રાચીન સાંસ્કૃતિક સંપત્તિના ગુણગૌરવથી મુગ્ધ થઈ ગયા, એટલું જ નહિ પણ યુરોપમાં સંસ્કૃત ભાષાના આ અધ્યયને જ તુલનાત્મક ભાષાવિજ્ઞાનનો પાયો નાખ્યો. અને યુરોપના વિદ્વાનો દ્વારા કરાએલા કેટલાક ઉત્તમ ગ્રંથોનાં ભાષાન્તરો વાંચીને અમેરિકાના પણ ઘણા વિદ્વાનો એ તરફ આકર્ષાયા.

સર ચાર્લ્સ વિલ્કિન્સને હાથે કરાએલાં ગીતા, મનુસ્મૃતિ તથા કેટલાક વૈદિક મંત્રોનાં પ્રાથમિક ભાષાન્તરો વાંચીને અમેરિકાના પ્રખ્યાત પ્રકૃતિ-પ્રેમી ચિન્તક થોરો ઘણા જ પ્રભાવિત થયા. શ્રીમદ્ભગવદ્ગીતાનો તો એમના મન પર એટલો બધો પ્રભાવ પડ્યો કે તેનું વર્ણન એમણે પોતે જ પોતાની લાક્ષણિક શૈલીમાં આ પ્રકારે કર્યું છે: 'એ દિવ્ય વચનોની મારા મન પર એવી તો અસર થઈ કે ગઈ રાત્રે કૂકડાનો પોકાર મને જગાડે તે પહેલાં જ હું આપમેળે પથારીમાંથી જાગીને બેઠો થઈ ગયો.'

આ જ પ્રમાણે સુવિદિત અમેરિકન દાર્શનિક એમર્સન ઈ. ૧૮૪૩માં ભગવદ્ગીતાના સંપર્કમાં આવ્યા ત્યારે એમના મન ઉપર પણ ગીતાના દિવ્ય ઉપદેશનો એવો ઘેરો પ્રભાવ પડ્યો કે પછી રોજ તે મિત્રોમાં તેની જ ચર્ચા ને પ્રશંસા કરવા લાગ્યા. જોકે ભારતના પ્રાચીન વાઙ્મયના અનુશીલન અને અન્વેષણનું કાર્ય અમેરિકામાં યુરોપ કરતાં ઘણું મોડું શરૂ થયું અને છેક બીજા મહાયુદ્ધના સમય સુધી બહુ જ થોડા અમેરિકન વિદ્વાનો સંસ્કૃત સાહિત્યની શોધ માટે પ્રવૃત્ત થયા.

પ્રો. વિલિયમ વ્હિટની


અમેરિકાના એવા સૌપ્રથમ ભારત-વિદ્યા-શોધકોમાં પ્રાધ્યાપક વિલિયમ ડ્વાઇટ વ્હિટની (૧૮૨૭-૧૮૯૪)નું નામ વિશેષ ઉલ્લેખનીય છે; કેમકે ખુદ ભારતમાં પણ વૈજ્ઞાનિક દૃષ્ટિથી સંસ્કૃતના અધ્યયનનો પ્રારંભ નહોતો થયો એ કાળે નવી દુનિયાના આ વિદ્વાનોએ વૈદિક તથા સંસ્કૃત વાઙ્મયનું વિશાળ પાયા પર અનુશીલન કર્યું. એમનો એ પ્રયત્ન આજે પણ આપણને આશ્ચર્યચકિત કરે એવો છે.

ભાષાવિજ્ઞાન, વૈદિકસાહિત્ય, વ્યાકરણશાસ્ત્ર અને જ્યોતિષ પર તેઓએ વિશેષ કાર્ય કર્યું. વિખ્યાત જર્મન સંસ્કૃતજ્ઞ વેબર અને રુડૉલ્ફ રૉથની તાલીમ હેઠળ સંસ્કૃત ભાષા અને સાહિત્યનું અધ્યયન કરી ૧૮૫૦માં તે જર્મની ગયા. ત્યાં બર્લિન તથા ટ્યૂબિંગન વિશ્વવિદ્યાલયમાં સવિશેષ તાલીમ પામીને તે ૧૮૫૪માં અમેરિકાના વિખ્યાત વિદ્યાકેન્દ્ર યેઇલ યુનિવર્સિટીમાં સંસ્કૃત સાહિત્યના પ્રોફેસર થયા.

યજુર્વેદના 'તૈત્તિરીય પ્રાતિશાખ્ય'નું સંપાદન કર્યા બાદ તેમણે ઈ. ૧૮૫૬માં પોતાના ગુરુ રુડૉલ્ફ રૉથની સાથે મળીને 'અથર્વવેદ-સંહિતા'નું સંપાદન કર્યું, અને પછી ૧૮૬૨માં તેમણે અથર્વવેદ પ્રાતિશાખ્યનો પણ સંપૂર્ણ અનુવાદ, વિવેચન અને વિશદ ટિપ્પણો સાથે બહાર પાડ્યો. એ ઉપરાંત 'અથર્વવેદ-અનુક્રમણી' પણ તેમણે તૈયાર કરી. અથર્વવેદના ૧૯ કાંડ પર્યન્તના એમના અંગ્રેજી ભાષાન્તરથી પ્રાચ્યવિદ્યાના પંડિતોમાં તેમની ઘણી પ્રતિષ્ઠા જામી. જોકે પોતાના જીવનકાળમાં તેઓ તેનું પ્રકાશન જોઈ ન શક્યા. એમના શિષ્ય ચાર્લ્સ રૉકવેલ લેનમાને ઈ. ૧૯૦૫માં તે છપાવ્યો. એમનું લખેલું 'સંસ્કૃત ગ્રામર' (જે ૧૮૭૯માં પ્રકાશિત થએલું તે) તો આજ સુધી પોતાની વિશેષતાઓને લીધે વિદ્વદ્‌માન્ય બની રહ્યું છે. પ્રસિદ્ધ જ્યોતિષગ્રંથ 'સૂર્ય-સિદ્ધાંત'નો પણ એમણે અંગ્રેજી અનુવાદ કરેલો. તેઓની નાનીમોટી કૃતિઓની સંખ્યા ૩૦૦થી વધુ છે! એમના આ ભગીરથ કાર્યને એમના શિષ્ય લેનમાને સ્વનિર્મિત સંસ્કૃત શ્લોક દ્વારા સુંદર અંજલિ આપી છે.

श्री ह्विट्निना कर्मफलेष्वसंगिना गीतोपदेशाच्चरितं प्रसाधितम्।
लोकप्रशंसा किल तेन नादृता लोकोपकार्यैक्षत सत्यमेव सः॥

આ શ્રી વ્હિટનીની પરંપરામાં બીજા કેટલા યે અમેરિકન વિદ્વાનોએ સંસ્કૃત વાઙ્મયના અધ્યયન અને અન્વેષણમાં સારી મહેનત કરી છે.



પ્રો. વિલિયમ ડ્વાઈટ વ્હિટની



પ્રો. એડવર્ડ વૉશબર્ન હૉપકિન્સ



પ્રો. ચાર્લ્સ આર. લેનમાન



પ્રો. મૉરિસ બ્લૂમફીલ્ડ



પ્રો. ફ્રૅન્કલિન એજર્ટન

જેમાં ચાર્લ્સ રૉકવેલ લેનમાન, મૉરિસ બ્લૂમફીલ્ડ, વૉશબર્ન હૉપકિન્સ, હેન્રી ક્લાર્ક વૉરેન, ફ્રૅંકલિન એજર્ટન, નૉર્મન બ્રાઉન અને મર્રે ઇમેન્યૂ વગેરેનાં નામો અગ્રગણ્ય છે.

પ્રો. હૉપકિન્સ

પ્રો. એડવર્ડ વૉશબર્ન હૉપકિન્સ (૧૮૫૭–૧૯૩૨)ના પૂર્વપુરુષો પાદરી હતા. કોલંબિયા યુનિવર્સિટીમાંથી યુરોપ જઈ એમણે બર્લિન અને લાઇપશિગની વિદ્યાપીઠોમાં પ્રો. એલબર્ટ વેબર અને પ્રો. એર્સ્ટ વિન્ડિશનાં ચરણોમાં વધુ તાલીમ લીધી. ૧૮૮૧માં લાઇપશિગ વિદ્યાપીઠે એમને ડૉક્ટરની પદવી આપી. ડૉક્ટરેટ માટેના એમના મહાનિબંધનો વિષય હતો 'મનુસ્મૃતિ પ્રમાણે વર્ણવ્યવસ્થા.'

અમેરિકા પાછા આવી તે કોલંબિયા વિદ્યાપીઠ અને બીજાં વિદ્યાધામોમાં ગ્રીક, લૅટિન, સંસ્કૃત, તુલનાત્મક ભાષાશાસ્ત્ર અને ઝેન્દ અવેસ્તાના પ્રાધ્યાપક તરીકે ઘણાં વર્ષો સુધી રહ્યા અને ૧૮૯૫માં ડૉ. વ્હિટનીના ઉત્તરાધિકારી તરીકે યેઈલ યુનિવર્સિટીમાં સંસ્કૃત અને તુલનાત્મક ભાષાશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે તેમની નિમણૂક કરવામાં આવી. આ પદ ઉપર એમણે ૧૯૨૬ સુધી ઘણી યોગ્યતા સાથે કામ કર્યું.

પ્રો. હૉપકિન્સ અમેરિકન પ્રાચ્ય-વિદ્યા-પરિષદના એક મોટા કર્મનિષ્ઠ અને પ્રભાવશાળી સભ્ય હતા. બાર વર્ષ સુધી એ પરિષદના મંત્રી તરીકે અને દસ વર્ષ સુધી તેની પત્રિકાના સંપાદક તરીકે એમણે કામ કર્યું. બે વાર તો તેઓ આ પરિષદના પ્રમુખપદે પણ આવેલા. એમની મુખ્ય કૃતિઓ આ પ્રમાણે છે: (૧) મનુનું ધર્મશાસ્ત્ર, (૨) ભારતનું મહાન્ વીરકાવ્ય, (૩) ભારતના ધર્મો, (૪) ભારત: નવું અને જૂનું, (૫) પુરાણોની દેવકથાઓ, (૬) ધર્મોનો ઇતિહાસ, (૭) ભારતીય આચારશાસ્ત્ર, (૮) ભારતીય દંતકથાઓ.

પ્રો. લેનમાન

શ્રી લેનમાને પણ જર્મની જઇને જ સંસ્કૃત વાઙ્મયમાં અન્વેષણ કરવાની દક્ષતા પ્રાપ્ત કરી હતી. જર્મનીથી પાછા આવ્યા બાદ ઈ. ૧૮૭૬માં તે જૉન હૉપકિન્સ વિશ્વવિદ્યાલયમાં સંસ્કૃત સાહિત્યના પ્રાધ્યાપક નિમાયા. ત્યાં ચાર વર્ષ કામ કર્યા બાદ તે અમેરિકાના વિખ્યાત વિદ્યાકેન્દ્ર હાર્વર્ડ વિશ્વવિદ્યાલય (બૉસ્ટન)માં સંસ્કૃત સાહિત્યના પ્રાધ્યાપક થયા. ૧૮૮૯માં તેમણે ભારતવર્ષની જ્ઞાનયાત્રા કરી અને પોતાના વિશ્વવિદ્યાલય માટે ભારતમાંથી સંસ્કૃત અને પ્રાકૃત ભાષાઓના સારાસારા હસ્તલિખિત ગ્રંથો ચૂંટીને લઈ ગયા.

ઈ. ૧૯૦૦માં તેઓએ કવિ રાજશેખરની 'કર્પૂરમંજરી' નાટિકાનું અંગ્રેજી ભાષાન્તર કર્યું. સંસ્કૃત શીખનારાઓને માટે તેઓએ એક સારી 'સંસ્કૃત રીડર' પણ બનાવી. વર્ષો સુધી તેઓ અમેરિકન ઓરીએન્ટલ સોસાએટીની પત્રિકાનું સંપાદન કરતા રહ્યા. અન્વેષણના ક્ષેત્રમાં પ્રશંસનીય કાર્ય કરવા ઉપરાંત 'હાર્વર્ડ ઓરીએન્ટલ' ગ્રંથમાલામાં તેમણે સંસ્કૃત, પાલી તથા પ્રાકૃત ભાષાના અનેક ગ્રંથોનાં સુસંપાદિત સંસ્કરણ પ્રકાશિત કર્યાં છે. લૉર્ડ ફ્રેડરિક ગેલ્ડનર (૧૮૫૨-૧૯૨૯) કૃત ઋગ્વેદનું સંપૂર્ણ ભાષાન્તર પણ તે જ ગ્રંથમાળામાં ત્રણ ખંડોમાં પ્રકટ થયું છે. તેમાં ઋગ્વેદના પ્રત્યેક સૂક્ત પર વિસ્તૃત ટિપ્પણો આપ્યાં છે.

પ્રો. બ્લૂમફીલ્ડ

શ્રી મૉરિસ બ્લૂમફીલ્ડ (૧૮૫૫-૧૯૨૮)નો જન્મ ઑસ્ટ્રિયામાં થયો હતો. ઈ. ૧૮૬૭માં તેઓ અમેરિકા આવ્યા અને પછી સદાને માટે ત્યાંના નાગરિક બની રહ્યા. શિકાગો અને હૉપકિન્સ વિશ્વવિદ્યાલયોમાં શિક્ષણ લઈ તેમણે જર્મનીમાં બર્લિન અને લાઇપશિગનાં વિશ્વવિદ્યાલયોમાં પણ અધ્યયન કર્યું. અને ઈ. ૧૮૮૧માં હૉપકિન્સ વિશ્વવિદ્યાલયમાં સંસ્કૃત સાહિત્ય અને તુલનાત્મક ભાષાવિજ્ઞાનના પ્રાધ્યાપક થયા. વૈદિક સાહિત્યનું એમનું અધ્યયન ઊંચી કક્ષાનું હતું. ઈ. ૧૮૯૭માં તેમણે પ્રો. મૅક્સ મૂલર સંપાદિત 'સેક્રેડ બુક્સ ઑફ ધી ઈસ્ટ'ને માટે અથર્વવેદના મંત્રોનું ભાષાન્તર કર્યું ને ૧૮૯૦માં 'કૌશિક સૂત્ર'નું સંપાદન કર્યું. અથર્વવેદની પિપ્પલાદ શાખાનું સંપાદન પણ તેમણે જ કરેલું. ૧૯૦૮માં તેઓની પ્રખ્યાત કૃતિ 'વૈદિક કૉન્કૉર્ડન્સ' પ્રકટ થઈ અને ૧૯૧૭માં એક બીજી મહત્ત્વપૂર્ણ રચના 'ઋગ્વેદની પુનરુક્તિઓ' પ્રકાશિત થઇ. જૈન તીર્થંકર પાર્શ્વનાથના જીવનચરિત્ર ને ઉપદેશો પર પણ એમણે એક પુસ્તક લખ્યું છે.

પ્રો. એજર્ટન

અમેરિકાના વિદ્યમાન પ્રાચ્ય-પુરાવિદોમાં પ્રો. ફ્રૅંકલિન એજર્ટન સૌથી વધારે પ્રતિષ્ઠિત છે. તેઓ વિખ્યાત યેઇલ વિશ્વવિદ્યાલયના સંસ્કૃત વિભાગના અધ્યક્ષ છે. તેઓએ 'પંચતંત્ર'ના વિષયમાં અન્વેષણ કરીને એક પ્રાચીન હસ્તલિખિત પ્રતનો ઉદ્ધાર તેમજ સંપાદન કર્યાં છે. હજી તાજેતરમાં જ એમણે બૌદ્ધ સાહિત્યના સંસ્કૃત ભાષામાં લખાએલા ગ્રંથોના આધાર પર એક શબ્દકોષ અને વ્યાકરણનિર્માણનું ભગીરથ કાર્ય સમાપ્ત કર્યું છે. પૂનાના 'ભાંડારકર પ્રાચ્ય વિદ્યામંદિર' દ્વારા આયોજિત 'મહાભારત'ના પ્રામાણિક સંસ્કરણના એક ખંડનું પણ તેઓએ સંપાદન કર્યું છે.

ડૉ. મરૈ ઇમેન્યૂ

અમેરિકાની નવીન પેઢીમાં સંસ્કૃત વિદ્યાઓના અનુશીલનમાં અભિરુચિ રાખનારાઓમાં ડૉકટર ઇમૅન્યૂ તથા ડૉ. હૉરેસ પાલમૅનનાં નામ ઉલ્લેખનીય છે. ડૉ. ઇમૅન્યૂ ભારત આવીને સંસ્કૃત ભાષા તથા સાહિત્યનો અભ્યાસ કરી ગયા છે. પછી તે પ્રો. આર્થર રાઇડરની જગ્યાએ કૅલિફૉર્નિયા વિશ્વવિદ્યાલયમાં સંસ્કૃત સાહિત્યના પ્રાધ્યાપક નિમાયા. હાલ તેઓ ઑક્સફર્ડ વિશ્વવિદ્યાલયના પ્રોફેસર ટી. બરોની સાથે દ્રાવિડી ભાષાઓનો તુલનાત્મક શબ્દસંગ્રહ તૈયાર કરી રહ્યા છે.

પ્રો. નૉર્મન બ્રાઉન


મહાવિદ્વાન પ્રો. નૉર્મન બ્રાઉન પેનસિલવાનિયા વિશ્વવિદ્યાલય (ફિલાડેલ્ફિયા)ના સંસ્કૃત વિભાગના અધ્યક્ષ છે. તેઓની અધ્યક્ષતામાં એ વિદ્યાકેન્દ્રમાં ભારતીય સંસ્કૃતિના પ્રત્યેક અંગના અધ્યયનનું કાર્ય જે ઘણા મોટા અને વિશદ પાયા પર થઇ રહ્યું છે તેમાં ભારતીય ઇતિહાસ, પુરાતત્ત્વ, માનવવંશવિજ્ઞાન, દર્શનશાસ્ત્ર, સંસ્કૃત, પાલી, પ્રાકૃત, હિન્દી તથા ભારતની પ્રમુખ પ્રાંતીય ભાષાઓના અધ્યયનનો સમાવેશ છે. તે ઉપરાંત અગ્નિ એશિયાની સંસ્કૃતિ અને ઇતિહાસના અધ્યયનને માટે પણ ત્યાં એક વિશાળ વિભાગની સ્થાપના કરવામાં આવી છે, કેમકે બીજા વિશ્વયુદ્ધ બાદ અમેરિકામાં દક્ષિણપૂર્વ એશિયાના સાંસ્કૃતિક અધ્યયન માટે વિશેષ રુચિ પેદા થઈ છે.

પ્રો. નૉર્મન બ્રાઉનના શિષ્ય ડૉકટર હૉરેસ પાલમૅને નારાયણ ભટ્ટ લિખિત 'અન્ત્યેષ્ટિ પદ્ધતિ' પર અન્વેષણપૂર્ણ નિબંધ લખીને ડૉક્ટરેટ મેળવ્યું છે. ડૉ. પાલમૅને સમસ્ત અમેરિકા અને કૅનૅડાનાં ગ્રંથાલયોમાં સંઘરાએલી હસ્તલિખિત પ્રતોનું સૂચિપત્ર તૈયાર કર્યું છે. તેઓ તથા તેમનાં પત્ની હિન્દુ કર્મકાંડના અધ્યયનમાં વિશેષ રુચિ રાખે છે.

આજે અમેરિકાનાં આ આઠ વિશ્વવિદ્યાલયોમાં સંસ્કૃત સાહિત્યના અધ્યયન માટે સુવ્યવસ્થિત અને સાધનસંપન્ન વિભાગ છેઃ હાર્વર્ડ, યેઇલ, પેન્સિલ્વાનિયા, શિકાગો, પ્રિન્સ્ટન, કોલંબિયા, કૅલિફૉર્નિયા ને જૉન હૉપકિન્સ. હાર્વર્ડ વિદ્યાપીઠમાં છેલ્લાં વર્ષોમાં પ્રો. વૉલ્ટર કલાર્ક કાર્ય કરી રહ્યા હતા. એમના નિવૃત્ત થયા પછી ત્યાં પ્રો. ઈંગલ્સ આવ્યા છે. આ હાર્વર્ડ વિદ્યાપીઠમાંથી જ પ્રાચ્ય-ગ્રંથમાલા પ્રસિદ્ધ થાય છે. પ્રિન્સ્ટન વિદ્યાપીઠમાં પ્રો. રુટકિન્સે વૈદિક સાહિત્યના વિષયમાં ઘણું કાર્ય કર્યું છે. શિકાગો અને કોલંબિયા વિશ્વવિદ્યાલયોમાં ક્રમશઃ પ્રો. જૅકસન અને પ્રો. ગ્રે સંસ્કૃત અધ્યાપનનું કામ કરી રહ્યા છે. કૅલિફૉર્નિયા વિદ્યાપીઠના ભૂતપૂર્વ સંસ્કૃત પ્રાધ્યાપક આર્થર રાઈડર દ્વારા કરાએલા 'પંચતંત્ર', 'મૃચ્છકટિક' અને કવિ કાલિદાસની સમસ્ત કૃતિઓનાં અંગ્રેજી ભાષાન્તર અને વિવેચન વિશેષ પ્રસિદ્ધ થયાં છે.

ઈ. ૧૮૯૩માં શિકાગોની વિશ્વધર્મ પરિષદ પ્રસંગે સ્વામી વિવેકાનંદની અમેરિકાયાત્રા ભારતીય સંસ્કૃતિની ગૌરવવૃદ્ધિમાં અતિ ઉપયોગી સિદ્ધ થઈ. વિવેકાનંદજીનાં પ્રભાવપૂર્ણ વ્યાખ્યાનો અને તેમની અંગ્રેજી રચનાઓથી પ્રેરાઈ ને અનેક અમેરિકન વિદ્વાનો ભારતીય તત્ત્વજ્ઞાન, સંસ્કૃતિ ને ઇતિહાસના અધ્યયનને માટે પ્રવૃત્ત થયા. સ્વામીજીના પ્રભાવ અને પ્રયત્નથી સંસ્થાપિત અનેક આશ્રમકેન્દ્રો દ્વારા ભારતીય વેદાન્ત અને ઉપનિષદોનાં તત્ત્વજ્ઞાન તરફ અમેરિકાના અનેક સુજ્ઞ જનોનું ધ્યાન ખેંચાય છે. એ પછી સ્વામી રામતીર્થનાં ભાષણોથી પણ અમેરિકામાં ભારતીય અધ્યાત્મવિદ્યાનો સારો પ્રચાર થયો.

આ જ પ્રમાણે કવિવર રવીન્દ્રનાથ ઠાકુર અને દાર્શનિકપ્રવર રાધાકૃષ્ણનની જ્ઞાનયાત્રાએ પણ ત્યાંના વિચારક સમુદાયને (અનુ. પૃ. ૩૬૦)



પ્રો. મરૈં ઇમેન્યૂ



પ્રો. ડબ્લ્યુ. નૉર્મન બ્રાઉન



રોહિત પંડ્યા

★

રેઈનકોટ

કોઈ ભોળા હૈયાના જેવું આભ મોકળે મને વરસીને ખુલ્લું થઈ ગયું. વાતાવરણમાં એક પ્રકારની ભીની સૌરભ ને માદકતા પ્રસરી ગઈ.

એ શેડમાં ગૂંગળાઈ ઊઠ્યો હતો. ખાખી બીડીઓના ધુમાડા કાઢી-કાઢીને શેડ ધુમ્મસિયું બનાવી દેનારા અને બેઠા હોય ત્યાં જ ગળફા કાઢનારાઓથી એ ત્રાસી ગયો હતો. એટલે આકાશ નિર્મળ થતાં જ એ બહાર નીકળ્યો અને છુટકારાનો શ્વાસ લીધો.

એણે ઘડિયાળ તરફ નજર કરી. જોયું તો સાડા દસ! બસનો સાચો સમય ટાઈમટેબલ પ્રમાણે સાડા નવનો હતો; પણ હજુ સુધી એનાં કોઈ એંધાણ ન વરતાતાં એ એસ. ટી. તંત્રને ભાંડવા બેઠો. એણે ડભોઈ સાડા અગિયારે તો પહોંચી જવું જોઇએ, કારણકે પોણા બારે બી.એ.ના વર્ગમાં એનું લેક્ચર હતું. એ મૂંઝાયો, ચિડાયો અને ઇન્ક્વાયરી પર ઝઘડો કરી આવ્યો. આખરે મોં કટાણું કરીને એને ઊભા જ રહેવું પડ્યું...

...અને બસ ટહેલતી ટહેલતી છેક પોણા અગિયારે આવી. થોડાક મુસાફરો ઊતર્યા. બસ ખાલી થઈ અને થોડીક ધક્કામુક્કી બાદ એ અંદર પેઠો. એક સારી જગ્યા શોધીને બેઠો.

જોયું તો બાજુમાં એક નવા જેવો રેઈનકોટ પડેલો. એને પણ એવો જ રેઈનકોટ ખરીદવો હતો. 'કોઈક જગ્યા રોકવા ખાતર મૂકી ગયું હશે.' એમ ધારીને એણે કોટ ઉપરથી નજર હટાવીને બહાર દોડાવી. થોડીક ક્ષણો વીતી ગઈ. બસ ચિક્કાર થઈ ગઈ. આખી યે બસમાં એ કોટવાળી જગ્યા જ ખાલી હતી. એક જણ ત્યાં આવ્યો ને બોલ્યો: 'સાહેબ, જરા તમારો કોટ તમારી પાસે લઇ લો ને.'

એણે આશ્ચર્યથી ડોકું ફેરવ્યું. કોટ એનો ન હતો છતાં પેલાએ એમ કેમ કહ્યું? એણે જોયું તો બસ આખી ભરાઈ ગઈ હતી અને ઊપડવાની તૈયારીમાં હતી. એણે વિચાર કર્યો: 'ઊતરનારામાંથી તો કોઈ ભૂલી નહિ ગયું હોય?' એણે કોટને ખોળામાં લઈ લીધો.

બસ ચાલુ થઇ તો પણ કોઈ 'મારો રેઇનકોટ અહીં રહી ગયો છે?' એમ કરતું આવ્યું નહિ. એને અકળ આનંદ થયો. એણે રેઇનકોટ પર હાથ ફેરવ્યો અને દાબીને મૂકી રાખ્યો. એણે બહાર જોયું.

માર્ગ પરનાં વૃક્ષો સાતતાળી રમતાં હતાં. આકાશમાં વાદળાં ફરી ઘેરાતાં હતાં. પણ એમાં એનો જીવ ચોંટ્યો નહિ. વૃક્ષો કાળાં દેખાતાં હતાં....સૃષ્ટિ શુષ્ક ભાસતી હતી......અને ત્યાં એક જલધરે આવીને સૂર્ય જેવા તેજપુંજને ઢાંકી દીધો.

એક વિચારનું વર્તુળ આવ્યું, પણ એની આકૃતિ ગોળ ન હતી! કંઇક વિચિત્ર હતું એ વર્તુળ! એને આ મોસમથી બચવા માટે કંઇક સાધન તો લાવવું જ હતું. એણે મમત્વથી અને કંઇક ખંધાઈથી કોટ તરફ દૃષ્ટિ કરી. એની દાઢ સળકી, અને એના મુખ પર એ વિકૃત ભાવોની છાલક ઊડી. એણે મોં ફેરવી લીધું, પણ ત્યાં તો પાસે બેઠેલા ભાઇએ પૂછ્યું: 'આ રેઈનકોટ તમારો છે?'

એનામાં હા કહેવાની નૈતિક હિંમત નહોતી. એટલે સામું છાસિયું કર્યું, 'ત્યારે તમારો છે?'

પેલા ભાઈ ભોંઠા પડીને બોલ્યા, 'ના ના, એમ નહિ; મારે તો માત્ર એની કિમત જાણવી હતી.'

એણે ઉડાઉ જવાબ આપ્યો, 'મળતો હશે પચીસેકમાં.' અને બંને ચૂપ થઇ ગયા.

એના મગજમાં એક ઘર્ષણ—એક યુદ્ધ શરૂ થયું. 'હવે આ કોટને મારો ગણવામાં શો વાંધો?... કોઈ કોટ મૂકીને જતો રહે તેમાં હું શું કરું? એને હું ક્યાં શોધતો ફરું?'

'પણ તારે એક વખત મોટરમાં બેઠેલાંને તો પૂછવું જોઇએ.' એના આત્માએ કહ્યું.

બુદ્ધિએ અનુકૂળ દલીલ શોધી કાઢી, 'કોઈ ખોટીખોટી હા ભણી કોટ લઈ જાય તેના કરતાં મારી પાસે રહે તે શું ખોટું?' અને એની બુદ્ધિજન્ય દલીલોએ આત્માને દબાવી દીધો. બાકી તો એ એવા દસ રેઈનકોટ લઇને લહાણી કરી શકે એવો સમર્થ હતો. પણ મળેલું કોણ સુપ્રત કરે છે? કોને જીવનમાં ખોવાએલી વસ્તુ પાછી મળી છે? એણે ગયે વર્ષે આખી સૂટકેસ આમ જ ગુમાવી હતી. કોઈ પાછી ન આપી ગયું! એણે વિચાર્યું આ ઠીક તક સાંપડી છે. સૂટકેસનો ખંગ આમાં વળી જશે. અને એમાં એ ખોટું પણ શું કરતો હતો? મૂળ માલિક જ્યારે કોઈ વસ્તુ ભૂલી જાય ત્યારે કોઇકે તો રાખવી પડે ને? આ રેઇનકોટ જો બીજાને મળ્યો હોત તો તે ન રાખી લેત? એ તો જગતનો સામાન્ય વ્યવહાર છે! એટલું ય જો કોઈ ન સમજે તો તો તે મૂર્ખ કહેવાય!...અને અકારણ એના હોઠ મલકી પડ્યા.

વર્ષાની ઝરમર શરૂ થઈ. ડભોઈ પણ નજીક આવતું ગયું ઊતરતામાં જ એની પાસે કશુંક સાધન હોવું જરૂરી હતું. એણે કોટ ઉપર મમતાથી હાથ ફેરવ્યો અને આખી યે બસમાં એક દૃષ્ટિ ફેંકી એણે કોટની ગડી ઉકેલી. કોટના ખિસ્સામાં કંઈક હોય એમ લાગતાં એણે ખિસ્સું પણ ફંફોળ્યું. એક કાંસકો અને વિઝિટિંગ કાર્ડ નીકળ્યું. કાર્ડ ઉપર લખ્યું હતું: 'આરંભ મહેતા, ઈન્શ્યોરન્સ એજન્ટ, રાવપુરા, વડોદરા.'

એણે પાસેના ભાઇ સામે જોયું અને કાર્ડ કોટના ખિસ્સામાં પાછું મૂકી દીધું. કોણ જાણે કેમ, પણ એ ભાઈ હવે જલદી ઊતરી જાય તો સારું એમ એને લાગવા માંડ્યું. એની પાસે માલિકનું નામ અને ઠામ પણ હતું. આત્માએ નૈતિક ફરજ દર્શાવી: 'હવે તો તારાથી આ કોટ ન રખાય. તારે મૂળ માલિકને સોંપી દેવો જોઇએ.'

બુદ્ધિ સામે તૈયાર જ હતી. 'વિઝિટિંગ કાર્ડ તો કોઈ મિત્રનું પણ હોઈ શકે. પોતાનું એક જ કાર્ડ ગજવામાં લઇને તે કોઈ ફરતું હશે?'

આત્મા બિચારો તો ચૂપ થઈ ગયો, પણ તેમ છતાં એનામાં એક પ્રકારનો ફફડાટ તો પેસી જ ગયો. એને જાણે કોઈ એનું મગજ ખોતરતું હોય એમ લાગ્યું. એણે શાહમૃગની જેમ આંખો બંધ કરી દીધી...

(અનુસંધાન પૃષ્ઠ ૩૬૦મે)

વેરીઅર એલ્વિન

લેખક · સુનીલ કોઠારી

ગયા અંકમાં આપણે જોયું કે વેરીઅર એલ્વિને આદિવાસીઓના હિત માટે યથામતિ-શક્તિ ઘણું કર્યું છે. આવી નિષ્ઠાવાન પ્રવૃત્તિમાં એમને અનેક સાથીદારોની સહાય પણ મળી છે. પાટણગઢ રહેતા હતા ત્યારે 'લેપર હોમ' (રક્તપિત્ત-આશ્રમ) ચલાવતા હતા. એ કામ સાથી શામરાવ હિવાળે*ની હૂંફ વિના તેઓ કદાચ સતત કરી શક્યા ન હોત. મધ્ય પ્રદેશના બસ્તર વગેરે વિસ્તારોમાં બારબાર વર્ષ લગી સાથે ફરનાર અને રહેનાર શામરાવ ઉપરાંત સુંદરલાલ નર્બદાપ્રસાદની સહાયનો ઉલ્લેખ પણ એલ્વિન એટલા જ આદરપૂર્વક કરે છે. વહેમી આદિવાસી ગ્રામજનો જોડે દોસ્તી કેળવવામાં સુંદરલાલ અજોડ હતા. બીજા એકનિષ્ઠ ને વફાદાર મિત્ર-સહાયક તે ગુલાબદાસ. વળી ચેઈનુ નામના એક સાથી એ લોકો પાસેથી વાર્તાઓ કઢાવવામાં ચતુર. દીનબંધુ નામે દુભાષિયો ઓરિયા ભાષા ઉપરાંત કુઇ ભાષા પણ જાણે. ગાન્ડોરૂબા દુભાષિયો સાઓરા જાતિ જોડે વાતો કરી શકતો અને ગમે તેવા જંગલમાં જતાં ડરતો નહિ. આ સૌ એલ્વિનના વફાદાર અને વહાલા અંતરંગ મિત્રો.


આ મિત્રોની સહાયથી જ એલ્વિન આટલા વિશાળ ધોરણે આધારભૂત પ્રમાણગ્રંથો લખી શક્યા છે. આજે તો નેફા સેક્રેટરીએટમાં એમનો એક સ્વતંત્ર વિભાગ જ ખોલવામાં આવ્યો છે અને સરકારી ધોરણે એલ્વિનને ઉત્તમ સાથીઓ સાંપડ્યા છે. આદિવાસીઓને લગતી જે ફિલ્મો તૈયાર થાય છે તેમાં એલ્વિને જાતે તૈયાર કરેલી મારીઆ લોકોની એક રંગીન ફિલ્મ કલાત્મક હોવા ઉપરાંત વિરલ કહી શકાય એવી છે. ફોટોકલામાં આદિવાસીઓ પ્રત્યેનો સૌંદર્યગ્રાહક અનુરાગ અને બહારની સભ્ય ગણાતી દુનિયા પાસે એઓની વિશિષ્ટ પ્રકારની મોહકતાને ઉત્તમ રીતે રજૂ કરવાનો એલ્વિનનો આગ્રહ એમાં તરી આવે છે. સરવાળે, એ કલા-પ્રવૃત્તિનાં સુભગ પરિણામ આવ્યાં છે અને અભ્યાસી, રસિક તેમજ સાધારણ જનસમાજને તેઓ આદિવાસીઓની કલા પ્રતિ સફળ રીતે અભિમુખ કરી શક્યા છે.

એમની આવી પ્રવૃત્તિઓને કારણે ઘણાં વિરલ કહી શકાય એવાં માન-ચાંદ એમને મળ્યાં છે. ૧૯૪૧માં એમને 'વેલકમ' મેડલ અને ૧૯૪૫માં 'રૉય' ગોલ્ડ મેડલ (સૌ પ્રથમ એમને જ) એનાયત થએલો. ઑક્સફર્ડ યુનિવર્સિટીએ ૧૯૪૪માં એમને 'ડૉક્ટર ઑવ સાયન્સ'ની પદ્વીથી નવાજ્યા. 'ઇન્ડિયન સાયન્સ કૉંગ્રેસ'ના ઍન્થ્રૉપૉલૉજી અને આર્કિયૉલૉજી વિભાગના પ્રમુખ તરીકે ૧૯૪૩માં એમની વરણી થઈ હતી અને 'ફોકલોર સોસાએટી'ના પણ તેઓ પ્રમુખ નિમાએલા. આ બધાં માન-અકરામ ઍન્થ્રૉપૉલૉજી (નૃવંશ-શાસ્ત્ર) ક્ષેત્રે એમની અનન્ય પ્રતિભાની કદર તરીકે એમને અપાએલાં.

એલ્વિનનો કકળાટ જો કોઇ હકીકત પરત્વે હોય તો તે છે આદિવાસીઓની કલા પરના આધુનિક સભ્યતાના હાનિકારક આક્રમણને લગતો. તેઓ જણાવે છે: "આદિવાસીઓની સંસ્કૃતિ અને કલા પર વર્તમાન સંસ્કૃતિના સંપર્કને કારણે અવળી અસરો થઇ છે. બજારમાંની દુકાનોમાં પ્રવેશતાં જ સ્વકીય ઉત્તમ રસવૃત્તિ તેઓ ખોઈ બેસે છે. ભાતગૂંથણી ને રંગાવટના આયોજનની નિજી આવડત તેઓ ભૂલતા જાય છે. પાશ્ચાત્ય દેશોના પોશાકની હાંસીપાત્ર નકલખોરીમાં ભવ્ય જાતિગત પોશાક અને અલંકારોને તેઓ ત્યાજ્ય ગણવા માંડે છે. બીજી ભાષાના માધ્યમ દ્વારા શિક્ષણપદ્ધતિ અપનાવતાં તેઓની ખમીરવંતી ભાષા ફિક્કી ને મૃતપ્રાય બની રહે છે. કેટલાક પ્રદેશોમાં નૃત્યો સમૂળગાં બંધ થઇ ગયાં છે, અને જ્યાં હજી લગી પ્રવર્તે છે ત્યાં તે વર્ણસંકર સ્વરૂપ પામ્યાં છે. બાહ્ય સ્પર્ધામાં આદિવાસી કારીગરો તેમનાં ધોરણ જાળવી શક્યા નથી. આપણા વડાપ્રધાન પંડિત નેહરુએ આ સંદર્ભમાં જે કહ્યું છે તે ઘણું મનનીય છે: 'આદિવાસીઓ વચ્ચે જઇને વસનારાઓએ બંધુત્વની ભાવના સાથે કામ કરવાનું રહેશે; નહિ કે તેઓને કોઈ મ્યૂઝિયમ પીસ તરીકે જોવા તપાસવા-વજન કરવા-માપવાનું અને પછી તેમને લગતા અહેવાલ આપવાનું... આપણે એમને આપણી હલકી આવૃત્તિ જેવા બનાવવાના નથી. પ્રત્યેક જણે યાદ રાખવાનું રહેશે કે આપણે એમની જીવનરીતિમાં ડખલ નથી કરવાની, પરંતુ નિજી રીતિ તેઓ જાળવી શકે તેમાં મદદરૂપ થવાનું છે. મને લાગે છે કે આઈસોલેશન કે ઍસિમિલેશન નહિ પરંતુ પ્રોટેક્શન (રક્ષણ)

---

*GypsyScholar; પુસ્તકના કર્તા ગતાંકમાંના ફોટોગ્રાફો ને જીવન-ચરિત્રની મુખ્ય વિગતો તેના કર્તાના સૌજન્યથી પ્રગટ કર્યા છે.





ઓરિસ્સાની એક આદિવાસી કોમનો જંગી ઢોલ. એને માટેની ખાસ છાપરીમાં જ તે રખાય છે અને પ્રસંગોપાત્ત તેને બહાર લાવવામાં આવે છે. જમણી બાજુ મોટા વાંસમાંથી કોરી કાઢેલાં મણિપુરની આદિવાસી કોમનાં જળપાત્રો.

જ શ્રેષ્ઠ નીતિ ગણી શકાય.'"

આદિવાસીઓ વચ્ચે જઇને કાર્ય કરનારા કાર્યકરો એલ્વિનના આ અભિપ્રાય સાથે સહમત થઈ શકતા નથી, કારણ કે આ પ્રશ્ન અત્યંત સંકુલ છે. આદિવાસીઓને વૈજ્ઞાનિક પ્રગતિનો લાભ આપવા જતાં જે મુસીબતો વેઠવી પડે છે તેની કલ્પના આવી શકે એમ નથી. ૧૯૪૪-માં એમણે જે 'ફિલૉસૉફી ઑવ નેફા' પ્રગટ કરેલી તે કેટલાંક વ્યવહારુ સૂચનો પૂરતી સફળ હતી. ઈ. ૧૯૫૯ના નવેમ્બર માસમાં મેં મણિપુર અને ત્રિપુરા રાજ્યની આદિવાસી જાતિઓની સાંસ્કૃતિક મોજણી (કલ્ચરલ સર્વે)નું કામ કરેલું. સ્થાનિક વિલેજ લેવલ વર્કર, કૉમ્યુનિટી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ ઑફિસર, સોશ્યલ એડ્યુકેશન ઑફિસર વગેરે સાથે આ પ્રશ્ન પર મારે ચર્ચા થતી હતી, ત્યારે વ્યવહારુ મુશ્કેલીઓ વિષે તેઓ જણાવતા હતા અને એલ્વિનના વિચારોમાં રહેલી અસ્પષ્ટતા બદલ અકળાતા હતા. જોકે ત્યારે ને આજે ય હું તો એલ્વિનનો જ પ્રશંસક છું, તોપણ એમના 'ફિલૉસૉફી ઑવ નેફા' પુસ્તકની નવી આવૃત્તિમાંનાં કથનોની સંદિગ્ધતા અકળાવે તેવી છે.

છતાં ય ભારત સરકારની વર્તમાન નીતિના પુરસ્કર્તા એલ્વિનની એ રક્ષક-પદ્ધતિનાં સુફળ ન નોંધીએ તો એ મહામના વ્યક્તિને અન્યાય કર્યા જેવું ગણાશે. સરહદ પરનાં અંદરઅંદરનાં આદિવાસીઓનાં આક્રમણો અને ત્યાંની અશાંતિને ટાળવામાં એલ્વિનની એ રક્ષક-નીતિ (જે વસ્તુતઃ આપણા વડા પ્રધાન નેહરુએ જ રજૂ કરેલી) મદદ્ અંશે સફળ નીવડી છે. આ બાબતમાં નજીકના ભૂતકાળની જ વાત કરીએ તો ૧૯૪૨માં આસામના ગવર્નર સર રૉબર્ટ રીડે લખેલું: 'આદિવાસીઓની આંતરિક ઝનૂની મરણતોલ લડાઈઓ બંધ કરવાના હુકમો સરકારી ધોરણે આપીએ તો ભારે હાનિ જ થાય.'

એલ્વિન લખે છે: "છેલ્લાં ઘણાં વર્ષો થયાં ત્યાંના નાગા આદિવાસીઓમાં 'હેડ હન્ટિંગ'ની લડાઇઓ બંધ થઈ શકી છે. મૈત્રી, હિંમત અને દૃઢતાના સમન્વયથી, એક કાળે વીરત્વ અને દગાખોરીના નમૂના સમી એ પ્રથા બંધ થઈ એ મહત્ત્વનું છે. પૂર્વે જ્યાં જીવનપ્રવાહ સતત વિક્ષુબ્ધપણે વહેતો હતો ત્યાં આજે શાંતિની સમજણપૂર્વકની સંસ્કૃતિ પ્રસરી રહી છે." વળી આગળ લખે છે: 'ખેતીમાં સુધારા થઇ રહ્યા છે. વેરાન, વન્ય અને જનશૂન્ય સમા વિસ્તારોમાં સંદેશાઓ હવે પહોંચી શકે છે. આદિવાસીઓને વેઠિયા તરીકે કામ કરવું પડતું તે પ્રથા દૂર થવા લાગી છે ને તેટલી હદે શોષણ અટક્યું છે. અફીણ-દારૂના કોયડાઓનાં નિરાકરણ વૈજ્ઞાનિક ઢબે કરવાના પ્રયત્નો થઈ રહ્યા છે. ઝનૂનીમાં ઝનૂની આદિવાસી જાતિઓમાં પણ ડૉક્ટર અને પશુચિકિત્સકો જઈ શકે છે ને બધું જ મૈત્રીભાવે કરવાના પ્રયત્નમાં એઓનાં માનસિક સ્વાસ્થ્યને હાનિ ન પહોંચે તેની કાળજી કેળવાય છે. એમના સ્વાયત્તપણા અને સાંસ્કૃતિક વારસાના ગૌરવને હાનિ ન પહોંચે એ હેતુ જાળવવાના બધા પ્રયાસો થઈ રહ્યા છે. આ ભગીરથ કાર્ય વૈજ્ઞાનિક અને માનવ-મૂલ્યો જાળવી શકાય તેવા ગુણો ધરાવે છે.' આ પ્રગતિને એલ્વિનના વિરોધીઓ પણ નકારી નહિ શકે.

[ગયા અંકમાં પૃ. ૩૧૧ પરના ફોટોમાંનાં ત્રણે બાળકો એલ્વિનનાં નથી. જમણી તરફનો ડોક નમાવેલો જવાહર એમનો પુત્ર છે. બાકીનાં સુરેશ અને રામુલા એલ્વિનના સાથી શામરાવ હિવાળેનાં છે.]

અનુસંધાન] **સાત મનીષીઓ** [પૃ. ૩૫૭થી

ભારતના સાંસ્કૃતિક વૈભવ તરફ સવિશેષ આકર્ષ્યા છે. અહીં આપણે અમેરિકામાં ભારતમાતાના સરસ્વતી-દૂત બની રહેલા દિવંગત ડૉ. આનંદ કુમારસ્વામીની અમૂલ્ય સેવાઓનું કૃતજ્ઞતાપૂર્વક સ્મરણ કરવું જોઈએ. ડૉ.કુમારસ્વામી તો બૉસ્ટનના 'કલાસંગ્રહાલય'માં ૩૦ વર્ષ કરતાં પણ વધારે સમય સુધી ભારતીય કલા-વિભાગના અધ્યક્ષના સ્થાને રહેલા. ભારતીય કલાલક્ષ્મી અને ભારતીય સંસ્કૃતિના સમર્થ વ્યાખ્યાનકાર તરીકે તેમણે અનેક પુસ્તકો લખીને તથા વ્યાખ્યાનો આપીને નવી દુનિયામાં ભારતીય સંસ્કૃતિની વિજયવૈજયન્તી ફરકાવીછે.

ઈ. ૧૯૩૮માં ભારતીય તથા પૂર્વીય દેશોની સંસ્કૃતિ અને ઇતિહાસના અધ્યયનને માટે અમેરિકાની રાષ્ટ્રીય લાયબ્રેરી 'કૉંગ્રેસ પુસ્તકાલય' દ્વારા એક વિશાળ યોજના બનાવવામાં આવી હતી. તે યોજના હવે દક્ષિણ-પૂર્વ-એશિયા અધ્યયન-યોજનાના નામથી પ્રસિદ્ધ થઈ છે. આ વિભાગમાં ભારત, પાકિસ્તાન, લંકા, નેપાળ, તિબેટ, બ્રહ્મદેશ, મલાયા તેમજ ઈન્ડોનેશિયા આદિની સંસ્કૃતિના વિષયોમાં ચાર લાખ પુસ્તકો સંઘરાયાં છે. એમાંનાં અધિકતર પુસ્તકો અંગ્રેજીમાં તથા અન્ય યુરોપિયન ભાષાઓમાં છે. ભારતની બહાર વિદ્યમાન ભારતીય વિષયોનો આ અનન્ય ગ્રંથસંગ્રહ છે. આ પ્રમાણે ભારતીય ઇતિહાસ ને ભારતીય સંસ્કૃતિના વિષયમાં અમેરિકન પ્રજાની અભિરુચિ વધતી જ રહી છે. ભારત ને અમેરિકાનો આ સાંસ્કૃતિક સંબંધ અભિનંદનીય છે.

અનુસંધાન] **રેઇનકોટ** [પૃ. ૩૫૮થી

...પણ ત્યાં એના કાને કોલાહલ સંભળાયો. એક જણ બોલતો હતો: 'એય મિસ્ટર! કોઈની વસ્તુ ઉઠાવતાં શરમ નથી આવતી?'

સામો માણસ લૂલા અવાજે જવાબ આપતો હતો: 'પણ મને એમ, કે કોઈ ઊતરનારું ભૂલી ગયું હશે તે લઇને ડેપોમાં આપી દેત. કાંઇ ખાઇ ન જાત.'

પેલાના અવાજમાં ઉત્તેજના આવી: 'પણ પહેલાં પૂછીને ખાતરી તો કરવી હતી! તમારી દાનત હું સમજું છું...'

અને એણે કાન પણ બંધ કરી દીધા. આમ ને આમ એ થોડી વાર માટે બેસી રહ્યો. આખરે બસમાં શાંતિ પથરાએલી જોઈ, એને ચાલુ થએલી જાણી એણે આંખો ખોલી. એની નજર બસના ખૂણેખૂણે ફરવા લાગી અને પહેલી સીટ પાસે એની નજર ખોડાઈ ગઈ. ત્યાં એક સૂટકેસ પડી હતી. એના ઉપર લખ્યું હતું: 'આરંભ મહેતા, વડોદરા.'

એ ચમક્યો; ગભરાયો; જાણે પોતાના શરીરમાંથી કોઈ પંપ દ્વારા લોહી શોષાતું હોય એમ એને લાગ્યું. એ દ્વિધામાં પડી ગયો: 'રાખું કે નહિ? એને યાદ હશે? ના ના, એ તો ભૂલી જ ગયો હશે.'

એણે જોડે નજર કરી તો પેલા ભાઈ ઊતરી ગયા હતા. એને થોડીક શાંતિ થઈ. તો પણ એની માનસિક અસ્વસ્થતા ઓછી તો નહોતી જ. વારેવારે એને પરસેવો લૂછવો પડતો હતો. ધડકનો ધમણની જેમ ધમધમતી હતી. એને પેલો બનાવ યાદ આવ્યો...

ડભોઈ પાસે આવતું હતું. બસની ગતિ વધી. સાથેસાથે એની અસ્વસ્થતા પણ વધી. એક કૂતરું બસ નીચે કચડાતું રહી ગયું. એનો બોજો અસહ્ય બની ગયો. એ મોટરમાં ઊભો થઇ ગયો અને રેઇનકોટ હાથમાં લઈ બરાડ્યો, 'આ રેઇનકોટ કોનો છે, ભાઈ?'

આરંભ મહેતાએ ડોક વાળી હસતાંહસતાં કહ્યું, 'મારો છે. મેં જ ત્યાં મૂકેલો. ઊતરતી વખતે લઈ લઈશ. હમણાં તમારી પાસે રાખો.'

એના હૈયામાંથી કશુંક બહાર નીકળી ગયું હોય એવો એને ભાસ થયો. એ પોતાની બેઠક પર સ્વસ્થ થઇને બેઠો અને રેઇનકોટને સંભાળીને પાસેની ખાલી જગ્યા પર મૂકી દીધો. જોરથી હાથ ખંખેરીને એણે આકાશ તરફ જોયું. જલધર હટી ગયું હતું. સૂર્ય પ્રખર તેજથી પુનઃ તપતો હતો. વૃક્ષોમાં હરિયાળી લહેરાતી હતી. સૃષ્ટિમાંથી રસના ફુવારા ફૂટતા હતા... અને એમાં એ ઝબોળાતો હતો, ડૂબતો હતો...

ચન્દ્રવદન મહેતાની રંગગઠરિયાં-૧૦

આઈ. ટી. આઈ.

ઈઈવા કાઆઆરીના અને ફિનલૅન્ડની નાટચપ્રવૃત્તિ

આ આઈ ટી. આઈ. (ઇન્ટરનૅશનલ થીએટર ઈન્સ્ટીટ્યૂટ) આંતરરાષ્ટ્રીય નાટચ-સંસ્થાનો હેતુ શો? એના સભ્યો કોણ, એમાં ભારતનું સ્થાન ક્યાં, અને આ સંબંધથી આપણને ફાયદા-ગેરફાયદા શા? હેતુ એ કે દુનિયાભરમાં નાટક કરનારી મંડળીઓને ભાઈચારાની લાગણીથી સાંકળવી. નાટક એ કલા છે, એનું વિકસેલું અલાયદું શાસ્ત્ર પણ છે, તો એ દિશામાં જે કંઈ અવનવું સંશોધાતું રહે એ વિષે તેમજ એકબીજાની વિવિધ પ્રવૃત્તિઓથી વાકેફ રહેવા આ સંસ્થાની પ્રવૃત્તિ-પ્રગતિ જોઈ, યુનેસ્કોએ 'નાટકશાળા અને શિક્ષણ' એ મુદ્દા ઉપર ભાર મૂકી એ દિશામાં સક્રિય કાર્ય કરવા ૧૯૪૭ના મે મહિનામાં ઠરાવ્યું. શાળાઓમાં તેમજ યુનિવર્સિટીઓમાં નાટચ-શિક્ષણના અભ્યાસક્રમો, એમની જરૂરિયાતો, એમનાં ભજવાતાં નાટકો વિષે સંશોધન, એમને મદદરૂપ નીવડે એવા સાહિત્યની જોગવાઈ વગેરે ઉપર વિચારણા કરી સાહિત્ય પ્રગટ કરવામાં પણ આવ્યું.

દસ વર્ષમાં તો એણે જાપાન, કોરિયા, ભારત, તુર્કી, ઈઝરાયલ, યુરોપના બધા દેશો, આઇસલૅન્ડ અને દખ્ખણ અમેરિકાના જુદાજુદા દેશોમાંનાં કેન્દ્રો સાથે સંકળાઈ, યુરોપભરના નાટકલેખકો વચ્ચે ઓળખાણ ને ભાઈબંધીનો તાંતણો બાંધી આપ્યો; પશ્ચિમના નાટચ-સાહિત્યનો અંદાજ કાઢી પાકી આંકણી કરી આપી;—એવી કે આજે ચિલીમાં કે ગ્રીસમાં, બલ્ગેરિયામાં કે બ્રાઝિલમાં, એમ જુદાજુદા દેશોમાં સોળમી સદીથી માંડી આજ સુધી કેટલાં નાટકો લખાયાં, કોણે લખ્યાં, લેખકોના જીવતરની વિગતો, એ નાટકો ક્યારે ને કેટલી વાર ભજવાયાં, ક્યાં કેવી જાતની નાટકશાળામાં ભજવાયાં, એ ભજવનારાઓમાં પાઠ લેનારા નરનટો યા નારીપાઠ કરનારા નરનટો કોણ, એમાંના કયા વિખ્યાત, કેટલા ક્યાં કઈ જાતની તાલીમ પામ્યા, એમના ઉસ્તાદો કોણ, એમણે જીવનભર રોટલો રળવામાં શી શી વિટંબનાઓ વેઠી, કેટલું કમાયા, અને એ વિગતો ઉપરથી એ નટનટીઓમાં વંશ-પરંપરાગત અભિનયકલા કેટલામાં ઊતરી આવી, કેટલી પેઢી ચાલી, વગેરે ઝીણીમાં ઝીણી બાતમીઓથી ભરપૂર જુદીજુદી ભાષામાં પત્રકો પ્રગટ કર્યાં: એક જ દેશનાં નહિ, અનેક દેશનાં.

એ પતતાં નાટકશાળાઓ હાથમાં લીધી. બે હજાર વર્ષો પહેલાંથી ગ્રીક રોમનથી માંડી બંધાએલાં થીએટરો કેટલાં, આજે ખંડિયેર કેટલાં, એમાં મરામત થઈ શકે એવાં કેટલાં તેની મોજણી કીધી, ભંગારથી માંડી હસ્તી ધરાવતાં એ થીએટરોના તરેહતરેહના ફોટાઓ લીધા, જીર્ણોદ્ધાર કરવા જેવાઓના કરવાની યોજનાઓ ઘડી. તે પછી સોળમી સદીથી આજ દિવસ સુધી બંધાતાં રહેલાં થીએટરોની યાદી બનાવી, બ્રિસ્ટલમાં કે મિલાનમાં પહેલું થીએટર કોણે બાંધ્યું, એ નાટકશાળા હતી કે ઓપેરા, એમાં પહેલું નાટક કયું ભજવાયું, દર વર્ષમાં કેટલાં ભજવાયાં, એ નાટકશાળાનો બાંધનાર કોણ, નકશો કોણે બનાવ્યો, એ નાટકશાળામાં પરદા કોણે ચીતર્યા, બત્તીઓ કોણે ગોઠવી, એમાં પલટા ક્યારે આવ્યા, સરકારે એને કેટલી મદદ કરી, એમાંની બેઠકોના ભાવ શરૂઆતથી આજ દિવસ સુધી શા રાખવામાં આવ્યા, વધ્યા ક્યારે, એમાંથી કદીક કોક રાજ્યે કર લીધા તો કયા પ્રમાણમાં લીધા, આવી બાબતોની પાકી યાદી તૈયાર કરી. હજી તાજેતરમાં જ જર્મનીમાં નાટકશાળાની માત્ર બાંધણી ઉપર જ એક સંમેલન યોજી નાટકશાળાની રચના, એના ઘાટ, એમાંની સગવડો, એમાં પરદા, રોશનીની વ્યવસ્થા, સંગીતકારોને બેસવાની જગ્યા, પ્રેક્ષકોની બેઠકોની ગોઠવણી, એમાં શ્રુતિસુલભતા, પાછલા ભાગમાંની મોકળાશ, એમાં નટનટીઓને સ્વાંગ સજવાની સગવડ, એમને આરામ લેવાની જગ્યા, એ મકાનની દેખરેખ માટેની જરૂરિયાત, નાટકશાળા બાંધવા માટેની સાધનસામગ્રી, ન હોય તો તે જલદી ને શ્રેષ્ઠ ક્યાં બની શકે એની શક્યતાઓ આદિ ઉપર વિચાર કર્યા, અને એ ચર્ચાવિચારણાના સારરૂપ વિગતવાર સમજ માહિતી અને જ્ઞાન મળે એવું પુસ્તક પ્રગટ કર્યું. કોઈ કહેશે, આ તે શી લમણાંઝીક? એનો ઉપયોગ શો?

બીજી રીતે જોઇએ: ભારતની કોઈ નાટકમંડળીને નાટક કે નૃત્ય કરવા અહીંથી યુરોપ જવું છે—બર્લિન, રોમ, ઝૂરિક આદિ દસ-વીસ શહેરમાં; તો પારી(સ)ની મધ્યસ્થ કચેરીમાં માત્ર એક કાગળ લખવાથી તરત જ અમુક શહેરમાં નાટકશાળાઓ આ પ્રમાણેના માપની છે, ત્યાં નટનટીઓને રહેવાની આટલી સગવડ છે, આટલું હાઉસ ભરાય અને અમુક ભાવ રાખો તો આટલી આવક મળે, આટલા ખેલ કરો તો સહેલાઇથી આટલા દિવસ ચાલે, ત્યાં મ્યુનિસિપાલિટી આટલો કર લે,–ન પણ લે, એવીએવી બધી જ વિગતો ઘરબેઠાં મળી જાય. નહિ તો દરેક ઠેકાણે લખો, જવાબ મંગાવો, શહેરેશહેર માણસ મોકલાવો, એ અજાણ દેશમાં હરોફરો, અને એ બધાંમાં થતાં ખરચ, સમય-વ્યય વગેરેનો હિસાબ કાઢો, તો આ રોજબરોજ તાજી થતી રહેતી, અનુભવે અને આંકણીએ પાકી થતી રહેતી વિગતો મળવાથી કુદરતી રીતે કેટલો લાભ થાય, એનો ખયાલ તો આ ચડસમાં રસે ચડેલાઓને સહજે આવી જશે.

ત્રીજી રીતે જોઈએ: એક નાટક કરવું છે. મીડિયા યા હૅમલેટ. સત્તરમી સદીમાં કેવો પોશાક પહેરાતો, યા આ જ નાટકો એ સદીમાં કેવી વેશભૂષામાં ભજવાતાં વગેરે જાણવું હોયતો આઇ. ટી. આઇ. પાસે નાટચવિષયક વેશભૂષા, અલંકાર તથા અન્ય સામગ્રીઓ ધરાવતાં સંગ્રહસ્થાનોની યાદી છે,—યુરોપ-અમેરિકાભરમાંનાં સંગ્રહસ્થાનોની; ત્યાંથી બધું માંગ્યું મળે. કેટલાંક ખાનગી સંગ્રહસ્થાનોમાં પણ શું શું છે ને એ જોવાં કઈ રીતે, એની પણ માહિતી એકે સપાટે મળે.

આગાઉ આપણે 'પબ્લિસિટી-કમિટી' વિષે ઇશારો કરેલો. આઇ. ટી. આઇ. એક ચોપાનિયું પ્રગટ કરે છે. ભૂલ્યો; એક નહિ, બે. એક દર મહિને. એમાં અંગ્રેજી અને ફ્રેન્ચ બે ભાષામાં, સાથોસાથ, દુનિયાભરના દેશોમાં ભજવાતાં નાટકો વિષે, આધુનિક પ્રખ્યાત નાટકકારો વિષે, અદ્યતન પ્રકારના નવી તરેહની રજૂઆતવાળાં નાટકો વિષે, યા નૂતન પ્રકારની રંગસજાવટ-અભિનયદૃષ્ટિ વિષે લેખો યા નોંધો પ્રગટ થતાં રહે છે; એટલું જ નહિ પણ આવતે મહિને દુનિયાનાં મશહૂર શહેરોમાં આવેલાં પ્રખ્યાત થીએટરોમાં ક્યાં ક્યાં નાટકો, કયા કયા દિવસે ભજવાવાનાં છે એની યાદી, ને એમાં કયાં પ્રકીર્તિત નટનટીઓ ભાગ લેવાનાં છે, એની બાતમી પણ પ્રકટ કરવામાં આવે છે. ધન્ય છે, જેમણે દસ વર્ષમાં આટલી વિગતો એકઠી કરી–કરાવી દફતર સર્જ્યું એ આ કામના ખંતીલા કાર્યકરોને. આપણે એવાં થોડાં મ્યૂઝિયમોમાં જોઇશું, ત્યારે ત્યાંની સંગ્રહસમૃદ્ધિ જોઇને દંગ થઈ જઈશું. પણ એ તો જ્યારે જઈશું ત્યારે; પરંતુ ફક્ત દસ વર્ષમાં અમેરિકાના બે ખંડો અને

યુરોપ આખાનાં નાનાંમોટાં શહેરોની આ બધી વિગતોના કોઠા અનુસાર, આંકડા તૈયાર કરવા એ કંઈ નાનીસૂની વાત નથી. વળી દર વર્ષે એ 'વર્લ્ડ-થીએટર' નામનો એક દળદાર અંક પ્રગટ કરે છે, એમાં દેશદેશાવરની નાટ્ય પ્રવૃત્તિઓની સમાલોચના આમે જ કરવામાં આવે છે. આ બંને પ્રકાશનોમાં સુંદર ફોટોગ્રાફો તો ખરા જ. છપાઈ સ્વચ્છ, ને આખો ઉઠાવ આંખને ગમે તથા મનને પ્રફુલ્લ કરે એવો. આ સંસ્થા સાથે પારી(સ)ની થીએટર દ' નાસિયો, જુદીજુદી પ્રજાની નાટકશાળાઓ નામની સંસ્થા સંકળાએલી છે. એ દર સાલ ચારે ખંડમાં ભજવાએલાં નાટકોમાંથી શ્રેષ્ઠ નાટકોને પારી(સ)માં ભજવણી માટે બોલાવે છે, અને એક માસ સુધી ત્યાં એની રમઝટ જામે છે. એ પ્રવૃત્તિ સંબંધે પણ આ 'વર્લ્ડ-થીએટર'માં વિવેચન પ્રગટ થાય છે. વળી આ હેલસિન્કી પરિષદમાં જ જાહેરાત કરવામાં આવેલી કે નાટ્ય-થીએટર સંબંધી કેટલાક પારિભાષિક શબ્દોનો શબ્દકોષ તૈયાર થાય છે. એ ૧૯૬૦ની અધવચ્ચે તૈયાર થઈ છપાઈ પણ ચૂકયો ને અમારા હાથમાં આવી પણ ગયો છે. એકીસાથે આઠ ભાષામાં એ છપાયો છે: એટલે કે, અંગ્રેજીમાં 'કર્ટન' એટલે પરદો, તો એની સાથે ફ્રેન્ચ, જર્મન, ઇટાલિયન, સ્પૅનિશ, રશિયન, રૂમાનિયન ને ગ્રીક એમ આઠ ભાષામાં એ શબ્દ આપવામાં આવ્યો છે. થીએટરની દુનિયામાં જાતજાતના ખાસ અર્થના શબ્દો છે એ બધા અહીં એકઠા કરી સમજાવવામાં આવ્યા છે.

આ જરા બરાબર સમજવા આપણી રીતે જોઈએ: ભારતમાં કલકત્તામાં કે કોઈમ્બતુરમાં કેટલી નાટકશાળાઓ છે તે;યા દ્વિજેન્દ્રલાલ કે વિભાકર ક્યારે થઈ ગયા તેની, એમના ટૂંક જીવનવૃત્તાંત સાથેની સંકલિત હકીકત; યા જયશંકર, અહિન ચૌધરી, છબી વિશ્વાસ, મોતીબાઈ વગેરેએ કયાં કયાં પાત્રો, કયા કયા નાટકમાં ભજવેલાં એની સંગ્રહિત હકીકત; કે આપણી ચૌદ ભાષાઓમાં રંગભૂમિને લગતા શબ્દો સંસ્કૃતમાં 'રંગપીઠ' તો તામિલ, તેળુગુ, ગુજરાતી, મળયાળમમાં શું; યા આપણી ચૌદે ભાષામાં છેલ્લાં સો વર્ષમાં લખાએલાં નાટકોની યાદી–એમાંના કથાવસ્તુ, પાત્રસંખ્યા, કર્તાનાં નામ તથા ભજવણીની વિગતો સાથે,—આ બધું આપણા એક દેશ પૂરતું પણ આપણે ત્યાં નથી, નથી તે નથી; ચૌદ ભાષામાં દર સાલ ભજવાતાં નાટકો વિષે વિવેચના કરનારું એક પૂરુંપાધરું ચોપાનિયું નથી તે નથી*; ને એ કામ હાથમાં લેતાં કેટલી વીસે સો થાય છે એનો જ્યારે ખયાલ કરવા યા યોજના ઘડવા બેસીએ છીએ ત્યારે આઈ. ટી. આઇ.એ જુદાજુદા દેશોમાં સ્થાપેલાં કેન્દ્રો મારફત કેમ વિગતો એકઠી કરી હશે, કેટલી મુસીબતનું કામ શી રીતે પાર પડાવ્યું હશે, એની કંઈક ઝાંખી કરી શકાય છે.

વળી ત્યાં, યુરોપમાં એક 'ઈન્ટરનૅશનલ ફેડરેશન આવ ઍક્ટર્સ' છે—આંતરરાષ્ટ્રીય નટમંડળ; બીજું 'ઇન્ટરનૅશનલ યુનિયન ઑવ આર્કિટેકટ્સ છે. એ બંને આ આઈ. ટી. આઈ. સાથે સંકળાએલાં છે. એથી અભિનય કરનારાઓને જ્યાં અભિનય કરવો હોય, એ સ્થાન કહેતાં નાટકશાળા કેવા પ્રકારની હોવી જોઇએ એ નિશ્ચિત કરવામાં પોતાનો સાદ પુરાવી શકે છે. પપેટ, કઠપૂતળી, લોકનાટક, બાળનાટકો, વગેરે વિષયમાં પણ આઈ. ટી. આઈ.એ સુંદર સંશોધનકામ કર્યું છે, ને બાળનાટકો માટે કેવાં પ્રકારની ખાસ નાટકશાળાઓ હોવી જોઇએ એ વિષે પણ વારંવાર યુરોપને દોરવણીઓ આપ્યા કરી છે. દસ વર્ષ જેટલા ગાળામાં આટલી સિદ્ધિઓ હાંસલ કરી દર બબ્બે વર્ષે મળનારી આ પરિષદ હવે એની આઠમી બેઠક હેલસિન્કીમાં શરૂ કરે છે.

નાૅર્વેનો એક્સલ ઑટો નૉર્મેન એ નૉર્વેની નાટકશાળાઓમાં નાટકની રજૂઆત કરનારાઓની મંડળીનો પ્રમુખ; પોતે નાટ્ય-લેખક અને નાટકો ભજવનાર તથા રજૂ કરનાર વયોવૃદ્ધ નટ-દિગ્દર્શક; એણે એક ચર્ચા વખતે ૩૦ દેશોમાં તપાસ કરીને મહામહેનતે બાળકો માટે કેવાં નાટકો હોવાં જોઈએ એનો રીપોર્ટ રજૂ કર્યો ત્યારે બધાનાં આંગળાં દાંતમાં જકડાઈ ગયાં. કેટલીક સિદ્ધિઓ રજૂ કરવામાં આવી, અનુભવ ને તપાસને પરિણામે કેટલાક પ્રમાણભૂત સિદ્ધાંતો રજૂ કરવામાં આવ્યા: બાળકોએ એકલાં જ નાટક જોવું કે વડીલો સાથે જોવું, બાળનાટકોમાં બાળકોએ ભાગ લેવો કે મોટાઓએ સાથ આપવો, એમને માટેનું કથાવસ્તુ કેવું હોવું જોઇએ, એમને માટે નાટકશાળાની બાંધણી કેવા પ્રકારની ને કયાં હોવી જોઈએ વગેરે બાળમાનસથી માંડી જુદીજુદી ઉમરનાં બાળકોની ચિકિત્સા સાથે અથથી ઇતિ સુધીની વાતો રજૂ કરી બધાને છક કરી નાખ્યા. નૉર્વે સરકારનો આ સંશોધનમાં જબરદસ્ત ફાળો, અને આઈ. ટી. આઈ.ની દેખરેખ, પછી શું જોઇએ?

આમ, ત્રણ દિવસ સુધી વિવિધ વિષયો ઉપર ચર્ચા થઈ. એમાં સૌથી અગત્યની આ વર્ષ માટેની ચર્ચા 'આવાંગાર્દ' ઉપર હતી. આ સંમેલનોમાં એકેક અતિ પ્રખ્યાત વ્યક્તિને ખાસ મહેમાન તરીકે નોતરવામાં આવે છે, જે મુખ્ય ચર્ચાને સકળ પ્રતિનિધિમંડળ સમક્ષ રજૂ કરે છે. એ ચર્ચાસભાના એક પ્રમુખ અને એક ઉપપ્રમુખ નક્કી કરવામાં આવે છે, ને સવાર-સાંજ બે વિભાગમાં ચર્ચા ચાલે છે.

શરૂઆતમાં પ્રમુખ મિસ રોઝામૉન્ડ ગિલ્ડર, અમેરિકાની આઈ. ટી. આઈ.નાં ઉપ-પ્રમુખ અને જબરદસ્ત નાટ્ય વિવેચક, ખાસ મહેમાનની ઓળખાણ આપે ને પોતાનું વક્તવ્ય રજૂ કરે. પછી દેશેદેશના પ્રતિનિધિઓ એણે રજૂ કરેલા મુદ્દાઓને મઠારે તોડે યા સમર્થન કરે, એ બીજા વિભાગનું કામકાજ ઉપપ્રમુખ કરે,–તે ચન્દ્રવદન ગડેતા. અને ચર્ચા પછી તારવણી પ્રમુખ અને ઉપપ્રમુખ બંનેને માથે આવે. બંને સંમત હોય તો ઠીક, નહિ તો જુદાજુદા સૂર પણ કાઢે.

આ વખતના ખાસ મહેમાન તે યુજિન આઇનેસ્કો, રૂમાનિયાના પ્રખ્યાત નાટકકાર, ફ્રાન્સમાં વસનાર અને ફ્રેન્ચમાં પોતાનાં નાટકો લખનાર. નવી ઘાટીનાં, નવા બંધનાં અને નવી ભાતનાં નાટકો લખવા માટે એણે સારી કીર્તિ સંપાદન કરી છે. અંગ્રેજીમાં એનાં નાટકો સારા પ્રમાણમાં મળી શકે છે. એ તો આપણે એનું એકાદ નાટક જોવા જઈશું ત્યારે વાત. હમણાં એની આ 'આવાંગાર્દ' (એટલે કે પ્રગતિની પણ પ્રગતિ—મોખરાવાદ), ઉપરની ચર્ચા સાંભળીએ.

પણ જરા ધીરે; મને પડેલા ધ્રાસ્કાની ગત તો પહેલાં જુઓ! સાધારણરીતે તો આ નરની નાડી કોઈ ધ્રાસ્કા-ધ્રુજારાને વશ થઇને ધબકતી નથી; સભાક્ષોભ કે રંગમંચ ઉપર કદી ધબકારા થતા નથી; પણ આગલે દિવસે સાંજે જ્યારે આ જાહેરાત થઈ ત્યારથી જરા નર્વસ્નેસ શરૂ થઈ. હું કેવળ માંડમાંડ થોડુંઘણું અંગ્રેજી જાણનાર, તેણે અહીં યુરોપ ઉપરાંત બ્રાઝિલના પ્રખ્યાત નાટકકાર ઍન્ટોનિયો કમારા, ચિલીના રંગભૂમિની સજાવટ કરવામાં નિષ્ણાત એવા રેને ગુએસ્પિન, કોરિયાના નામાંકિત નાટકકાર ચિજીન યૂ, આઇસલૅન્ડના નટમંડળના પ્રતિનિધિ વાલુર ગિસ્લાસન, એમ દેશદેશના આવેલા એંશી ઉપરાંત નટ–નટી–નાટકકાર અને રંગભૂમિની અનેક આંટીઘૂંટીના કસબી જાણકારો તથા ઇંગ્લંડ–ફ્રાન્સ–નૉર્વે સ્વીડન તો પ્રમાણમાં નજીક,

ત્યાંથી દરેક દેશમાંથી આવેલા આઠદસ કલાકાર, જેમાં ફરી

*ભારતની ચૌદે ભાષાઓમાં લખાએલાં નાટકો તથા એમના લેખકોની એક યાદી, શ્રી ચન્દ્રવદન મહેતા, વડોદરા યુનિવર્સિટી ને ભારતીય નાટ્યસંઘના આશરા હેઠળ તૈયાર કરી રહ્યા છે. એનો પહેલો ભાગ છપાવાની તૈયારીમાં છે.—તંત્રી

વળતાં એક પણ એવો ન મળે કે જે રંગભૂમિના કોઈ પડખાનો ઉસ્તાદ ન હોય, એવા આ–બધા પોતપોતાની દિશામાં પાવરધા, ખડું, કસાએલા અને વિવિધ ભાષાઓના બોલનારાની આ સભાનું સંચાલન કેમ કરવું એની મગરૂરીભરી મૂંઝવણમાં હું સાંજે હોટેલની રૂમમાં જઈ જરા આડો પડ્યો અને મગજમાં ઊભરાતાં અનેક સ્વપ્નાં આડાંઅવળાં વિસ્તરવા માંડે, આંખ પાંપણ ન પાડે, એટલામાં તો બારણે ટકોરા! સફાળો ઊઠી ઉઘાડું છું તો, બે હસમુખી રમણીઓ બારણામાં ઊભી છે: એક છે મેરીઆટ્ટા; બીજી, મેરીઆટ્ટાએ ઓળખાણ કરાવી; 'માદામ ઈઈવા કાઆઆરીના વેલાનીન.'

'પધારો, બેસો.'

'ના, અમે બહાર બેઠાં છીએ, તમે તૈયાર થઇને આવો.'

'વૉરંટ?'

'હા.'

મારી તરંગમાળામાં ભારતની, ખાસ કરી મુંબાઈ, વડોદરા અમદાવાદની ખૂબ જ પરિચિત વ્યક્તિઓની હારમાળા રચાતી હતી: એમ, કે આવતી કાલે શ્રી ચંદ્રવદન મહેતા, કોઈના વ્હાલસોયા 'સી.સી.', કોઇના લાડકા 'ચાંદામામા' આ આંતરરાષ્ટ્રીય સંમેલનના પ્રમુખપદે બિરાજશે, ત્યારે કોઈ એકાદ જણ પણ એની ફૂલીને ફાળકો થઈ જતી કાયાને, મગરૂરીથી ઊભરાતા મનમર્કટને જોવા હાજર નહિ હોય! અને એને મઠારનાર, જરૂર પડયે ઠપકો આપનાર કોઈ પણ ન હોય તો અભિમાનના તોરમાં, સભાસંચાલનનો દોર આડોઅવળો ખેંચી નાખ્યો તો? યા માનો કે બધું સીધુંપાધરું ઊતર્યું, તો ત્યાં ખરેખર એકાદ જણ પણ આખરમાં એક મીઠું સંતોષનું મલકતું હાસ્ય ફરકાવનાર કોઈ હાજર નહિ હોય!

અને આ માન શાને માટે? બીજે દિવસે એક સભામાં ભરતાચાર્ય અને સ્ટાનિસ્લાવસ્કીના અભિનયકલા પરત્વેના સિદ્ધાંતોની સુગમ એવી વિવેચના કરી એથી? કે વ્યવસ્થાકલામાં પારંગત એવા અહીંના કાર્યકર્તાઓએ આ શ્રીમાન કોણ છે એની અગાઉથી રજેરજ માહિતી મેળવી લીધી હશે એથી? કોણ જાણે!

આપણે ઈઈવા કાઆઆરીનાને ઈવા કારીના કહીશું. મારીઆટ્ટા કહે: 'અહીં ફિનલૅન્ડમાં બે પ્રખ્યાત અભિનેત્રી: એક રૂથ સ્નેલમાન અને બીજી આ ઈવા, મારી સહિયર. સૂક્ષ્મ સંવેદનોવાળા અને આધ્યાત્મિક મનોભૂમિકાથી રંગાએલા પાઠ કરવામાં આ સન્નારી અજોડ છે.'

'યોગિની છે?' મેં પૂછ્યું.

'થતું પડયું છે.'

'એટલે?'

આ દરમ્યાન તોઅમે હોટેલની બહાર નીકળી ચૂક્યાં હતાં. ઈવાની ચાલમાં જ મુગ્ધ કરે એવું કામણ હતું. કપાળ દેદીપ્યમાન, બુદ્ધિધન થકી પ્રાપ્ત ગૌરવનું સૂચક હતું. હજી એક અક્ષર પણ બોલી નથી, એટલે સાદની સિરેહ માણી નહોતી.

સાંજ આથમતા મેરીઆટ્ટા અમને એક સરસ સ્થાન જોવા લઈ ગઈ. અહીં સાંજ આથમે એ માત્ર ઘડિયાળમાં; બાકી મધરાતે પણ અરૂપરુ અજવાળું તો ખરું જ. રાત્રે ઊઠીને ટાઢ છતાં બારી ઉઘાડી બહાર નજર કરતાં જે મુલાયમ, રમ્ય રેશમદોરે વણેલી અજવાળાની ઝીણી ચાદર સૃષ્ટિના પટ ઉપર વિસ્તરતી જોવા મળતી એ તો અહીં જોવા મળે જ શાની? અવર્ણનીય એનો રંગ; સફેદ પણ નહિ ને ધવલ–ધોળો પણ નહિ; દૂધળો ઊજળો પણ નહિ; હા રે, હેલસિન્કીમાં કોઈ ચિતારા નથી એવું થોડું જ છે? એ જ રંગે ભલભલાએ પોતાનાં ચિત્રો રસળાવ્યાં છે; મનોરમ, હૃદયંગમ, આહ્લાદક; સાંજના સાતથી મધરાત સુધી વ્યાપી રહેતી અવર્ણનીય શાંતિનાં પ્રેરક ચિત્રો; પણ અત્યારે એ આપણો વિષય નથી.

મેરીઆટ્ટાની ફ્રિાંસિયા બહેનપણી પારી(સ) જવા ઊપડી ગઈ હતી. આ એની અહીંની દોસ્ત, અને એ ભારતના એલચીને ઓળખે. એણે સાંજે ભારતના આ તમારા પ્રતિનિધિના માનમાં ખાણાનો નાનો મેળાવડો ગોઠવ્યો હતો. એના અતિ વિચિત્ર પણ મન ઠરે એવા ઘરમાં ગાંધીની છબી, નેહરુની છબી, વિવેકાનંદની છબી, નેપાલથી માંડી લંકા સુધીની જાતજાતની ફૂડીબંધ વસ્તુઓ; પંદરેક વર્ષ એમણે ભારતમાં કાઢ્યાં હશે. મૂળ તો ફિન; હેલસિન્કીના જ વતની. અને સાથે એમના એક મિત્ર તે પેન્શન ઉપર ઊતરેલા બુઝર્ગ કમાન્ડર–ઈન–ચીફ. સશક્ત, કદાવર, બાંધી દડીની હસમુખી વ્યક્તિ. દુનિયા જોએલી, ભારતમાં સારા પ્રમાણમાં મુસાફરી કરેલી, કરીઆપ્પા, થિમાયા, નેહરુને મળેલા. રસોઇમાં સ્વાદિષ્ટ ખીચડી, એમાં જાતજાતનાં રંધાએલાં શાક, ઘટ્ટ કઢી અને માવા–મલીદાની તો વાત જ શી? જે દેશમાં ભરપટ્ટે દૂધ મળે ત્યાં મીઠાઈની નવાઈ હોય ખરી?

મોજથી જમ્યા, મુલકમુલકની વાતો કરી. ઈવાએ યોગ પ્રાણાયામ ને ક્યાંક ઉપનિષદ ઉપરનો અભ્યાસ વ્યક્ત કર્યો. એક સંસ્કૃત જાણનારા અધ્યાપક પાસે એ હજી શીખે છે એ જણાવ્યું. જમીને કમાન્ડર–ઈન–ચીફની ગાડીમાં ઈવા, મેરીઆટ્ટા અને હું ચન્દ્ર-સૂર્ય વિનાના, સૂર્યની રમ્ય ચાંદની જેવા પ્રકાશમાં પશ્ચિમ દિશા તરફ, નાંતાળી તરફ, આરસી શા સ્વચ્છ રસ્તા ઉપર દિલ બહેલાવવા નીકળ્યાં. ઈવાએ બે પ્રકારની વાત કરી: એક પોતાની, બીજી ફિનલૅન્ડની રંગભૂમિના વિકાસની. 'સાડા ચાર કરોડની વસ્તીવાળા અમારા આ મુલકમાં સરકારના આશરા હેઠળ ચાલતાં ૩૫ ને ખાનગી સંસ્થાપિત ૮,૦૦૦ થીએટરો છે!'

'હેં?!' મારી તો છાતી જ બેસી ગઇ! તો તો એથી અરધી વસ્તીવાળા ગુજરાતમાં સોળ સરકારી અને ચાર હજાર ખાનગી થીએટરો હોવાં જોઇએ. અને મનમાં હું ગણવા બેઠો કે કેટલાં હશે......

'સાડાચાર લાખની અહીંની વસ્તી. એમાં બાર તો રોજ ભરાતી નાટકશાળાઓ છે. દર ચાળીસ હજાર માણસે એક નાટકશાળા. ચાળીસ વખત નાટક ચાલે તો આખું શહેર એ નાટક જોઈ શકે. અને ચાળીસ શું, સો સો વાર એક નાટક ભજવાય છે. ફિનાઈ ભાષા શીખવવાની શાળાઓ જ તો અહીં ૧૮૭૨માં ખુલી. (ત્યાં સુધી સ્વીડિશ ભાષા ચાલતી) અને એ જ ૧૮૭૨ની સાલમાં પહેલું થીએટર પણ બાંધવામાં આવ્યું. સોમવાર સિવાય રોજ નાટક થાય. રવિવારે સાંજે ભજવાય, અને દરેક નાટકશાળાએ દર સાલ દસ બાર નવાં નાટકો રજૂ કરવાનાં. અમારી પાસે અત્યારે દસ હજાર ઉપરાંત ઘડીબંધ નવા પોશાકો છે, અને એ દર સાલ વધતા રહે છે. એ રાખવા માટે અમારે એક ખાસ જગ્યા બાંધવી પડી છે. એમાં પચાસ હજાર પોશાક ટાંગી રખાય અને સચવાય એવી વ્યવસ્થા છે. ગઈ કાલ સુધી (એટલેકે ૧૯૧૭થી ૧૯૫૦ સુધી) આઇનોકાલીમા અમારી રાષ્ટ્રીય નાટકશાળાના વડા સંચાલક હતા. એ સ્તાનિસ્લાવ્સ્કીના શિષ્ય, રશિયન ફ્રેન્ચ અને સ્લાવિક નાટકો જાણે. હવે અમારા સંચાલક છે પ્રો. આરવી કિવિમા. કવિ, નાટકકાર, ડાયરેક્ટર, અને આ પરિષદના થંભ રૂપ. અમારા એ રાહબર છે. અમેરિકન નાટક સાહિત્યના એ નિષ્ણાત, ને પારી(સ)નાં થીએટરોમાં નાટકો રજૂ કરી ભારે કીર્તિ એમણે સંપાદન કરી છે.'

'તમે ફિનલૅન્ડ સિવાયના દેશનાં નાટકો પણ ભજવો છો?'

'શેક્સ્પીઅર ને મૉલિયેરનાં ઘણાં, ત્રણ ગ્રીક લેખકોનાં, ઉપરાંત ઈબ્સન, સ્ટ્રિન્ડબર્ગ, રાસેં, લેનોરમાંડ, સારમંટ, તમારી સાથે રહેતા જૅક્સ બર્નાર્ડ અનુઈ, ઝિરેડો, સાર્ત્ર, બેકેટ, કાલ્ડેરોન, બેનેવેન્ટે લૉર્કા,

પ્રીસ્ટલી, ઇલિયટ, મૉમ, ફ્રાઈ, ઍારબ્રાનૈ, તુર્ગેનેવ, ઝટ, શિલર, ગોઝી, ગોલ્ડોની, ટૅનેસી વિલિયમ્સ, આર્થર મિલર અને ફૅાકનરનાં નાટકોમાં તો મેં કામ કર્યું છે.' ધીમેધીમે એણે યાદી આપી. હવે બે જ સવાલ:

'ફિનલૅન્ડનાં તમારી દૃષ્ટિએ પ્રખ્યાત નાટકો કયાં ?'

''કિલિકિ કાલાસ એક સંસ્કારી ભણેલી બાઈ છે,-ચાળીસ બેતાળીસ વર્ષની. એનું પહેલું જ નાટક 'મી. પાર્ટી સેક્રેટરી.' સરસ છે, લોકપ્રિય છે. લોકશાહીની ખોડખાંપણ એવી તો ખૂબીથી ચર્ચી બતાવી છે, કે એમાંથી પ્રજાને ઘણું શીખવાનું મળે. બીજું, આંસીઓ રિસ્લાકીનું 'પુલ્મુ', અંગ્રેજીમાં 'ક્વાર્ટેટ'. લાપલાન્ડમાં ચાર વાંઢાઓની ચોકડી એકઠી થઇને બેઠી છે ત્યાં અચાનક એક સ્ત્રી આવી ચડે છે. પછી જુઓ જે મજા જામી છે તે. આ બે નવાં નાટકો. અને જૂના નાટકોમાં અમારું 'કન્ટ્રી કૉબ્લર'—'ગામડાના મોચી'. ૧૮૫૦ની આસપાસનું એ નાટક, આજ સો વરસે પણ તમને એ એટલું જ તાજગીદાર લાગશે. તમે અહીં ભજવાતું જોશો.''

'તમારે ત્યાં મોચીઓએ એ સામે વિરોધસભાઓ નથી ભરી ?' મને અમદાવાદમાં એક નાટક 'મોચીની વહુ' ભજવાયું ત્યારે જે ઝગડો થયો હતો તે યાદ આવતાં પૂછ્યું.

'છઃ છઃ નારે ના, અમે તે શું કોઈ સ્ટોન એઇજના લોકો છીએ?'

'તમને કયું નાટક બહુ ગમ્યું?'

'એડમન્ડ રૅાસ્ટાંનું સિરેનો દ બર્ઝેરેક.'

'પણ એ તો—એ તો...રોમાન્ટિક...'

'ટ્રૅજેડી છે; ખરું; પણ શું કરું? મારા ભાગ્યમાં પણ એવું જ કંઈ બન્યું. એટલું જ કે હું હજી જીવું છું, ગુજરી નથી ગઈ. રંગભૂમિ ઉપર આવી નહોતી તે પહેલાં હું કોકને ચાહતી. મેં એની ખૂબ જ સેવાચાકરી કરી; એ વગર કહ્યે એકાએક ચાલ્યો ગયો—'

'કોક બીજીને પરણવા—'

'ના; હું નથી જાણતી; જાણવું પણ નથી. મેરીઆટ્ટા જાણે છે. એને પૂછજો, એ તમને કહેશે. મને કહો આ પ્રેમ-બ્રેમ તે બધું-વૃત જ ને?'

'વ્રત—જ્યાં સુધી આપણે આપણા પોતામાંથી નિઃસ્વાર્થ થઇને આનંદ મેળવતા ન થઇએ ત્યાં સુધી. વ્રત તો કોણ જાણે, પણ પારાવારનું દુઃખ તો ખરું જ.'

'હું બહુ દુઃખી થઈ; જિંદગી વેરાન...'

'એવા બધામાંથી પસાર થવું જ પડે. એ અનુભવ છે; કડવોમીઠો છે, પણ જરૂરનો છે.'

'કેમ?'

'જિંદગી એટલે શું એની કંઈક સમજણ પડે, અને પછી જીવવા માટે કંઈક નવો કીમિયો શોધવા પ્રોત્સાહન મળે.'

'તમે પણ ઘવાયા લાગો છો?'

'ઘણા, પણ હવે ઘા લાગતા નથી. તટસ્થ દૃષ્ટિ ને તટસ્થ વૃત્તિ—'

'એ જ; ઉપનિષદોમાં હું એ જ શોધું છું. અને હું કોઈ ગૂઢ કોયડારૂપ ન થઈ જાઉં એટલા માટે રંગભૂમિ ઉપર મારી સંવેદનાઓ જાણતાં-અજાણતાં વ્યક્ત કરું છું.'

'તો તમે પાકાં નટ નહિ.'

'એમ કહો; તમે તો ઘણા હોશિયાર—'

'રંગભૂમિ ઉપર અજાણતાં કૈં વ્યક્ત કરાય જ નહિ. જાણીને જ. પ્રેક્ષક ભલે જાણે કે આ અજાણતાં બધી ક્રિયા થયા કરે છે. ઊર્મિવંટોળ ઉપર આપણો કાબૂ તો હોવો જ જોઇએ. નહિ તો ઝંઝાવાતમાં ઝડપાઈ કયાંના કયાં ફીંકાઈ પડીએ.'


લગભગ મધરાત થવા આવી હતી. અમે પાછાં ફરતાં હતાં પણ સમય જાણે સાંજનો જ હતો. મેરીઆટ્ટા અને કમાન્ડર ઈન-ચીફ આગળ બેઠાં હતાં. નટી અને નાટકકાર પાછળ બેઠાં હતાં. કુદરતનો અલૌકિક ચંદરવો માણતાં સૌ શાંત હતાં. ત્યાં, હું મારે ઉતારે ઊતર્યો તે પહેલાં, એક વાર ઈવાએ મારો હાથ પોતાના હાથમાં લઈ, ઊંચકી ચૂમ્યો: હથેલીના પાછલા ભાગ ઉપર, જ્યાં એનું આંસુ ટપકી પડયું હતું, એ ટચલી આંગળી પાસેનો ભાગ. હજી ચાહો તો આપને બરાબર બતાવી શકું એમ છું. (ચાલુ)


અનુસંધાન] **શતરંજ** [પૃષ્ઠ ૩૬૫થી

સમજાશે. આ દલીલ ઉપરથી શતરંજની વ્યૂહરચનાનો મૂળભૂત સિદ્ધાંત આકાર પામે છે.

આ સિદ્ધાંત છે વચ્ચેના ચાર ખાનાં—K4,Q4,K5 અને Q5નો 'કાબૂ' મેળવવાનો.

શતરંજમાં આ 'કાબૂ' શબ્દની વ્યાખ્યા સમજવા જેવી છે. જે ખાના ઉપર વિરુદ્ધ પક્ષનાં મ્હોરાં કરતાં આપણાં વધુ મ્હોરાંનો હુમલો આવી શકતો હોય તે ખાનું આપણા કાબૂમાં ગણાય. કોઇ ખાના ઉપર આપણું મ્હોરું મૂકવાથી જ તે ખાનાનો કાબૂ આપણને મળતો નથી. તેનો કાબૂ મેળવવા માટે ત્યાં મૂકેલા મ્હોરાને સામા પક્ષના જેટલાં મ્હોરાં મારી શકે તેમ હોય તેના જેટલાં જ કે તેથી વધુ મ્હોરાંથી તેનું રક્ષણ કરવું પડે છે.





આપણે 1P-K4 ચાલીએ તો આપણને K4નો કાબૂ મળ્યો ન કહેવાય, પણ Q5 અને KB5નો કાબૂ મળ્યો કહેવાય. (જુઓ ડાબી તરફની આકૃતિ) પણ જો આપણે 1P-Q4 ચાલીએ તો આપણને K5,QB5 ને Q4 એમ ત્રણ ખાનાંનો કાબૂ મળે. K5 અને QB5 પ્યાદાને લીધે એટલે કે એ ખાના પર આવનાર સામા પક્ષના કોઈ પણ મ્હોરાને આપણું પ્યાદું મારી શકે. અને Q4 વજીરને લીધે, કેમકે Q4 પર જવું પડે તો ત્યાં આપણા વજીરને જવા માટેનો માર્ગ મોકળો રહે છે. (જુઓ બાજુની જમણી તરફની આકૃતિ)

બૉર્ડના મધ્યનો કાબૂ મેળવવા માટે જુદીજુદી રીતો છે. કોઈમાં બન્ને પક્ષ શરૂથી જ મધ્યના કાબૂ માટે મુકાબલો કરે છે, તો કોઈકમાં એક પક્ષ બીજા પક્ષને મધ્યનો કાબૂ મેળવવા દઇને પછી પાછળથી તેના ઉપર જોરદાર હુમલો કરીને કાબૂ પાછો મેળવે છે.

આ હેતુને લક્ષમાં લઈને જ શરૂઆતની ચાલ ચલાય છે. તેની ઘણી પદ્ધતિઓ શોધાઈ છે. હવે પછી આપણે તે જોઈશું.

નોંધ: શતરંજને લગતા પ્રશ્નો ચર્ચતા ઘણા પત્રો અમને મળે છે. એના અધિકૃત ઉત્તરો તો લેખક પોતે વધુ સ્પષ્ટતાથી આપી શકે. એવો પત્રવ્યવહાર સીધો લેખક સાથે કરવો—અલબત્ત, જવાબ માટે પૂરતું પોસ્ટેજ બીડવું જરૂરી છે જ. સરનામું: શ્રી સુરેશ એમ. મોદી, ૬/૯ કંદહારી કૉલોની, ચેમ્બુર, મુંબઈ ૭૧. આ અંગેના પત્રો અહીં પ્રકટ કરવામાં નહિ આવે.



લેખક • સુરેશ મોદી

શતરંજની રમત શરૂ કરવા માટે આવશ્યક એટલું જ્ઞાન હવે આપણે મેળવી લીધું છે. રમત શરૂ કરવા માટે ૨૦ શક્ય ચાલ છે. રમત જેમ આગળ વધે તેમ આ શક્યતાઓ પણ વધતી જાય છે અને જેમ શક્યતા વધે તેમ શિખાઉ રમનારની મૂંઝવણ પણ વધે છે કે હવેની ચાલ કેમ ચાલવી.

એ મૂંઝવણ દૂર કરવાનો પ્રયત્ન હવે આપણે કરીશું અને સારી રમત કેમ રમવી એ જોઈશું. આને આપણે ચાર ભાગમાં વહેંચીએ, અને એના પહેલા ભાગમાં હમેશાં ખયાલમાં રાખવા જેવી અમુક સાધારણ બાબતો વિષે પ્રથમ વિચારીએ.

શતરંજની રમતને ત્રણ અસ્પષ્ટ વિભાગમાં વહેંચી શકાય છે: (૧) શરૂઆત—પહેલી દસબાર ચાલ કે જેમાં મ્હોરાંઓ જ્યાંથી વધુ ઉપયોગી થઈ શકે તેવી જગ્યાએ આવી જાય છે. (૨) મધ્ય—શરૂઆતનો વિભાગ પૂરો થાય ત્યારથી માંડી અંતનો વિભાગ શરૂ થાય ત્યાં સુધીનો વિભાગ. (૩) અંત—જ્યારે એવી સ્થિતિ આવે કે બેમાંથી એક પણ પક્ષ પ્યાદાને વજીર બનાવ્યા વિના જીતી શકે તેમ ન હોય. (અમુક રમતનો અંત આ પહેલાં જ આવી જાય છે.)

આ ત્રણ વિભાગમાં જુદીજુદી બાબતોનો ખયાલ રાખવાનો હોય છે. અને તેથી આપણે તેને અનુક્રમે બીજા ત્રીજા ને ચોથા ભાગમાં જોઇશું.

સાધારણ બાબતો વિષે સામા પક્ષના રાજાને મ્હાત કરવો એ શતરંજની રમતનો હેતુ છે અને દરેક ખેલાડીએ દરેક ચાલે તે હેતુથી જ ધીરેધીરે એ ધ્યેયની નજીક જવા પ્રયત્ન કરવો જોઈએ. હેતુ વિનાની, ફક્ત આપણી ચાલ છે એટલે મારે કંઇક ચાલવું રહ્યું, તેમ સમજીને કરાએલી ચાલથી આપણે ભાગે હાર જ આવવાની.

રમતની શરૂઆતમાં બન્ને પક્ષે સરખાં જ મ્હોરાં સરખી જ સ્થિતિમાં હોઈ રાજા ઉપરનો સીધો હુમલો સફળ ન બની શકે; એટલે આપણો વ્યૂહ ધીરેધીરે સ્થિતિ મજબૂત કરવાનો હોવો જોઈએ.

શરૂઆતમાં તમે વિચારેલ વ્યૂહ નિષ્ફળ જાય તો ગભરાવું નહિ. તે શાથી નિષ્ફળ ગયો તે ખયાલમાં રાખશો તો બીજી વખતે વધુ સારો વ્યૂહ ગોઠવી શકશો અને પરિણામે રમત સુધરશે. પણ લાંબા વિચાર વિનાની ચાલથી ક્યારેક (સામાની ભૂલને કારણે) તમે જીતશો તોપણ તમારી રમત કંઈ સુધરશે નહિ.

શતરંજના નિયમો જોતાં લાગશે કે જીતવા માટે સામા રાજાને મ્હાત કરવાનો હોય છે. વળી તે પણ સમજાશે કે તેમાં વધુ મ્હોરાંની જરૂર પણ નથી હોતી. તમારી પાસે ઓછાં મ્હોરાં હોય તો પણ જો પરિસ્થિતિ સાનુકૂળ હોય તો સામા રાજાને મ્હાત કરી શકો. પણ આવું બહુ જ થોડી રમતમાં (જેમાં જલદી મ્હાત કરવા માટે અમુક મ્હોરાંનો ભોગ આપવામાં આવ્યો હોય છે તેમાં) બને છે. મોટા ભાગની રમતમાં જેની પાસે વધુ મ્હોરાં (સંખ્યામાં નહિ પણ શક્તિમાં) હોય તે જ જીતે છે. જેની પાસે વધુ મ્હોરાં હોય તે બે કારણે જીતે છે. એક તો ધીમેધીમે સરખે સરખાં મ્હોરાંઓને સામસામા ખલાસ કરવાથી છેલ્લે અંતમાં જીત મેળવી શકે અને બીજું વધુ મ્હોરાં હોય તો તે વધુ મ્હોરાં વડે બીજાં વધુ મ્હોરાં મેળવવા શક્ય બને છે.


મોટા ભાગની રમતો આ રીતે રમાતી હોવાથી દરેક મ્હોરાંની કિંમત જાણવી આવશ્યક બને છે. સાધારણ રીતે તેની કિંમત નીચે પ્રમાણે અંકાય છે.

પ્યાદું—૧ અંક	હાથી—૫ અંક
ઘોડો—૩ અંક	વજીર—૯ અંક
ઊંટ—૩ અંક	રાજા—અમૂલ્ય

આ ઉપરથી સમજાશે કે તમે ઘોડાથી પ્યાદાને મારી શકતા હો અને બદલામાં તમારો ઘોડો મરતો હોય તો તેમ કરવું ડહાપણભર્યું ન ગણાય. વળી, ઊંટ કે ઘોડાના બદલામાં હાથીને મરવા દેવો તે પણ ડહાપણભર્યું નથી.

મ્હોરાંની આ કિંમત અચોક્કસ છે એટલે કે તેમાં વધઘટ થવા સંભવ છે. આનો એક જ દાખલો આપણે જોઇએ. હાથીની કિંમત ૫ અંક છે તેથી તેની કિંમત ૫ પ્યાદાં જેટલી થાય. પણ જો તમારી પાસે છઠ્ઠી હરોળ ઉપર બે બાજુબાજુની પંક્તિ ઉપર બે પ્યાદાં હોય અને સામે પક્ષે હાથી હોય તો પણ તમે જીતી શકો. આવા જોઇએ તેટલા દાખલા ટાંકી શકાય. છતાં ઉપરનો કોઠો સર્વમાન્ય છે, ને ઘણાખરા કિસ્સાઓમાં સંતોષકારક છે.

ઊંટ અને ઘોડાની કિંમતની સરખામણી વિના આ વિષય અધુરો જ ગણાય. લગભગ બધા શિખાઉ ખેલાડી ઘોડાને ઊંટ કરતાં અને કોઈક તો હાથી કરતાં પણ વધુ શક્તિશાળી માને છે. પણ એ ભૂલ છે. રમતની શરૂઆતમાં ઘોડો કદાચ ઊંટ કરતાં વધુ શક્તિશાળી લાગશે, પણ અંતમાં ઊંટ જ વધુ શક્તિશાળી છે. આના સમર્થનમાં બે દલીલો થઇ શકે. ઘોડાને આગળ વધતો અટકાવવા માટે તેની જ પંક્તિમાં ત્રણ ખાનાં આગળ ઊંટને મૂકી જુઓ અને ઘોડો કેટલો શક્તિહીન છે તે સમજાશે.



(જુઓ આકૃતિ) બીજું અંતની સ્થિતિમાં મ્હોરાંની મોટામાં મોટી જવાબદારી સામેનાં પ્યાદાને આઠમી હરોળે પહોંચીને તેને વજીર થતા અટકાવવાની હોય છે. આ માટે ઘોડા કરતાં ઊંટ વધુ કામ આપે છે.

બિનઅનુભવીને ઘોડો વધુશક્તિશાળીલાગે તેનું કારણ એ છે કે વજીર ઉપર તે વગર ટકે હુમલો કરીને તેને ભગાડી શકે છે. વળી તેની અટપટી ચાલને લીધે તે બીજી ચાલમાં ક્યાં જશે અને એક સાથે બે કે વધુ શક્તિશાળી મ્હોરાં ઉપર હુમલો કરશે તેનો ડર રહે છે.

આ ડર દૂર કરવા માટે થોડી મહેનત કરવા જેવી છે. બૉર્ડ અને એક ઘોડો લઈ ને તે એક બે અને ત્રણ ચાલમાં ક્યાં ક્યાં જઈ શકે છે તેટલું જોશો તો તેની અટપટી ચાલમાં ભૌમિતિક સમાનતા દેખાશે. આ સમાનતાઓનો ખયાલ રાખવાથી બે લાભ થશે. એક તો સામાના ઘોડાનો નકામો ડર નહિ રહે જેથી ઘોડાના બદલામાં ઊંટ મરવા દેવાની ભૂલ નહિ કરો. બીજું તમારા ઘોડાનો પૂરેપૂરો લાભ લેતાં શીખી જશો.

મ્હોરાંની કિંમતમાં વધઘટ થતી હોવાથી મ્હોરાંનું સમતોલપણું રાખવા ઉપરાંત તેને એવી સ્થિતિમાં રાખવાં જોઇએ કે જ્યાં તેની કિંમત વધુ રહે અથવા તો જ્યાં તે વધુ અસરકારક નીવડે. મ્હોરાંની અસરનું માપ તેને ફરવા માટે મળતી છૂટ ઉપરથી નીકળે છે. દરેક મ્હોરાંને તે બૉર્ડની વચમાં હોય ત્યારે વધુ છૂટ રહે છે તે સહેજે (અનુસંધાન પૃ. ૩૬૪)

જ્યોતીન્દ્ર માનશંકર ભટ્ટ


લેખક • ખોડીદાસ પરમાર

ઝરમર ઝરમર વરસતા એક શ્રાવણની સાંજે ભાવનગરમાં બે મિત્રો રખડવા નીકળેલા. ઝરમરે ભીંજાતા ઘરશાળા પાસે આવ્યા ત્યારે મન થયું, ચાલો જગુભાઇ શાહના ચિત્ર-વર્ગમાં જઇએ. મને નક્કી કર્યું ને પગે આચરણ કર્યું, ને જગુભાઈના કલાવર્ગમાં પહોંચી ગયા.


જેવા દાખલ થયા કે સામે ઓસરીમાં એક પાતળો, કંઈક ઊંચો, શ્યામ, ચોરસ મોઢાવાળો વિદ્યાર્થી પોપટનું ચિત્ર દોરતો હતો. ઓસરીમાં જ તેની પાસે બેસી ગયા અને આનંદથી તે જોવા લાગ્યા. ત્યાં તો જગુભાઇ આવ્યા ને અમને કહ્યું 'આ જ્યોતિભાઈ ભટ્ટ પક્ષીઓનાં ચિત્રો તો બહુ જ સરસ આલેખે છે.' આ જ્યોતિભાઈનું પ્રથમ મિલન.

દોઢેક મહિના પછી આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં લેવાતી ડ્રૉઈંગની પરીક્ષામાં પાછા સાથે થઇ ગયા. ડિઝાઇનમાં સુરાહીનો આકાર પુછાએલો તેમાં જ્યોતિભાઇએ મોરલાની એવી સુંદર ડિઝાઈન યોજેલી કે અમે બધા તો જોઈ જ રહ્યા! તેના પર પરીક્ષામાં તેમને ઇનામ મળે એમાં શી નવાઇ?

ભણતરનો એકડો જ્યોતિભાઈએ ઘરશાળાના બાલમંદિરમાં ઘૂંટ્યો ત્યારથી તે મૅટ્રિક



'નર-નારીની જોડ' ૧૯૫૮
બૉમ્બે આર્ટ સોસાએટીના પ્રદર્શનમાં
પારિતોષિક પ્રાપ્ત કરનારું તૈલચિત્ર



પ્રદ્યુમ્ન તન્ના

આનંદની વાત છે કે 'કુમાર'ના બે પરિચિત ગુજરાતી કલાકારો શ્રી પ્રદ્યુમ્ન તન્ના તથા શ્રી જ્યોતિ ભટ્ટને કલાના અનુસ્નાતક અભ્યાસ માટે ઇટાલિયન સરકારની શિષ્યવૃત્તિ મળી છે. આ અંક વાચકોના હાથમાં હશે ત્યારે–૧૯મી ઑક્ટોબરે તેઓએ ઇટાલી માટે પ્રસ્થાન કર્યું હશે. આવતા જૂન માસ સુધી એ દેશમાં વિવિધ વિષયોના અભ્યાસ કરવા માટે જાહેર થએલી દસ શિષ્યવૃત્તિઓમાંથી ત્રણ ચિત્રકળા માટે અપાઈ છે, જે પૈકી શ્રી પ્રદ્યુમ્ન તન્ના રોમ અને શ્રી જ્યોતિ ભટ્ટ તથા ત્રીજા એક શ્રી ગજાનન ભાગવત ફ્લૉરેન્સ જશે. ત્યાંની ટ્યૂશન-ફી તથા વીમા-ખર્ચ ઉપરાંત ત્યાંના વસવાટ માટે એમને પ્રત્યેકને દર માસે રૂ. ૪૬૦ જેટલી રકમ મળશે. એ બંને ભાઇઓને અમે અભિનંદન આપીએ છીએ, અને તેઓ આજના અનુકરણના વાવાઝોડામાં ન લપટાતાં પોતપોતાની જે આગવી ચિત્રશૈલી ધરાવે છે તે દ્વારા ભારતીય કળાની વિશિષ્ટતા સ્થાપશે અને વિકસાવશે એવી આશા સાથે તેમને યશ ઇચ્છીએ છીએ.

સુધી તેઓ એ શાળામાં જ ભણ્યા. ત્યાંનું વાતાવરણ તદ્દન સ્વતંત્ર. જ્યોતિભાઇ વર્ગમાં બેસે ને શિક્ષક ભણાવવા આવે કે જ્યોતિભાઇની પેન ચાલુ થઈ જાય અને શિક્ષકના 'સ્કેચ'થી પાનું ભરાઈ જાય. આમ લગભગ દરેક 'અવરે' શિક્ષકનું એકાદ રેખાંકન કરી નાખે. કોઈ વાર થોડી મસ્તી પણ કરી લે. સાંજે છૂટી મળે કે તરત ઊપડે જગુભાઈના કલાવર્ગમાં. તે વખતે શ્રી જગુભાઇ શાહ ઘરશાળામાં કલાશિક્ષક. આજીવન કલાર્થી તેમજ ખરેખરા શિક્ષક જગુભાઇએ ઘરશાળામાં ચિત્રકળાનું એવું તો વાતાવરણ જમાવેલું કે વિદ્યાર્થીઓ



જ્યોતિ ભટ્ટ

હોંશે હોંશે એમના કલાવર્ગમાં જાય અને એમની સ્નેહભરી દોરવણી નીચે લહેરથી કામ કરે. જગુભાઇ પણ સવારથી રાત સુધી કલાવર્ગમાં જ હોય. એકેએક વિદ્યાર્થીને મનભર પ્રોત્સાહન આપે અને પ્રફુલ્લિત બનાવી દે. આવા કલાશિક્ષક પાસેથી ન મળે તેટલું ઓછું. અને જ્યોતિભાઇએ પણ એમની પાસે રહી ઘણી જ પ્રગતિ કરી લીધી અને થોડાં મૌલિક ચિત્રો ઉપરાંત તેમણે શ્રી નંદલાલ વસુના એક ચિત્ર (દ્યુત રમતા યુધિષ્ઠિર અને શકુનિ)ની ૬×૫ ફૂટ મોટી અનુકૃતિ પણ સુંદર રીતે કરી.

એ અરસામાં તેઓ ૧૧મી શ્રેણીમાં હતા, પણ તેમનો કલાકાર આત્મા પુસ્તકિયા જ્ઞાન કરતાં પીંછીના કસબમાં વિશેષ મોહેલો; એટલે ૧૯૪૯ના અરસામાં તેઓ અભ્યાસ મૂકીને વડોદરા ફાઇન આર્ટ્સ કૉલેજમાં દાખલ થયા ને 'પેઇન્ટિંગ'નો અભ્યાસ શરૂ કર્યો. ખ્યાતનામ કલાકાર શ્રી એન. એસ. બેન્દ્રે તેમજ શ્રી સુબ્રહ્મણ્યમની રાહબરી નીચે તેઓ ખંતથી અભ્યાસ કરવા લાગ્યા, ને સાથોસાથ મૅટ્રિક પણ પાસ કરી નાખ્યું અને ડિપ્લોમા પરીક્ષામાં પ્રથમ આવ્યા.


પિતાની આર્થિક સ્થિતિ સાધારણ હોવાથી તેઓએ વડોદરા જઈ પોતાનું ખર્ચ બને તેટલું માથે ઉપાડી લેવાનો પ્રયત્ન કરેલો. પોતે વડોદરામાં જે કુટુંબ સાથે રહેતા તેમને ઘરકામમાં મદદ કરીને એ દ્વારા થોડું કમાઈ લેતા. પછી તો ચિત્રો પણ વેચાવા માંડેલાં ને પોતે અમુક ધંધાદારી કામ પણ કરી લેતા.

ડિપ્લોમા પાસ થયા પછી ભારતમાં યોજાતાં પ્રદર્શનોમાં તેઓ પોતાની કૃતિઓ રજૂ કરવા માંડયા; અને તેમાં દર વખતે તેમને એકાદ પારિતોષિક તો અચૂક મળતું. ૧૯૫૬માં દિલ્હી લલિતકલા અકાદમીના રાષ્ટ્રીય પ્રદર્શનમાં રૂા. ૧૦૦૦નું ઇનામ ને સર્વોચ્ચ ચિત્ર માટેનો સુવર્ણચંદ્રક તેમને એનાયત થયાં. એ ચિત્ર 'કૃષ્ણલીલા' અત્યારે દિલ્હીના નૅશનલ મ્યૂઝિયમમાં છે. ત્યાર બાદ બીજાં ઘણાં રોકડ ઇનામો મળ્યાં. 'બૉમ્બે આર્ટ સોસાઍટી'નો રૌપ્ય-પદક પણ મળ્યો. ઉપરાંત, તેમની કૃતિઓ જાપાન, ફ્રાન્સ વગેરે દેશોમાં પણ પ્રદર્શિત થઇ તથા વેચાઈ છે.


પછી તો ભારત સરકારની ઉચ્ચ અભ્યાસ માટેની સાંસ્કૃતિક શિષ્યવૃત્તિ એમને મળી. વળી પાર્લમેન્ટ હાઉસ માટે બે મોટાં ચિત્રો કર્યાં: એક 'પુલકેશીના દરબારમાં ઈરાનના દૂતો' અને બીજું 'કુમારજીવની ચીનની મુસાફરી'. અત્યારે તે વડોદરા ફાઇન આર્ટસ કૉલેજમાં પેઇન્ટિંગ વિભાગમાં લેકચરર છે.

માનવીના વિવિધ પોશાક, તેનાં ઘરેણાં, ઉપસ્કરો, ગૃહસાધન વગેરેના અભ્યાસના એ ખૂબ શોખીન. જ્યાં જાય ત્યાં ત્વરિતાલેખનથી પોતાની ટાંચણપોથીમાં સરળ ગતિભરી રેખાઓમાં ઉતારી જ લે. ઉપરાંત પશુપંખી ને માનવીની સંખ્યાબંધ લાક્ષણિકતાની નોંધોથી તેમની સ્કેચબુકો ભરી છે.

સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિના તો તેઓ ખૂબ જ ચાહક. કોઇ રમણીય સાંજે વડોદરા ફાઈન



'એકાકી' (૨×૨½ ફૂટ) ૧૯૫૮ જર્મનીમાં યોજાએલા પ્રદર્શનમાં વેચાએલું




'પઢો રે પોપટ રાજા રામના' (૩×૨ ફૂટ) ૧૯૬૧ (ઑઇલ ઍન્ડ વૅક્સ)



'વૂમન ઈન વ્હાઈટ' (૪×૨½ ફૂટ) ૧૯૫૯
'ધોયોધફોયો મારો સાડલો રે,
પગલીનો પાડનાર ઘોને રન્નાદે.'



'ભમ્મરિયા કૂવાને કાંઠડે' (૪×૩ ફૂટ) ૧૯૫૯ (ગ્વાલિયર રેયૉન મિલના સંગ્રહમાં)
"પોપટ', 'દીવા-દીવડીઓ' વગેરેની પેઠે મારા વારંવાર પુનરાવર્તન પામતા વિષયોમાં આ પણ એક છે: 'રાહ જોતી સ્ત્રી'. જોકે શાની કે કોની, એ પ્રશ્નનો જવાબ મારી પાસે નથી."



'વિષાદ' (૩×૨½ ફૂટ) ૧૯૫૬ "પોસ્ટ ડિપ્લોમા પરીક્ષા આપી દીધી હતી; હવે શું કરવું એ પ્રશ્ન હતો; કૌટુંબિક પરિસ્થિતિ પણ ગજબની હતી. ત્યારે આ ચિત્ર ચીતરાએલું."

આર્ટ્સ કૉલેજના પ્રાંગણમાં ઘણાએ જ્યોતિભાઇ પ્રેરિત સૌરાષ્ટ્રની ગરબીઓ ગાતા વિદ્યાર્થી-સમૂહને જોયો હશે. તબલાંની થાપે ને ગીતની હલકે કાશ્મીરી, બંગાળી કે મરાઠી ભાષાના ભેદ ભૂલીને બધા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ ત્યાં ગરબી લે છે અને મોટે ભાગે જ્યોતિભાઈ જ ગવડાવે છે:

કુંજલડી રે સંદેશો અમારો
જઇ વાલમને કે'જે જી રે.


સૌરાષ્ટ્રના મોટા ભાગના ગ્રામલોક હજી સાવ કોરી સ્લેટ જેવા વણલખાયા, શુદ્ધ; હજી એ પોતાની જૂની રૂઢ સંસ્કૃતિ ને સંસ્કારો જાળવી રહ્યા છે. રામાયણનાં રામ સીતા, ગોપીઓ અને કા'ન, ને લોકવાર્તાનાં પાત્રોની ભરચક રસસમૃદ્ધિ તેઓ રસથી માણે છે અને પોતાની કલ્પના પ્રમાણે તે પાત્રોને આલેખે છે. આ જ પાત્રોને જ્યારે જ્યોતિભાઈ ચીતરીને તેમનાં મંદિરો કે ઘર સજાવે છે ત્યારે તેઓ મંત્રમુગ્ધ થઈ જાય છે. ગામડાં ભમવાના શોખીન જ્યોતિભાઈ જે કોઇ ગામે જાય તેના ચોરા કે મંદિરમાં અચૂક ચિત્રો આળેખી જ આપે. ભૂરી ગળી, પીળો રંગ, લાલ ગેરુ ને મેશ, આ રંગો લઇ વાંસની સળી પર રૂ વીંટીને ભીંત પર માંડે ચીતરવા, ને બહુ જ ઓછાં સાધનથી સુંદર ચિત્રો સર્જાવે. તેમાં રામ-સીતાનાં ચિત્ર હોય, લોકજીવનના પ્રસંગો હોય ને ગામડાંની મહિયારીઓ પણ હોય.

સીતા અને કનકમૃગનું આવી જ રીતે કરેલું એક ચિત્ર મેં એક ગામના ખેડૂત ભાઇના ઘેર જોયું. પૂછ્યું, 'આ કોણે કર્યું?' તો કહે ભાવનગરવાળા એક જોતીભાઇ આવેલા ઇણે. કેવું રૂપાળું સીતર્યું સે! સીતા રામને મરઘ્યો બતાવે સે; મરઘ્યો તો કેવો, માંકડા ડેર રોઓ સે! ને તેણે લોકગીતની પંક્તિ બોલી નાખી:

"રાજા તે રાવણનો મરઘલ્યો રે
વનસંપતિ સરી સરી જાય,
રામ રે રામ ઓલ્યા મરઘ્યાને માર્યે,
મરઘ્યો મારી મને કાંસળી શીવરાવ્ય."

અને જ્યોતિભાઇ માને છે પણ ખરા કે લોકકળામાં લોકસમજને રજૂ કરવા માટે તેઓની મનોકલ્પનાનાં પાત્રોને તો લોકોની જ હથોટીએ સાદી રીતે આકાર આપવો જોઇએ. રામાયણ, મહાભારત અને ભાગવતના નાનાનાના પ્રસંગો ગામેગામની દીવાલો પર, મંદિરો વગેરે જગ્યાએ ચીતરવાં જોઇએ અને લોકોને તેમાં રસ લેતા કરવા જોઇએ. આ માન્યતાથી જ તે જ્યાંજ્યાં જાય છે ત્યાં ચોરા કે ઠાકરદ્વારાની ભીંત પર ચિત્રો આળેખી દે છે.


આધુનિક (મૉડર્ન) તેમજ પરંપરાગત શોભનશૈલીમાં, બંને ઢબે જ્યોતિભાઈ સુંદર કામ કરે છે. હવે તો મોટે ભાગે તેઓ આધુનિક ઢબે જ વધારે કામ કરે છે. તેમાં 'દીવાઓ'ની તો એકઆખી ચિત્રમાળા કરીછે, જેમાં સૂરજ, ચાંદાથી માંડી કોડિયાં સુધી નાના પ્રકારનાં ફાનસો ને દીવા-દીવડીઓનાં તેમણે લાક્ષણિક ચિત્રો કર્યાં છે. કોઇમાં દીવા સાથે માનવ-આકૃતિઓ પણ ગોઠવી છે. આ ચિત્રોની રચનાઓમાં એમણે 'ટેક્ચર' (ચિત્રના વણાટ) અને લાઇન (રેખાગૂંથણી) ઉપર વિશિષ્ટ ભાર મૂક્યો છે. સર્વ ચિત્રોમાં રેખાની સમભાર ગોઠવણી, તેમજ એકબીજીનું છેદન અને તે દ્વારા ઉપસતું ચિત્રનું પોત તેઓ બહુ જ ખૂબીથી રજૂ કરે છે. સાથોસાથ એમની રંગાવટ પણ ખૂબ જ સમરસ છે. આપણે ઝુમ્મરનો ત્રણ પાસાંવાળો કાચ આંખ આગળ રાખીને જોઇએ ને તેમાં જે રંગલીલા દેખાય, જેમ એકબીજામાં રંગો મળીને નવા રંગ ઉત્પન્ન



'બળતા બપોરે' (૨×૧½ ફૂટ) ૧૯૫૮
"ઉનાળાની રજાઓમાં સૌરાષ્ટ્રમાં રખડપાટ કરેલી ત્યારે તડકાનો આંખોને આંજતો જે અનુભવ થએલો તેને ઉતારવાનો પ્રયત્ન"



'જીવનની કરાળતા' (?) (૩×૩½ ફૂટ); ૧૯૫૬ તૈલરંગી
બહારથી નહોરવાળી ખરીઓ (પગ) અને સાપની ફેણ જેવી પૂછડી-વાળું, કરાળ રૂપધારી જીવન રૂપી પ્રાણી અંતે તો મંગલસ્વરૂપ નંદી છે.



'મુખડા ક્યા દેખો દરપન મેં' જર્મનીમાં વેચાઈ ગયું



'હટાણે' (૨½×૧½ ફૂટ) ૧૯૫૬ (એગ-ટેમ્પેરા અને વૉટર કલર)
શ્રી દીનુભાઈ અમીનના સંગ્રહમાં

થાય, તેવા જ સુંદર રંગો જ્યોતિભાઇનાં દીપમાળાનાં ચિત્રોમાં છે.

હમણાં હમણાં વળી એમણે સ્ત્રી ને પોપટની ચિત્રરચનાઓ શરૂ કરી છે. વિવિધ કોણથી અને અવનવાં દૃષ્ટિબિન્દુથી આ ચિત્રો તેમણે દોર્યાં છે. એમાં પણ રેખાનો સુંદર વિનિયોગ તેમણે કર્યો છે. નાની નાની કપચી જડીને જેમ કોઈ માનવ-આકૃતિ કરી હોય ને તેમાં જેમ વચ્ચે વચ્ચે અનિયમિત કાપા આવે તેવી રીતે તેમનાં આ ચિત્રોમાં તેઓએ માનવ-આકૃતિમાં આવીજાતની રેખાઓનો સુમેળ રચ્યો છે.

પોતાનાં ચિત્રોની ઓળખ માટે તેઓ ઘણી વાર લોકગીતની પંક્તિઓ જ મૂકે છે: જેમ કે, 'પઢો રે પોપટ રાજા રામના' કે 'બાઈનો ફાંદો જાણે પૂનમનો ચાંદો' વગેરે.

ભારતીય પરંપરાગત શૈલીનાં તેમનાં ચિત્રો તો બેશક સુંદર છે. તેમાં પાત્રોની લાક્ષણિકતા સાથે બારીક નિરીક્ષણ અને તે તે વસ્તુ પાછળનો ખંતભર્યો અભ્યાસ દેખાઈ આવે છે. તેમના 'કૃષ્ણલીલા' ચિત્રમાં ઝાડના થડની બખોલમાં દેખાતો પક્ષીનો માળો, કે વસુદેવના જમણા હાથે તોફાવેલું વીંછીનું ત્રાજવું, ગોમતી ગોવાલણ અને જેલનો સિપાહી કે દુંદવાળા શેઠનાં પાત્રોની રજૂઆત પાછળનો તેમનો અભ્યાસ સ્પષ્ટ થાય છે. 'પાર્લમેન્ટ હાઉસ' (લોકસભા) માટેનાં તેમનાં બંને ચિત્રોમાં પણ ચિત્રવસ્તુને અનુરૂપ મધુર રંગો તેમજ કુમાશભરી રેખાઓ, બંને કમનીય છે.

જ્યોતિભાઇનો જન્મ ભાવનગરમાં થયો. પિતા શ્રી માનશંકર ભટ્ટ મન તેમજ શરીરે સુદૃઢ. લોકહિતનાં કામ માટે હમેશાં તત્પર એ માનભાઇના ગુણો પણ જ્યોતિભાઇમાં ઊતર્યા છે. માતુશ્રી હીરાબેન પણ ખૂબ જ માયાળુ અને કૂંળા સ્વભાવનાં. તેમનો વારસો તો પુત્રમાં હોય તેમાં શી નવાઈ? આવા સંસ્કારી કુટુંબના પુત્ર જ્યોતિભાઈ ખૂબ સુશીલ, માયાળુ ને સંવેદનશીલ છે.



નૃત્યાંગના કુ. પૂર્ણિમા ભગવતી

લેખક · સુનીલ કોઠારી

૧૯૫૭ના ડિસેમ્બરમાં શ્રીમતી મૃણાલિની સારાભાઈની સંસ્થા 'દર્પણ'ના આશ્રયે અમદાવાદના ટાઉન હૉલમાં 'રામાયણ'ની નૃત્ય-નાટિકા રજૂ થઈ હતી. એ સુંદર કાર્યક્રમ પ્રત્યે નેપથ્યે જઈ હું કુ૰ દુર્ગા નામે નૃત્યાંગનાની પૃચ્છા કરતો હતો ત્યાં મૃણાલિનીબહેને અહલ્યાની ભૂમિકા ભજવનારી છુટ્ટા વાળમાં શોભતી એક કુમારિકાનો પરિચય કરાવ્યો: 'આ પૂર્ણિમા ભગવતી.' આ પ્રથમ પરિચય.

ત્યાર બાદ ઈ. ૧૯૫૮ના એપ્રિલમાં નવી દિલ્હીમાં યોજાએલા 'નૃત્ય-સમારોહ અને પરિષદ'માં એણે તથા કુ૰ દર્શિની ચિનુભાઇએ 'ગીતગોવિન્દ' નૃત્ય-નાટિકામાં સખીની ભૂમિકા ભજવી તેની આગલી રાત્રે આસામનાં નૃત્યો રજૂ થયાં હતાં, ત્યારે નિખાલસતાપૂર્વક પૂર્ણિમાએ મને એ નૃત્યો ન સમજાતાં એ વિષે ટીખળ કરવાને બદલે જિજ્ઞાસુભાવે પ્રશ્નો પૂછેલા. ત્યારથી જ એ કલાકારના ખંતીલા, નિરભિમાની સ્વભાવ માટે મને આદરભાવ જન્મ્યો હતો. દિલ્હી પછી એ 'ગીતગોવિન્દ' મેં મુંબાઈમાં પણ ત્રણ વાર જોયું હતું અને એમાં પૂર્ણિમાનું શુદ્ધ નૃત્ત અને ભાવાભિનય સહનું નૃત્ય જોઈ પ્રભાવિત થયો હતો. એટલે ગઈ ૨૪મી ઑગસ્ટે અમદાવાદમાં પૂર્ણિમાનું 'અરંગેત્રમ્' ગોઠવાયાનું જાણ્યું ત્યારે એ આશાસ્પદ નૃત્યાંગનાની લગનીથી મને આનંદ થયો.

નૃત્યશિક્ષણનો અભ્યાસક્રમ પૂરો થયા બાદ જાહેર રંગમંચ ઉપર પ્રથમ વાર કરાતું એકલ નર્તન (સોલો ડાન્સ) અરંગેત્રમ્ નૃત્યાંગનાની કસોટી સમું હોય છે. આપણે અગાઉ 'કુમાર'માં સર્વશ્રી બાલાસરસ્વતી, રુક્મિણીદેવી એરુંડેલ અને મૃણાલિની સારાભાઈના ચરિત્રલેખોમાં અરંગેત્રમ્ વિષે વિધિ નોંધી છે. આ વિધિ દક્ષિણ ભારતમાં હવે રોજની વાત થઈ છે. મુંબાઈ, કલકત્તા, બૅંગ્લોર, મ્હૈસૂર, મદ્રાસ અને દિલ્હી જેવાં શહેરોમાં પ્રત્યેક સપ્તાહે કોઈ ને કોઈ નવોદિતા નૃત્યાંગનાના અરંગેત્રમ્નો કાર્યક્રમ હોવાનો જ. એ ભરતનાટ્યમ નૃત્યની વ્યાપક લોકપ્રિયતાનું દ્યોતક છે. ગુજરાતી કન્યાઓ છાશવારે મણિપુરી નૃત્યો અને ગરબા જ કરી જાણે છે એ મેણું શ્રીમતી મૃણાલિની સારાભાઈની નૃત્ય-પ્રવૃત્તિએ ભાંગ્યું છે અને દક્ષિણ ભારતીય કન્યાઓ પેઠે જ ગુર્જર કન્યાઓ આ પ્રકારમાં પારંગત થઈ શકે છે અને દક્ષિણ ભારતની આ મોંઘેરી કલાને આત્મસાત્ કરી શકે છે તે પુરવાર કર્યું છે.



કુ. પૂર્ણિમા

અમદાવાદનાં નાટ્યરસિકોને ગુજરાતની અવેતન રંગભૂમિના નામાંકિત અદાકાર શ્રી હીરાલાલ ભગવતીનું નામ તો અજાણ્યું નહિ જ હોય. એક સમયે ખૂબ જાણીતી સંસ્થા 'રંગમંડળ'ના તેઓ પ્રમુખ પણ હતા. એમણે મૃચ્છકટિકમાં (૧૯૪૧) શકારની, તથા અમેરિકન નાટ્યકાર મોસ હાર્ટનાં ત્રણ નાટકો 'સાથે શું બાંધી જવાના'–યૂ કાન્ટ ટેઇક ઇટ વિથ યૂ-(૧૯૪૮), મોંઘેરા મહેમાન–એ મૅન હૂ કેઈમ ટુ ડિનર-(૧૯૫૧), અને 'મહાત્મા ગાંધી એક રાત અહીં રહ્યા હતા' –જ્યૉર્જ વૉશિંગ્ટન સ્લેપ્ટ હીઅર વન નાઈટ–(૧૯૫૬) ઇત્યાદિ નાટકોમાં ભૂમિકાઓ ભજવી છે. આ સિવાય 'ગીતગોવિંદ'માં (૧૯૪૫માં) રાજકવિ ગોવર્ધન શર્માની ને 'ધ્રુવસ્વામિનીદેવી' નાટકમાં (૧૯૩૮માં) પણ ભૂમિકા ભજવેલી. આવા નાટ્યપ્રેમી કલાકાર પિતા અને શ્રીમતી પ્રભાવતીબેનના સન્તાન પૂર્ણિમામાં કલાપ્રેમ સહજ રીતે વારસામાં મળ્યો છે. બે પુત્રો ઉપરાંત એ દંપતીની એકની એક કન્યા એટલે માતા-પિતાની પ્રિયભાજન. ભણવામાં પણ નાનપણથી જ પૂર્ણિમા પારંગત. શાળામાં પ્રથમ શ્રેણી મેળવે. ગવર્નમૅન્ટ ગર્લ્સ સ્કૂલમાં અભ્યાસ કરતી વખતે ગાંધીજયંતી પ્રસંગે



માખણ આરોગતા કૃષ્ણની ભૂમિકામાં કુ. પૂર્ણિમા ભગવતી (જુઓ સાથેનાં ચિત્રો)



શુદ્ધ નૃત્તના અંગમરોડ





ડાબી બાજુ: માખણ ચોરવા જતાં સાવધાનીપૂર્વક ચારે બાજુ જોતા, ચોરીછૂપીથી જતા કૃષ્ણની ભૂમિકા; બાજુમાં: વિમાસણમાં ગોપી(નાયિકા) પૂછે છે: 'શું કરવું? આ નટખટનાં તો તોફાન ભારે!'

લાગટ ત્રણ વર્ષ વક્તૃત્વકળાની સ્પર્ધાનાં ત્રણ પ્રથમ ઇનામ મેળવેલાં. શાળાંત પરીક્ષા પછી ગુજરાત કૉલેજમાં મનોવિજ્ઞાન વિષય લઈ બી.એ. થયાં ને એ વિષયમાં ગુજરાત યુનિવર્સિટીમાં બીજો નંબર મેળવ્યો. ત્યાર બાદ મુંબાઈમાં તાતા ઈન્સ્ટીટ્યૂટમાં અનુસ્નાતક અભ્યાસ માટે વ્યવહારુ મનોવિજ્ઞાન (ઍપ્લાઈડ સાઇકૉલૉજી)નો અભ્યાસ શરૂ કરી પ્રથમ નંબરે સફળ થયાં. શિક્ષણકાળ દરમિયાન ઈતર પ્રવૃત્તિમાં પણ ઉત્સાહપૂર્વક રસ લેતાં. ચિત્ર, સંગીત ને નૃત્ય ત્રણે કળાઓ શીખ્યાં. મુંબાઈ સરકાર દ્વારા લેવાતી ચિત્રકળાની બે પરીક્ષાઓ ઉપરાંત ગાંધર્વ મહાવિદ્યાલયની 'સંગીત મધ્યમા' લગીની ત્રણ પરીક્ષાઓમાં પણ એમણે સફળતા મેળવી છે.

ચિત્રકળા ને સંગીત જ્ઞાનને કારણે કૉલેજકાળ દરમિયાન શરૂ કરેલી નૃત્યોપાસના તેઓ ઊંડી સમજપૂર્વક આરંભી શક્યાં. મુંબાઈમાં અભ્યાસ કર્યો એ એક વર્ષ બાદ કરતાં લાગટ પાંચ વરસ મૃણાલિનીબેનના સાન્નિધ્યમાં તેઓ નૃત્ય શીખ્યાં ને 'નૃત્ય-કલા-ભૂષણ'નું બિરુદ પ્રાપ્ત કર્યું. વચ્ચે ૧૯૫૪–૫૫માં ઈન્ટર યુનિવર્સિટી યૂથ ફેસ્ટિવલમાં નૃત્ય-સ્પર્ધામાં પ્રથમ ઈનામ પણ મળેલું. ભારતભરમાં આજે ગણીગાંઠી જે બેચાર શ્રેષ્ઠ કહી શકાય તેવી નૃત્યપીઠ છે તેમાં શ્રીમતી રુક્મિણી એરુંડેલ દ્વારા સંચાલિત 'કલાક્ષેત્ર', 'એગ્મોર સોસાએટી' ને શ્રીમતી બાલાસરસ્વતીની રાહબરી હેઠળ ચાલતી 'નૃત્ય-પીઠ'ની હરોળની જ સંસ્થા 'દર્પણ' છે. ગુજરાતમાં આવી નૃત્ય-શાળા છે તે માટે ગુજરાત જરૂર ગર્વ અનુભવી શકે. આવી શાળામાં ઉચ્ચ શિક્ષા લઈ પારંગત થવાનું ભાગ્ય પૂર્ણિમાને પ્રાપ્ત થયું છે.

એમણે 'ચતુરશ્ર' તાલમાં 'અલ્લારિપુ', 'મિશ્રચાપુ' તાલમાં રાગમાલિકામાં નિબદ્ધ

'જતિસ્વરમ્', કેદાર રાગ અને મિશ્રચાપુ તાલમાં 'શબ્દમ્', તથા 'આનંદનટન પ્રકાશં' રજૂ કરેલાં; જ્યારે સમગ્ર નૃત્યશિક્ષણની કસોટી જેવું 'વર્ણમ્' એમણે 'યદુકુલકંબોધિ' રાગમાં રજૂ કરેલું. ઉપરાંત ત્રણ 'પદમ્' અને ગુરુદેવ ટાગોરનું 'નૃત્યેર્ તાલેતાલે નટરાજ' પદ રજૂ કરેલાં. સમગ્ર કાર્યક્રમમાં શુદ્ધ નૃત્ત પર પૂર્ણિમાનું પ્રભુત્વ સ્તુત્ય હતું. હજી અભિનય વિભાગમાં એઓ ચહેરા પર સૂક્ષ્મ ભાવ-પરિવર્તન એટલી જ કુશળતાપૂર્વક ઝીલી શકતાં નથી. પરંતુ વિશેષ તાલીમ અને પદમ્ના ભાવને હૃદ્ગત કરવાની તિતિક્ષાથી એ વિભાગમાં આગળ જતાં યોગ્ય વિકાસ તેઓ સાધી શકશે એવી આશા જરૂર જન્માવે છે.

અત્યારે પૂર્ણિમા તિસ્રમ્, મિશ્રમ ને ચતસ્રમ તાલમાં ત્રણ અલ્લારિપુ, રાગમાલિકા ને ચક્રવાત્રમ રાગમાં નિબદ્ધ બે 'જાતિ સ્વરમ્', બે શબ્દમ્, ત્રણ વર્ણમ્ ('મોહમના', 'સખિ હે'ને 'સરોજાક્ષીરો'),ચાર પદમ્ ને બે તિલ્લાના જાણે છે. એમનાં સૌ પ્રથમ ગુરુ શ્રીમતી મૃણાલિની. ત્યાર પછી તે મૃણાલિનીનાં સાથી કુ. જયલક્ષ્મી અને ગુરુ સ્વામીનાથન્ પાસે શીખ્યાં. છેલ્લો કાર્યક્રમ રજૂ કર્યો એમાંનાં ઘણા પ્રયોગ ગુરુ કીટપ્પા પાસે તે શીખ્યાં છે.

નિસર્ગદત્ત સૌંદર્યને કારણે મોહક મુખાકૃતિ અને શરીરસૌષ્ઠવ ધરાવતાં પૂર્ણિમા સ્વભાવે મિલનસાર ને નિરાડંબરી છે. કૉલેજમાં ભણતી ઉચ્ચ શિક્ષણ લેતી, રૂપાળી કહેવાતી—કે ગણાવા મથતી—અને થોડાક અંગભંગ કે અંગવિન્યાસ કરતાં આવડ્યું કે મોટી નૃત્યાંગનાનો ઘમંડ સેવતી આજની સામાન્ય કૉલેજ-કન્યાથી પૂર્ણિમા જુદાં તરી આવે છે. સંસ્કારી માબાપનું સંતાન હોવાને કારણે જ નહિ, પરંતુ નૃત્ય પરત્વેની આંતર્પ્રીતિ—લગની—પૂર્ણિમાને ગભીર કલાકારની કોટિમાં સહજ જ સ્થાન અપાવે છે. ઇતર શિક્ષણ તેમજ કલામાં એમણે પ્રાવીણ્ય દાખવ્યું છે તે એમની તે તે વિષયો પરત્વેના રસ ને નિષ્ઠાપૂર્વકના અભ્યાસ તેમજ શ્રમનાં દ્યોતક છે.

પૂર્ણિમાના નૃત્ય-કાયક્રમ પ્રસંગે તેની યોજેલી જે સ્મરણિકા (સૂત્રેનીર) પ્રગટ કરવામાં આવી છે એમાં 'તિલ્લાના' પ્રયોગની સમજણ આપતાં 'યતો હસ્તઃ તતો દૃષ્ટિ' શ્લોકના આધારે આપેલી સમજૂતી દોષયુક્ત છે. તિલ્લાના શુદ્ધ નૃત્તનો પ્રકાર છે. એમાંનો શ્લોકવિભાગ શુદ્ધ નૃત્તને મુકાબલે અત્યલ્પ હોય છે, એટલે અભિનયને આ પ્રયોગમાં નહિવત્ સ્થાન છે. આથી એ સમજૂતી અર્થસમર્પક નથી બનતી.

ભરતનાટ્યમ્ નૃત્યના વર્તમાન સ્વરૂપ ઘડતરનું માન જેને ફાળે જાય છે તે તાંજોરના રાજા સરફોજી (૧૭૯૮-૧૮૨૪)ના સમયમાં થઈ ગએલા પ્રખ્યાત ચાર બંધુઓ શિવાનંદ, ચિન્નય્યા, પૉન્નય્યા ને વાડીવેળુમાં શિવાનંદના વંશજ અને બૅંગ્લોર કીટપ્પા તરીકે જાણીતા શ્રી કીટપ્પા તાજેતરમાં જ 'દર્પણ'માં જોડાયા છે એ પરમ સંતોષની વાત છે. આવા ગુરુઓ પાસે નૃત્ય-શિક્ષણ લેવાનું સૌભાગ્ય અમદાવાદમાં રહેનાર ગુર્જર કન્યાઓને સાંપડ્યું છે તેનો તે તે કલાકારો જરૂર પૂરો લાભ લેશે. પૂર્ણિમા જો નિષ્ઠાપૂર્વક ઉપાસના ચાલુ રાખશે અને જેમ અનેક આશાસ્પદ નૃત્યાંગનાઓની બાબતમાં લગ્ન 'તમામશુદ'ની ભૂમિકા ભજવે છે તેવું એમની બાબતમાં નહિ બને, તો અવશ્ય આવતી કાલની પ્રથમ પંક્તિની નૃત્યાંગનાઓમાં તેઓ સ્થાન પ્રાપ્ત કરશે.

સુધારો

ગયા અંકની 'કલાવાર્તા'માં અમેરિકન દંપતી ક્લિફર્ડ અને બેટી જોન્સના લેખ સાથે પૃષ્ઠ ૩૨૭ પર પ્રગટ કરેલા ફોટોગ્રાફોનો ક્રમ ઊલટાસૂલટી થવા પામ્યો છે. ડાબેથી ગણતાં જે ૬ઠ્ઠો છેલ્લો ફોટો છે તે 'હંસાસ્ય' મુદ્રાના સંયુક્ત વિનિયોગનો છે, જેનો અર્થ નેત્રદ્વય થાય છે, તેને ચોથો ગણવો; ચોથાને પાંચમો અને પાંચમાને છઠ્ઠો ગણવો; તો જ તેની નીચેનું લખાણ બંધબેસતું આવે. એની સમજણ આપતા પરિચ્છેદમાં વિવિધ 'સંસારી' ભાવોને સ્થાને 'સંચારી' જોઇએ. માનયાળમ્ ભાષા છપાયું છે તે 'મળયાળમ્' વાંચવું. –સુ.

'રિધમ'

રિધમ (Rhythm) કલા અને ઉદ્યોગની ચાલનાના ધ્યેયથી પ્રકટ થતા, શ્રીમતી આશા મુખરજી સંપાદિત આ અંગ્રેજી ત્રૈમાસિક (વાર્ષિક લવાજમ ૧૦ રૂ., છૂટક અંક ૨॥ રૂ.) ના નવમા વર્ષના બે અંકોમાં પહેલો અંક કવિવર ટાગોરની જન્મ શતાબ્દીને નિમિત્તે પ્રકટ કરેલો હોઈ તેમાંની લેખસામગ્રી પણ એ પ્રકારની જ છે. પોતાનાં ચિત્રો વિષે ખુદ ગુરુદેવે લખેલો લેખ, અર્ધેન્દ્રકુમાર ગાંગુલીએ લખેલો ટાગોરનાં ચિત્રો સમજાવતો લેખ, શાંતિનિકેતનના ઉત્સવો અને એને લગતી પ્રવૃત્તિઓનો પરિચય, રાજકીય વિચારોમાં ગુરુદેવનો ફાળો, કેરળ રાજ્યના 'ચિત્રાલયમ્'-માંનાં ટાગોરનાં પોતાનાં તથા એમને લગતાં ચિત્રો, 'ટાગોરનાં નાટકોનાં નૃત્ય અને સંગીત' વગેરે લેખસામગ્રી રસમય અને મનનીય છે. આ ઉપરાંત, કલાકાર મનિષી દેની કળાનો પરિચયલેખ પણ ધ્યાન ખેંચે છે. બધા લેખો સચિત્ર હોવા ઉપરાંત ગુરુદેવ ટાગોરનાં સુંદર ચિત્રોની આઠ આર્ટ પ્લેટો (જેમાં ચાર પૂર્ણરંગી)થી અંકની શોભા વધી છે. એમાંનાં બેએક ચિત્રો આ સાથે અવતરિત કરીએ છીએ.

બીજા અંકમાં ચિત્રકાર રામકુમારનો પરિચય, કલાકાર નિકોલસ રોરિકની ડાયરીનું મનનીય અવતરણ, કેરળની લોકકળાના એક પ્રકાર 'પથકમ્'નો પરિચય, સ્લૉવાક લોકકથાનાં કાચ ઉપરનાં ચિત્રો, આધુનિક ઠઠ્ઠાચિત્રોનો ઇતિહાસ, નવાં કલાપ્રકાશનોનાં અવલોકનો વગેરે લેખવૈવિધ્ય છે. ચિત્રોના બ્લૉકો ઘણા નાના હોવાથી તેનો હેતુ સરતો નથી. ટાગોર અંકમાંનાં ચિત્રો પેઠે મોટા કદમાં અપાય તો પત્ર વધારે મહત્ત્વ પ્રાપ્ત કરે. પ્રકાશનસ્થાન : ૨૧/૨ સી, હરીશ મુખરજી રોડ, કલકત્તા ૨૫.



કવિવર ટાગોરનાં બે ચિત્રો (રિધમ)



હાલો મનેખડાં મેળે...

લેખક
કલાકાર
જ્યોતિ ભટ્ટ

[કલાના અનુસ્નાતક અભ્યાસ માટે ઇટાલી જવા ઊપડતા કલાકાર–જુઓ આ અંકની 'કલાવાર્તા'–ભાઇ જ્યોતિ ભટ્ટનો આ નીચેનો લેખ, સૌરાષ્ટ્રના લોકખ્યાત મેળાના નર્યા વર્ણન કરતાં કાંઈક વિશેષ છે. વસ્તુ: તો પોતે જે જોયું જાણ્યું ને માણ્યું એની ઊર્મિ–નોંધો એમણે મન ભરીભરીને પોતાની ટાંચણપોથીઓ (સ્કેચબુકો)માં કરેલી. એ વેરાએલાં પાત્રનિદર્શન અને ગીતકડીઓની મનોરમ ફૂલગૂંથણી રૂપ આ પાનાંઓમાં એમના રસભર અવલોકન ઉપરાંત સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિ-વિષયક વિગત-પ્રચુર અભ્યાસ–સામગ્રી પણ મળી રહેશે. એમણે ઉતારેલી ગીત-કડીઓમાં પ્રજાનો ઊર્મિ-ધબકાર છે, તો સ્કેચોમાં પાત્રોની લાક્ષણિકતા, એમનાં આભૂષણો ને વેશભૂષા તથા જીવનરીતિઓનું નિદર્શન છે. એને વિષે પોતાના પત્રમાં એ સરલ ભાવે લખે છે. 'એક વાર્તા મારા મનમાં કાયમ માટે ઘર કરી ગઇ છે કે, 'બ્રાહ્મણે પોતાની વિદ્યા કોઇને આપી નહિ–સંઘરી રાખી. બીજે ભવે, આંબો સરજાયો; કેરીઓ લૂંબે ને ઝૂંબે પણ સૂડા યે બોટે નહિ. હું યે જન્મે તો બ્રાહ્મણ છું જ, એટલે આવતે ભવ ઓલ્યા આંબા જેવી દશા ન થાય એની ચિંતા છે. મારી પાસે જે કાંઈ સંઘરાયું છે તેનો ઉપયોગ થાય, બીજાઓને તેમાં રસ પડે, એવું કરવા તેઓ સમજી માણી શકે એ રીતે તેમને આપવું–એવો આ એક નમ્ર પ્રયત્ન છે. એમાં લખેલાં દુહાઓ ને ગીતો લગભગ બધાં જ મેં ગવાતાં સાંભળ્યાં છે. મારા આ સ્કેચીઝ માત્ર એ લોકોની ઉપરછલ્લી વેશભૂષા નોંધવા પૂરતી કુતૂહલવૃત્તિને સંતોષવા માટે મેં નથી કર્યા. એમના જીવનના એકેએક અંગ ને પાસામાં મને રસ પડવા માંડ્યો, તેથી તરબોળ થયો, તેનું પરિણામ છે.']

મેળો જોવા જાતો'તો, ફરફરિયાં લઇને ફેરવતો'તો ને ધૂધરે રમતો'તો એવડી ઉમરમાં ગીત સાંભળ્યું'તું કે

હાલો હાલો મનેખડાં મેળે,
ઇ રે મેળામાં મારો મનનો માનેલ છે, હાલો૦

એ મનનો માનેલ વળી શું હશે?–એવો તો વિચારે ય તે દા'ડે નો'તો આવ્યો. એ ગીતમાં બીજું યે ઘણુંઘણું આવે છે:

ઇ રે મેળામાં એક આંટિયાળી પાઘડી

એ પાઘડી! ને પાઘડીના પે'રનારાનાં ઓડિયાંનો કેવોક તે ઠાઠ! એ મેળામાં પાવા વાગતા હોય, ત્યારે તો મનડું નાચી ઊઠે—

ઇના મોરલીના રાગ મુને વાદણ બનાવે,
કોઇ જોગણ બનાવે.

મને થાતું'તું કે આ મેળા તે વળી કેવાક હોતા હશે? ઓલ્યા પરભુદાસના તળાવને કાંઠે, પાળ ઉપર થોડાંક માણસ ભેળાં થાય, શે'રમાંથી ઘોડાગાડિયું આવે, માણસ ઘડીક હરેફરે, ને પાછાં હાલતાં થાય...

થોડોક સમજણો થયો ત્યારે યે ઈ ગીત તો મનમાં ઘર કરી ગ્યું'તું, એટલે જ્યારે ને ત્યારે યાદ આવી જતું'તું:

હાલો મનેખડાં મેળે.

વાતું તો બહુ સાંભળી'તી મેળાની, કે ભારે રંગીલાં લોક ત્યાં ભેળાં થાય, રાસ ગરબાની તડી બોલાવે, ગાડાં દોડાવે... ને એવીએવી ઘણી વાતું.

ભાદરવી અમાસને દા'ડે નકળંગી મા'દેવના નેજા હેઠ ધૂઘવતા મેરામણના તીરે માનવ-મે'રામણ ઊભરાઇ જાય; શિવરાતને દા'ડે વળી ભવેશરદાદાને આંગણે ગરવા ગિરનારની તળેટીમાં એની ઠઠ જામી જાય; એમ મેળાનો તો કોઈ પાર જ નહિ. શિવરાતનો મેળો તો મહામેળો કહેવાય. એમાં તો

હાં રે દેશ-પરદેશથી માનતાયું આવે



'વેંત ભરીને એક વાંસનો કટકો
એની વા'લે મોરલી ઘડાવી...'

નવથી દસ ઇંચ લાંબા, સંઘેડા-ઉતાર અને રંગબેરંગી પાવા વગાડતો જુવાન એ તો કોઈ પણ મેળામાં જોવા મળે જ મળે. ઘણા તો એકસાથે બે બે પાવાની જોડ પણ વગાડે. વળી એને છેડે ફૂમતાં ટાંગ્યાં હોય; ને શોખીન હોય ઈ તો મોતીની ગૂંથણી, કે તાંબાપિત્તળના તારની ગૂંથણી પણ એની ફરતી કરવાના.

'ગોકુળ ઘડાવી, વા'લે મથુરા રંગાવી
ફરતી હીરલે જડાવી... રે હાલો જોવાને જાયેં૦'

એમ સોરઠદેશના એકેએક ખૂણેથી, ને ગુજરાત-રાજસ્થાનથી યે માણસ ત્યાં ઊમટી પડે. વાતું તો સાંભળી'તી જ. પછી તો સ્વ. મેઘાણીનાં લખાણોમાં પણ વાંચ્યું. ને ઈ લુકમાન વોરા ને બરડાની મે'રાણીની વાત નજરોનજર જોવા ને સાંભળવાની લાલચે શિવરાતનો મેળો યે બબ્બે વાર કરી જોયો. પણ ન સાંભળવા મળી ઈ દુહાની રમઝટ કે ન જોવા મળ્યા ઈ રાસડા. જ્યાં જઇએ ત્યાં ભૂંગળાં (લાઉડસ્પીકર)માંથી ભૂંડાભૂખ રાગડા તણાતા હોય, તાવડીવાજાની રેકાટચું (રેકર્ડ) ગાજતી હોય—કાન ફાડી નાખે એવી. અને જાહેરાત, કાંઈ જાહેરાત! ખાખી બીડિયુંવાળા, ને ધોળી બીડિયુંવાળા, ને દવાવાળા, ને ખેલવાળા. બિનસરકારી આદમીની ધમાલ તો ખરી જ, પણ સરકારી માણસું યે કાંઈ ઓછાં નો'ય કે પાછાં પડે! ઇ યે વિકાસની, ને દારૂબંધીની, ને ખાતરની, ને ખાદીની, ને એવી એવી વાતું કર્યા જ કરે, ને લાવુડ (લાઉડસ્પીકર) ગજાવ્યા જ કરે... નકરી વાતું!

પણ તરણેતરનો મેળો! ઓહોહો! એનો તો રંગ જ કાં'ક જુદો!

ભાદરવા સુદ ૪-૫ના દિવસે આ મેળો ભરાય છે: ઝાલાવાડમાં, થાન (વઢવાણ થઇને) પાસે;—ત્યાંથી ચારેક માઇલ દૂર આવેલા તરણેતર (ત્રિનેત્ર મહાદેવ) નામની જગ્યા છે ત્યાં; દર ભાદરવા સુદ પાંચમે



વિશાળ ભુજા, પહોળા ખભા અને સિંહ જેવી પાતળી કમરવાળો 'કેડે પાતળિયો ને રંગે શામળિયો' એવો રંગીલો જવાન, સવારથી સાંજ સુધી રાસ, ગરબા ને ઘુમ્મરમાં ફરીફરી ઘડીક પોરો ખાવા બેઠો હોય. એની પેચદાર ને પટાદાર પાઘડીમાં કાળા પટાની સાથે સોનેરી તાર અને રાતા દોરાની ભાત તો પાડેલી હોય જ, પણ વળી ત્રણચાર વધારાનાં મોતી–સતારા કે ફૂમતાં જડેલાં છોગલાં પણ લાગી ગયાં હોય. કેડિયા પર આગળ ને પાછળ રાતા દોરે ભરત ભરેલું હોય. અંદર પહેરેલી બંડી પણ રાતા મખમલ કે અતલસની, ને ઉપર ઝીક મેલાવીને ભરપટ્ટે ભાત પાડી હોય. કેડયે કંદોરા ઝૂલતા હોય કે પછી ચામડાનો ફૂદડિયો જડેલ પટ્ટો કે ગોફણ બાંધી હોય. ઘરેણાંનો તો કોઈ પાર જ નહિ. એમાં યે પવનની હારે હારે કેડિયાની ઝૂલ ફગફગે ઈ જોઇને તો લોકકવિની કલ્પના ઉપર વારી જવાનું જ મન થાય ને!

જેઠ અમારો જાણે કળાયલ મોર જો
જેઠાણી અમારી ઢળકતી ઢેલડી.

એ મહાદેવની ધજા બદલાય છે ત્યારે. એ નવી ધજા ચડે ત્યારે (એવી માન્યતા છે કે) મહાદેવના આંગણામાં આવેલા કુંડમાં ગંગા પ્રકટે છે; એ નિમિત્તે ત્યાં મેળો ભરાય છે, અને ભાવિક લોકો ગંગાસ્નાનનો લ્હાવો લે છે.

ભાદરવાના વાદળઘેરા આકાશની ભોં ઉપર મહાદેવના મંદિરનું ધોળું શિખર કૈલાસની યાદ તો આપે જ છે, પણ એથી યે અનેરું દશ્ય તો છે એ શિખરથી શરૂ થઇને છેક પાણીના કુંડને આંબતી ધજા. જાણે શિવની જટામાંથી ગંગાજી પ્રકટ્યાં ન હોય! શિખર પરથી શરૂ થતી ધજાનો બીજો છેડો નીચે સુધી લઈ જઈ બાંધી રાખ્યો હોય છે, જેથી હવામાં ફફડવાને બદલે નીચે વહેતા પ્રવાહના (પેરેબાલા) આકારે એ ૧૦૦ થી ૧૨૫ હાથ લાંબી ધજા એક જ આકાર ધારણ કરી રહે છે.

મંદિરની ચારે બાજુ ત્રણત્રણ ખેતરવા સુધી જામી–પથરાઇ પડેલા



મેળામાં આગલા દિવસથી જ (ચોથના દિવસથી જ) લોકો આવવા લાગે. જુદાજુદા ગામના લોકો એકસાથે મંડળીમાં આવે. આવીને સામાન પોટલાં, એકાદ સારી એવી જગ્યા જોઇને મૂકે, ને પડખેના તળાવને કાંઠે આડાબીડ જામી પડેલાં જાળાંઝાંખરા ને વેલાઓની ડાંખળીઓ કાપી લાવી એને એકબીજાંમાં ગૂંથી દોરડા જેવું બનાવીને કુંડાળું કરી દે. જમીન પર પાથરેલી એ હદરેખાની અંદરની જમીનની માલિકી—તે બે દિવસો પૂરતી—તેમની થઇ ગઈ! એમના બીજા લોકો વે'લા મોડા આવે ત્યારે પણ તેમને માટેની જગ્યા તૈયાર જ હોય.

મેળામાં ગમે ત્યાં ઊભા હોઇએ, મંદિરનું આભને આંબતું શિખર ને એમાંથી વહેતો ગંગાજીનો શ્વેત પ્રવાહ (હવામાં આછુંઆછું ફરકયા કરતી એ ધજા જાણે ખરેખર પાણીની વહેતી ધારા હોય એવી જ જણાય છે!) દેખાયા જ કરે.

ખરો મેળો તો પાંચમનો; પણ ચોથની બપોરથી જ જામી પડે. જુદીજુદી રાસમંડળીઓના ચોકા પડયા હોય, ઈ સૂરજ જરાક ઢળતો થાય કે રમવાનું શરૂ કરી દે, તે ઠેઠ રાત સુધી; ને કટકો-બે કટકા ખાઇને પાછા જામે તે વે'લી પડે સવાર!

એમાં રાસ થાય, ગરબા થાય, ભજનમંડળિયું યે બેસી ગઈ હોય; –બધું આખી રાત હાલે. રસના ને રંગના તો જાણે પીયાલા ઘોળીઘોળીને ભરી રાખ્યા હોય ને! પાંચમના દા'ડે વે'લી સવારથી મેળો ઊભરાવા લાગે; હાલવાની યે જગ્યા નો રે, હો! એવું 'હૈયે હૈયું દળાય' એવું થઈ જાય. ને મા'દેવના મંદિરની ધારથી હેઠે, જબ્બર કમળતળાવડીને કાંઠે આખા યે પંથકના ભરવાડ ને રબારી ઊતરી પડયા હોય. ઢોલી ઢોલ ઢબકાવતો જાય ને ફરતાં ઘુમ્મર જામી પડે. પાંચ, દસ, વીસ કરતાં જોતજોતાંમાં તો એટલા બધા એમાં જોડાઈ જાય કે કયાં ઊભા રે'વું ઇ યે ખબર નો પડે. ઢોલી રમનાર પાસેથી એકએક આનો ઉઘરાવે, એટલે જો ઢોલ જરાકેય મોળો પડે તો તો તતડાવી નાખે કે 'પોંચો મરડીને જરા ઢોલ ઢબકાવ્ય'.

આવાંઆવાં તો કેટલાં યે ઘુમ્મર જામ્યાં હોય. કયાંક એકલી રબારણું ભેળી થઇને ટીટોડો લેતી હોય, તો વળી કયાંક એકલી ભરવાડયું ભેગી થઇને સૂડો લેતી હોય. ને કેવી? આખા વરસનો શોખ પૂરો કરી લીધા વિના છોડવાની નહિ. 'શેના છોડે? હા! દીધો છ પૂરો એક



એક પોટલામાં સૂવા-પાથરવાનો સામાન, અડધિયામાં બે ત્રણ ટંકના રોટલા, ને પાણી પીવા સારુ એક કળશિયો, એટલા જ સામાન સાથે 'ચોકા'માં બેઠીબેઠી, કોઈ, બે વરસ પે'લાં તરણેતરના ભોળિયા શંકર દાદા પાસેથી માગી લીધેલ છોડને હવામાં હિલોળા લેવરાવતી જાય; ને હારોહાર ઇ મા'દેવના દીધેલને કે'તી જાય :

'મા'દેવ જાઉં ઉતાવળી ને જઇ ચડાવું ફૂલ,
મા'દેવજી પરસન થિયા ત્યારે આવ્યા તમે અણમૂલ
તમે મારું નગદ નાણું છો,
તમે મારું ફૂલવસાણું છો,
આવ્યાં ત્યારે અમર થઇ ને રો.'

આનો'. કોક બચારાને દયા આવે : 'અરે આ બાયું બેન્યુંને તો રોકો, મરી જાશે કાં'ક.' પણ એમ કાંઈ રોકી થોડી કોઈ રોકાય? અરે, એક વાર ઢોલી બચારો થાકીને ઢોલ મૂકીને ભાગ્યો, તો અડખેપડખે જોવા ભેળા થએલામાંથી એકે આવીને વગાડવા માંડયું. ઈ યે થાકયો ને બીજો આવ્યો. પણ ઓલી બાયું! રણચંડી જેવી મંડેલી...પરસેવે રેબઝેબ, ને કપડાં યે કાંઇ પાતળાં પટોળાનાં નો પે'રે ને! ઈ લોક તો જાડી ઊનની લોબડિયું ઓઢે. જીમી યે એવી જ ઊનની. કાપડાં અતલસનાં પે'રે ઈ ખરું, પણ એમાં યે જાડા ચોળિયાનું અસ્તર. ઘુમ્મર ફરતાં, કે સૂડા ફરતાં ગોળ કૂંડાળું વળીને વાંકડી મૂછયુંવાળા, અણિયાળી ને રાતી આંખડીવાળા, છોગાંળા છેલ જેવા જવાનો જોઇયેં ત્યારે ઓલ્યો રાણકદેવીવાળો દુહો યાદ આવી જાય :

વાયે ફરકે મૂછડી ને રમણ ઝબૂકે દંત
જુઓ પટોળાંવાળિયું (આ) લોબડિયાળીનો કંથ.

આમે એમની રંગીલી આંખ્યું તો રાતીચોળ હોય જ, ને એમાં પાછો ઉજાગરો ભળે; પછી શું કેવાનું હોય? એટલે તો ત્રણ તાળીનો રાસડો* ગાતાં ગાતાં પૂછે છે ને કે

હો રંગરસિયા કયાં રમી આવ્યા રાસ જો,
આંખલડી રાતી રે ઉજાગરો બહુ કર્યો.

*આમાં સ્ત્રી પુરુષ સૌ ભાગ લે. કૂંડાળામાં અરધી જગ્યા સ્ત્રીઓ રોકે ને સામેની અરધી પુરુષો. કોઈ વાર વળી બે ને બદલે ત્રણ કે ચાર ભાગમાં પણ વહેંચાઈ જાય. એક ટોળું ગવડાવે, ને બીજું ટોળું ઝીલે.



મેળામાં ભજનમંડળીઓનો તો પાર નહિ. એમાં યે શિવરાતના મેળામાં તો હજી ય ભજનની ઝમક એવી ને એવી જ રહી છે. નાનામોટા કે અવસ્થાવાન બધા જ ભજનિકો જુદીજુદી મંડળીઓની રાવટીમાં જઈ પહોંચવાના, અને વારો આવ્યે ચારચાર ભજન (એવી એક પ્રથા છે કે જે ગાવા બેસે તે એકસાથે ચાર ભજન તો બોલે જ) તો ઓછામાં ઓછાં ગાય જ. હાથમાંના રામસાગરને હેઠે પાઘડીનું ઓઢીંગણ મેલીને, ભાંગતી–ગળતી રાતે દાસી જીવણના 'કાળજે કટારી રે...મારી ઓલ્યા માવજીએ' કે 'કેને રે પૂછું રે સમાચાર...શામળિયાના, પાતળિયાના, અરે કોઈ તો કો'ને! કેને રે પૂછું સમાચાર' એવાં એવાં ભજન માંડે ને સાંભળવાવાળાની આંખમાંથી આંસુડાં પડાવે! પણ એ ભજનિક તો એની એ જ, શાંત ને મસ્તીસભર નેણાંવાળી મુખમુદ્રા રાખીને ભજનની ઝીંક બોલાવ્યે જ રાખે. ફરતાં વાગતાં ઝાંઝમંજીરાં અને દોકડ (તબલા)ના તાલે તાલે મંદ્ર અને દ્રુત લયમાં, પોતે આંસુ પાડયા વિના ગાયે જ જાય, જાણે કે કે'તો ન હોય કે
'રોઇ રોઇ કેને રે સંભળાવું...રુદિયો રુવે રે, માયલો ભીતરે જળે.'

પણ એમ કાંઇ કોઇ કબૂલ કરે કે હું બીજે જઇને રાસ રમી આવ્યો? મેળામાં તો ઘણું યે હોય; એટલે જવાબમાં કહી દે કે

વા'લા અમે ગ્યાંતાં માળીડાંને હાટ જો,
કે હારલા રે ગૂંથાવતાં વા'ણલાં વાઇ ગિયાં.

એક કોર આ બધું હાલતું હોય, ત્યારે બીજી કોર મોટા ટોળા વચ્ચે બે છત્રી દેખાય : બધાથી ઊંચેરી. ન્યાં વળી દુહાની તડી બોલે. એક હાથમાં છત્રી ઊંચી ધરી રાખી હોય, ને એની નીચે દુહાગીર બગલમાં લાકડી ગોઠવીને, પગની આંટી મારીને, કાનમાં આંગળી મૂકીને (ઓલો આંખ્યુંનો રાસડો સાંભળ્યો હોય એટલે) આંખ્યુંના દુહા ઠપકારે:

પારેવાજી રત્તિયું, ને શરજી પાંસરિયું,
ઘાટે કસુંબે ઘૂંટિયું, મુંજા વાલમજી અંખિયું.

પણ આ આંખડિયું રાતી કેમ? તો વળી સામેથી જવાબ મળે:

કાળોતરો કરડેલ, અવળી રૂંવાડા અંગચું;
દુહાના ડખેલ એને ઘેને ઘેઘૂર આંખડી.

કો'કની દુહાના ઘેને ને કો'કની રાસે રમ્યાના ઉજાગરે આંખ્યું રાતી કળાય, તો કો'કને વળી ભજનનાં બાણ વાગી ગ્યાં હોય:

લાગ્યાં ભજનનાં બાણ...
એનાં નેણાંમાં ઘૂરે રે નિશાણ;
જીવો જેને લાગ્યાં શબદનાં બાણ.

મારી સાથે એક ભાઈ હતા. તેણે આ સાંભળીને મને પૂછ્યું કે દુહામાં તે વળી એવું શું હોય? પડખે એક દાદા ઊભા'તા. અવસ્થા થઈ ગએલ. એકેએક મોવાળો ધોળો થઈ ગ્યો'તો. એણે જ મારે બદલે જવાબ આપ્યો—બલકે ગાયો:

દુહો દસમો વેદ, સમજે એને સાલે;
ચિંયાતણની વેણ્ય, વાંઝણી શું જાણે?

ને આમ વળી આંખ્યું ઉપરથી દુહા ઉપરના દુહા બોલાવા લાગે:

કામણ કર્યાં કમાલ, ખાંભી ખોડી ખડભડે,
પાણાને ય કરે પ્રીતાળ, દુહો અમારા દેશનો.

'પણ દુહા તો બધે ય સરખા જ હોય ને? એમાં વળી દેશની વાત કર્યે થોડો જ ફેર પડે?'—કોઇએ દલીલ આગળ ધરી.

'હા બાપા! ઈ વાત ઠીક પૂછી તમે. પણ ઇના જબાપનો યે દુહો છે.' ને એમણે સંભળાવ્યું:

કોયલડી ને કાગ, વાને વરતારો નહિ,
જીભલડીએ જવાબ, સાચું સોરઠિયો ભણે.

'દુહો તો ભાઇ સોરઠિયો જ ભલો, હો!' ને કાનમાં આંગળી મૂકી શરૂ કર્યું:

સોરઠિયો દુહો ભલો, ભલી મરવણ કી વાત;
જોબન છાયી ધણ ભલી, તારા છાયી રાત.

'એમ? તમારો દેશ એવો છે?'–એટલું પૂછ્યું ત્યાં તો એને પોરસ ચડી ગયો. કેડિયાની કસું તૂટુંતૂટું થઈ ગઈ. અને 'હે......' કરીને તેણે લાંબા ને ઊંચા સાદે શરૂ કર્યું:

કાઠિયાવાડમાં એક વાર, ભૂલો પડ જો ભગવાન,
થાજે મારો મે'માન, તુંને સરગ ભુલાવું શામળા.

આ બધું છોડીને જરા ઉપર, ધાર ઉપર જઇએ તો ત્યાં તો ચકડોળ ને ફજેતફાળકાની હાર્યું દેખાય. એમાં બેઠેલાં યે કાં તો પાવા ને મોરલી વગાડતા હોય, કાં તો વળી રૂમાલ-દા' રમતા હોય: એક બેઠકવાળો એના ફાળકાની બેઠક જમીન તરફ આવે ત્યારે રૂમાલ નીચે મૂકી દે, ને બીજા છેડા વાળો પોતાનો વારો આવે ત્યારે લંબાઇને તે ઉપાડી લે! આમ ધીમેધીમે રૂમાલ આઘો ને આઘો ફેંકાતો જાય, ચકડોળની ગતિ વધતી જાય અને રૂમાલ ઉપાડવાવાળા ને બીજા બેત્રણ જણ, પગેથી પકડીને બેઠકની બહાર લંબાવીલંબાવીને રૂમાલ ઉપડાવતા જાય. જોનારનો તો જીવ જ તાળવે ચોંટી જાય કે હમણાં પડશે હેઠો...હમણાં માથું હેઠે ભટકાઇ જાશે ને લીલા નાળિયેર જેવું એનું ભોડું વધેરાઈ જાશે!

આપણા જેવાનો જીવ આમ અદ્ધર થઈ ગયો હોય, ત્યારે વળી ફાળકે ચડેલાનો જીવ, માથે હેલ ભરીને મેળામાં દહીં-દૂધ વેચવા આવેલી કોઈ મેયારણને જોઇ સળવળી ઊઠે. ઉપરથી ને ઉપરથી જ ઠપકારે:

કાઠિયાણી કડય પાતળી, માથે હલકતી હેલ્ય,

ને બીજું ચરણ 'બરડા હુંદી બજારને' બદલે સુધારીને બોલે:

તરણેતરની બજારમાં, હાલી ઢળકતી ઢેલ્ય!

ત્યાં તો પડખેના ફાળકેથી બીજો જણ ગળું ફુલાવીને, ગહેકતા મોરલા જેમ શરૂ કરે: ઓલાએ કરેલ વખાણ જ જાણે કે આગળ ધપાવે:

પીતળ રોખી પીંડિયું, ને હિંગળા રોખા હાથ,
પંડની બનાવેલ પૂતળી, (જે દી') નવરો દીનોનાથ!

અને મોરલી? એ પણ મેળાનું ભૂલ્યું ભુલાય નહિ એવું અંગ છે. નાના-મોટા, જે જુઓ તે નાની એવી મોરલી (વાંસનો પાવો, પણ બન્ને પડખે કે એક પડખે કાણું પાડીને તે પર કરોળિયાનું જાળું ચોંટાડી દીધું હોય જેથી અવાજ શરણાઇને ગળતો, કે વાદીની તુંબડાવાળી મોરલી જેવો નીકળે) લઇને, ગાલ-ગલોફાં ને ગળાની નસો ફુલાવીને શ્વાસ ઘૂંટતાંઘૂંટતાં મીઠામીઠા રાગ કાઢતા જ હોય. નાકથી શ્વાસ લેવાનું કામ ચાલ્યા કરે, પણ વગાડવાનું જરા યે બંધ ન પડે.

વેંત ભરીને વા'લે વાંસ મંગાવ્યો,
એની વા'લે મોરલી ઘડાવી.
તેડચાં-વણતેડચાં અમે જોવાને હાલ્યાં,
રે હાલો જોવાને જાયેં.

નરસૈયાનું એ ગીત રાસડે રમાતું ને ગવાતું સાંભળેલું ત્યારે તો ખબરેય નો'તી પડી કે ઈ નાની અમથી વેંત એકની મોરલીમાં શું જાદુ હશે!

મેળાની બહાર ગામની મોટી સડક પર બે ટાબરિયાં પડખોપડખ હાલતાં, મોરલી વગાડતાં આવતાં'તાં. ત્યાં સામો કોઈ જુવાન મળ્યો. ઈ યે મોરલી વગાડતો'તો. ઓલ્યાં બે તો સાંભળીને સડક જ થઈ ગ્યાં! નો હાલે કે નો ચાલે. જાણે ખાંભી ખોડી દીધી હોય ને, એવા! નહિ વાત કે નહિ કાંઈ ઇશારો. ને બે ય જણ ઊપડચા ઓલ્યાની વાંહે વાંહે. ઓલ્યો તો એની મસ્તીમાં જ રાગ ઘૂંટતોઘૂંટતો હાલ્યો, ને આ બેય વાંહે સાંભળતાં સાંભળતાં ઊપડચા. થોડી વારમાં તો આ જોડલી પાછી આવી. એમણે નવી ધૂન હાંસલ કરી લીધી'તી.

આ બધું મેળામાં નીરખીને ઓલી ગઈ તરણેતર મા'દેવનાં દર્શન કરવા. કુંડમાં નાહીધોઇને ભગવાન પાસે ખોળો પાથરીને એણે માગ્યું...

ભોળા શંભુજી મારી અરદાસું સાંભળો,
સાંભળીને ધ્યાનમાં લેજો, કે છોરું એવા દેજો...
માનવિયું મેળે હાલો રે.

ગુજરાતી સાહિત્ય પરિષદનું એકવીસમું અધિવેશન

તા. ૨૮મી ડિસેમ્બર ૧૯૬૧થી તા. ૧લી જાન્યુઆરી ૧૯૬૨ સુધી કલકત્તા મુકામે ભરાનાર છે. ડેલીગેટ-ફી રૂા. ૫) ભરનારને રેલવે કન્સેશનનો, કલકત્તામાં નિવાસનો તેમજ અન્ય સગવડોનો લાભ મળશે. ડેલીગેટ-ફી તા. ૩૧મી ઑક્ટોબર ૧૯૬૧ સુધી જ સ્વીકારાશે.

પરિષદનું કામકાજ સાહિત્ય, ઇતિહાસ, પુરાતત્ત્વ અને કળા એ પરિષદના ત્રણ વિભાગો માટે નિબંધો (તેના આશરે ૪૦ લીટીના સંક્ષેપ સાથે) મોડામાં મોડા તા. ૩૦ નવેમ્બર ૧૯૬૧ સુધીમાં મંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ, C/o. શ્રી. હ. કા. આર્ટ્સ કૉલેજ, આશ્રમ રોડ, અમદાવાદ-૯, એ સરનામે મોકલાવી આપે.



આવા તો કેટલા યે ઢોલી ન્યાં ભેળા થાય. કો'ક અસલી-જુનવાણી ઢબના હોય, કો'ક 'મિલિટરી ડિસ્પોઝલ'નાં ખાખી કપડાંમાં આવે, તો કો'ક વળી નાયલોનના 'નજરું નાખો તો આરપાર નીકળી જાય' એવા પારદર્શક ને ભભકીલા રંગોવાળાં કપડાંમાં યે આવે. ખરા રંગમાં તો ઈ બીજે દા'ડે જ આવે, જ્યારે ફરતું ભરપૂર જોબનિયું હિલોળે ચડ્યું હોય ત્યારે; ને એના ઢોલ ઉપર જ પાણીપાણી થઇને તો સૌ નાચવાનાં ને? (ભૂલી ગ્યા? ઓલી લંધા ઢોલીવાળી વાત? કચ્છની 'વ્રજવાણી'ની એકસો ને વીસ આહીરાણી લંધા પછાડી માથાં પછાડીપછાડીને મરી'તી એ?)

મેળાના આગલા દા'ડે તો, હળવે હાથે ઢોલ ઢબકાવતો આ ઢોલીડો મેળામાં ટલ્લા દીધા કરે; જાણે કે કે'તો ન હોય, કે સાબદાં રે'જો, આવી પૂગ્યો છું. પણ એમાં યે કોઇ 'બંસીધર' કે 'મોરલીધર' જવાનડો ભેટી જાય તો વળી સામસામા, એકબીજાને પોરસ ચડાવતા સાંજે ય પાડી દે, એમાં ના નહિ.





રૂપ વાળ્યું ન નીપજે, મોતી ફૂલે ન ડાળ;
ગુણરૂપ હાટે ન મળે, ફૂટી મરો કપાળ.

સોરઠ દેશ સોહામણો, ચંગાં નર ને નાર;
જાણે સ્વર્ગથી ઊતર્યાં, દેવદેવી અણસાર.

અણસાર તો દેવદેવીના ખરા જ, પણ વર્તનમાં યે એવાં જ. મોઢામાંથી વેણ કાઢે ઈ તો ફૂલડાં ઝરતાં હોય એવાં લાગે. સમજણ પડે કે ન પડે, પણ સાંભળ્યા જ કરીએ, એમ થાય.

'કામણગારી કીકાયું', નમણાં લાગે નેણ;
અંગે આરસપૂતળી, મીઠાંમીઠાં વેણ.'

'થોડું બોલે ને ઠરહરે, મરકીને કાઢે વેણ;
(એને) કાંટો ય કદી મ વાગજો, (મર) હોય પારકાં શેણ.'

સ્ત્રીદેહના રૂપનાં વર્ણન કરતા દુહાઓ, ગીતો કે વર્ણનો તો થોકેથોક મળે છે:

'હાં હાં રે ઘડૂલિયો ચડાવ્યને રે ગિરધારી
ઘરે વાટ્યું જુએ છે મા મોરી: ઘડૂલિયો૦

એ ગીત લ્યો કે 'રાધિકા રંગભીની' વાળું:

તારા હાથુંની હથેળી રે રાધિકા રંગભીની
જાણે બાવલપરની થાળી રે રાધિકા રંગભીની

આંગળિયું તો કે' ચોળા-મગની ફળિયું; આંખ્યુંનો ઉલાળો તો કે' દરિયાનો હિલોળો; ને માથાનો અંબોડો તો કે' છૂટ્યો તેજી ઘોડો; ને વાંસાનો વળાંકો તો જાણે સરપનો સળાકો; નાકડિયાની દાંડી તો કે દિવડિયે શગ માંડી; અને કમર કેવી?

'લાંબીલાંબી વણઝારી કમર પાતળાં રે
(કે) એની કેડયે ભમ્મરિયો લાંક અલબેલડી
અસૂર વેળાનાં પાણી સંચર્યાં રે.'

એવી પાતળી કમરનાં જ વખાણ થાય ને!

'સોગઠી વખાણું હું સોરઠી,
જેના રાતા પીળા રંગ;
(પણ ઓલી) અસ્ત્રી વખાણું કડય પાતળી,
(કે) જેનાં વાળ્યાં વળે જ અંગ.'

પણ એમ છતાં યે કોઈ વાર સાંભળવા મળે કે

'તારા પેટડિયાનો ફાંદો,
જાણે ઊગ્યો પૂનમનો ચાંદો, કે રાધિકા૦

આવીઆવી દેહલતાવાળી બાઇયું, બેન્યું તો

'ફૂલ ફગરનો ઘાઘરો, ને ઓઢણે કસૂંબી કોર;
ઝાંઝરિયે દીવા બળે, ને હૈયે નાચે મોર.'

એવી બનીઠનીને મેળે આવે.

વાંકડિયાં ઓડિયાં ને આંટિયાળી પાઘડી, ને પાઘડી યે પાછી છોગલિયાળી. એનો ઠાઠ તો જોવા જેવો! એના પે'રનારને યે એનું પૂરેપૂરું ભાન. એટલે જ તો કહી શકે ને, કે

'તમે આછાં ઓઢોને ગોરી ઓઢણાં,
મારા છોગલાને છાંયે ચાલી આવ્ય.'

કેડિયું પણ ફરતી ઝૂલવાળું ને રંગીન દોરાના બખિયાથી ભરત ભરેલું.

'સોનીડાની શેરીએ ગ્યાં હોય ને ઝૂમણુંએ મન મોયાં હોય' એવું સ્ત્રીઓ માટે બને એ સ્વાભાવિક છે, પણ આવું યે બને

'બખિયાળું તારું કેડિયું' ઘાયલ!
બખિયાળું તારું કેડિયું'
હે વાલીડા! તે'દીનું છોડેલ
મેં મારું ફળિયું અરજણિયા.'

ઊનનાં—રાતી-પીળી-ભૂરી એવી સાતસાત રંગની ઊન ભેગી કરીને પોતાના હાથે ગૂંથેલાં ફૂમતાં પે'રવાં ને પે'રીને દેખાડવાનો લા'વો લેવાનું કોઈ કરતાં કોઇ છોડે નહિ. પાઘડીએ, ગળામાં, ચોરણીને બેય પડખે આગળપાછળ ઝૂલતી નાડી સાથે ને ફૂદડીયુંવાળા ઓખાઈ જોડા ઉપર, બધે જ ફૂમતાં ટાંગ્યાં હોય— એકાદ બે નહિ, પણ ઢગલો! એવા જવાનની સુરમો આંજેલી આંખ્યું ને ઓળેલી મૂછો કેવી લાગે?

'લાલ ચટકતી આંખડી, મૂછો વાંકી હોય;
દુશ્મન કંપે દેખતાં, મરદ વીરલા કોય.



ધુમ્મરનાં કૂંડાળાં જામ્યાં'તાં એની પડખેના ટેકરી પરના ઉતારાની પરસાળની થાંભલીને ટેકે બેઠેલી જોઇને થશે કે

'પાળે ચડી પદમણી, નીરખે નવલી વાટ;
કુંપે હૈયાં-કપાટ, નાતા કોઇ નીરખે નહિ.'

પે'લાં પે'લાં તો થશે કે નક્કી કોઈની–એના નાવલિયાની વાટ જોતી હશે; પણ ના, ધીરા ! ધીરા બાપલિયા ધીરા ! વાટ નો'તી જોતી. આં, વાટ જુએ યે કોની? ઈ તો એની હાર્યે જ આવ્યો'તો મેળો કરવા. આ તો એને જ, ધુમ્મરમાં રમતો જોઈ રહી'તી;

'કા'ન! તું તો હાર તે માહ્યલો હીરો,
 હાં રે મારી સગી નણદલડીનો વીરો.
કા'ન તું તો નથડી તે માહ્યલું મોતી,
 હાં રે હું તો આડે ઘુંઘટડે જોતી.'



'કાઠિયાણી કડય પાતળી,
 માથે હલકે હેલ્ય;
ઊભી બજારે નીસરી,
 (જાણે) ઢળકતી હાલી ઢેલ.'

બરવાળા ગામના ગઢના દરવાજા પર કંડારેલ મૂર્તિ પરથી કરેલું રેખાંકન









ગગાને કાખમાં તેડીને ધુમ્મરમાં ફરતી 'ગગાની માને' દેખાડતો બાપ.



શક્તિદાતા ને રક્ષણદાતા મૂલ્યોવાળાં સૂકાં ફળ



આહાર અને આરોગ્ય-૨૨

લેખક • ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

કેટલાંક ફળોમાં એવી વિશિષ્ટતા હોય છે કે તે સુકાયા છતાં સારાં રહી એમાંના ખાદ્ય પ્રાણો જળવાઈ રહે છે. સૂકી દ્રાક્ષ, અંજીર, ખારેક, આલુ, કોકડી, આમળાં, ચણીબોર વગેરે આવાં સૂકાં ફળ છે, જે તાજાં ફળની અવેજીમાં પણ ખવાય છે. ખાસ કરીને ઉપવાસ દરમિયાન ફળાહાર તરીકે એમનો વપરાશ છે. એમાં ૭૦ થી ૮૦ ટકા શર્કરાના રૂપમાં કાર્બોહાઇડ્રેટ છે. ઉપરાંત ખનિજ પદાર્થો ને ક્ષારો છે, થોડું વિટામિન 'એ' અને 'બી' છે. આમ આ ફળો શૂક ધાન્યોની જેમ શક્તિદાતા છે તો વધારામાં રક્ષણદાતા મૂલ્ય પણ ધરાવે છે. લગભગ બધાં સૂકાં ફળ સારક ગુણ ધરાવે છે.

કોકડી રાયણને તડકે સૂકવવાથી બને છે. તેને ઘીનો હાથ મારવાથી લાંબો વખત સારી રહે છે. સુકાવાથી તેમાં પાણીનું પ્રમાણ ઘટે છે એટલે વજનમાં મોટો ભાગ શર્કરાયુક્ત કાર્બોહાઇડ્રેટનો રહે છે. ઘટ્ટ આહારમૂલ્યો ધરાવતી સૂકી કોકડી તાજી કરતાં વધુ સ્વાદિષ્ટ લાગે છે ને એનું ઉષ્ણાંક-મૂલ્ય તાજાં ફળ કરતાં ઘણું વધારે હોય છે.

સૂકી દ્રાક્ષનો ઉપયોગ આપણે ત્યાં લીલી કરતાં વધારે થાય છે: કિસમિસ (સૂકી સફેદ તથા લાલ દ્રાક્ષ)નો સૂકા મેવા તરીકે આહારમાં, તો કાળી દ્રાક્ષનો ઔષધમાં. નાનાં બાળકોને પેટ સાફ આણવા માટે રાતભર પલાળી રાખેલાં કાળી દ્રાક્ષ ને ખજૂરને ચોળી નાખી એનું પાણી પાવાનો ઘરગથ્થુ ઉપચાર કોનો જાણીતો નથી? મસ્કન્સ કે મલાગા કિસમિસ વખણાય છે. બી વગરની અને લાંબી ટૉમસન કિસમિસ ખૂબ સ્વાદિષ્ટ છે, તો યુરોપની સુલ્તાના કિસમિસમાં નાનાં પોચાં ચવાય એવાં બી હોય છે.

રસાળ લીલી દ્રાક્ષ સુકાય તે દરમિયાન સૂર્યતાપથી તેમાંની કુદરતી સ્ટાર્ચ ફલશર્કરામાં પરિણમી દ્રાક્ષના વજનના ૩૪ થી ૭૦ ટકા જેટલી થાય છે; પાણી ૨૦ ટકા રહે છે. બાકીના ટકામાં થોડું પ્રોટીન છે. મૅલિક ઍસિડનું પ્રમાણ ઘટવાથી સૂકી દ્રાક્ષ ઓછી પચનીય છે. તેની છાલમાં કાષ્ઠક દ્રવ્યો હોઇ દૂધ સાથે લેવાથી દસ્ત સાફ આવે છે.

ખારેક: માંગલિક પ્રસંગોએ અને દેવપૂજામાં આપણે ત્યાં બે ફળોનો સવિશેષ ઉપયોગ થાય છે: ખારેક અને શ્રીફળ. કહોવાયા કે જીવાત થયા વિના લાંબો વખત સુધી સારાં ટકી રહેવાના કારણે આ મિષ્ટ ફળોનો આવો ઉપયોગ સ્વીકારાયો હશે. બીજું કારણ ખારેકના શ્રમહર, અગ્નિમાંદ્ય નાશ કરવાના અને વાજીકરણ ગુણો હશે.

ખારેકની બહુ જાતો છે: છારી, મુશી, હેનકા, જરખ, હલવાઈ. આમાં છારી અને મુશી શ્રેષ્ઠ લેખાય છે. છારી ખારેક લાલ રંગની, કદમાં મોટી ને કરચલી પડેલી હોય છે, મુશી કાળા રંગની, સ્વાદમાં થોડી ખારી ને ખાવામાં સાધારણ પોચી હોય છે. છારી ખારેક પૌષ્ટિક લેખાય છે ને ઔષધમાં પણ એનો જ વપરાશ થાય છે.

ખારેકમાં શર્કરાના રૂપમાં પુષ્કળ કાર્બોહાઇડ્રેટ છે, લોહ અને કૅલ્શ્યમ વગેરે ખનિજ ક્ષારો છે, વિટામિન 'એ' અને 'બી' પણ છે.

ખારેક અને કોપરાં ખાવાથી શરીરની ઊંચાઈ અને તાકાત વધે છે. કહેવાય છે કે તેલમશાલા કે મિષ્ટાન્નના અતિ આહારથી થઈ આવતા ખાટા ઓડકાર, ગળામાં દાહ વગેરે ખારેક ખાવાથી અટકે છે. ખારા, ખાટા ને તીખા સ્વાદવાળી ઔષધીય ચૂર્ણ નાખેલી ખારેક ખાટા ઓડકાર ને બદહજમી મટાડી પેટના વાયુને છૂટો કરી પેટ હળવું કરે છે. અપચાવાળાએ આ સ્વાદિષ્ટ ચૂર્ણ વાપરવા જેવું છે.

ખારેક શરીર પુષ્ટ કરનાર અને વાજીકરણ છે. તે હૃદયને બળ આપનાર લેખાય છે. ગર્ભાશયના દોષો નિવારવાના ઔષધીય ગુણો પણ તેમાં છે. આ બાબતમાં શ્રી બાપાલાલ વૈદ્ય આવું લખે છે: 'અટકાવ સાફ આવતો ન હોય તે જુવાન છોકરીઓ કે વહુઓએ હમેશાં ૧ તોલો ખારેક, ૧ તોલો સાકર અને ૧ તોલો ઘી એ ત્રણેનું મિશ્રણ રોજ ખાવાનું રાખવું. આથી આર્તવ સાફ આવશે અને ગર્ભાશયની બીજી કંઈ વિકૃતિ હશે તે દૂર થઇ ગર્ભપ્રાપ્તિ પણ થશે. ખારેકના ઠળિયા પણ પૌષ્ટિક છે અને તેના ચૂર્ણના ઉપયોગથી પ્રદર મટે છે.'

ઠળિયામાં તરસ છિપાવવાનો અજબ ગુણ છે. ખારેક ને ખજૂર તરસ વધારે છે, પણ તેના ઠળિયા તરસ છિપાવે છે। અગાઉના જમાનામાં પગપાળા લાંબી મુસાફરીમાં તરસ છિપાવવા માટે મોઢામાં ખારેકનો ઠળિયો રાખવામાં આવતો. ઉનાળાની તરસ છિપાવવા બરફને બદલે આ પ્રયોગ અજમાવવા જેવો છે.

આમળાં: આમળાંમાંના કુદરતી ઍસિડોને લીધે સૂકાં આમળાંમાં પણ બધાં આહારમૂલ્યો સારી રીતે જળવાઈ રહે છે. બીજાં ફળો સુકાય ત્યારે વિટામિન 'સી' નહિવત્થી માંડી બિલકુલ નથી રહેતું, પણ સૂકાં આમળાંમાં તો તે જળવાઈ રહે છે. જે ફળોમાં આ કુદરતી ઍસિડ ન હોય તેમને જાળવવા માટે સલ્ફર ડાયૉક્સાઈડની ધૂણી કે સોડિયમ બાઇ સલ્ફાઈટ વાપરવામાં આવે છે, પણ એના બદલે ફળને છાસ કે દહીંમાં રાખી પછી સૂર્યતાપમાં સૂકવવાની આપણી જૂની કુદરતી રીત હજાર દરજ્જે ઉત્તમ છે.

અંજીરનું મૂળ વતન તો ભૂમધ્ય સમુદ્રનો કાંઠો છે, પણ તેના છોડ પૂના, સહરાનપુર, બૅંગલોર અને દક્ષિણ હિંદના પેનુકૉન્ડામાં સારા ઉગાડવામાં આવે છે. ગુજરાતનાં ગામડાંમાં થતાં ઉમેડાં એ દેશી અંજીર કહી શકાય.

લીલાં અને સૂકાં બંને અંજીર સ્વાદિષ્ટ છે. સૂકાં અંજીરમાં શર્કરાના રૂપમાં ૭૪ ટકા કાર્બોહાઇડ્રેટ છે, તો લીલાં અંજીરમાં માત્ર ૧૮·૮ ટકા. એમાં સારા પ્રમાણમાં લોહ, કૅલ્શ્યમ અને ફૉસ્ફરસ છે. હચિન્સન કહે છે કે ફૉસ્ફરસ ફાઇટેટને લીધે આ ખનિજ પદાર્થો અપ્રાપ્ય થાય છે. અંજીરમાં વિટામિન 'એ' સારા પ્રમાણમાં છે. વળી વિટામિન 'સી'ની પણ છાંટ છે. ૧૦૦ ગ્રામ સૂકાં અંજીરમાંથી ૭૫ ઉષ્ણાંક મળે છે.

અંજીર રેષાવાળું અને કાષ્ઠક હોવાથી સારક ગુણ ધરાવે છે. સવારમાં બેત્રણ અંજીર ખાવાથી દસ્ત સાફ આવે છે. પણ બહુ અંજીર ખાવાથી આંતરડાંમાં દાહ (ઇરિટેશન) થાય છે. બજારમાં વેચાતાં અંજીરના સિરપમાં સોનામુખી હોવાથી તે રેચક ગુણ ધરાવે છે. અંજીર લોહી વધારનાર, શક્તિવર્ધક ને બલપ્રદ છે. મહર્ષિ ચરકે અંજીર (ફલ્ગુ)ને 'તૃપ્તિ કરનાર, શરીરને પુષ્ટ બનાવનાર, ભારે, પેટમાં ગુડગુડાટ કરનાર અને ઠંડું' ગણાવ્યું છે. (સૂત્રસ્થાન: ૨૭·૧૨૫). શ્રી બાપાલાલ વૈદ્ય લખે છે: '(અંજીર) સુપાચ્ય છે. દવા તરીકે વાપરવામાં તે મૂત્રાશય ને મૂત્રપિંડની પથરી કાઢનાર છે. હરસ મટાડવા માટે પણ અંજીરનો ઉપયોગ થાય છે. બાળકોનાં લિવર ઉપર અંજીર બહુ

ઉપયોગી ગણાય છે. તેના વાજીકરણ ગુણ માટે નીચેનો પાઠ સુંદર છે: સારામાંનાં અંજીર, ફોલેલી બદામ, પિસ્તાં, એલચી, ચારોળી, દ્રાક્ષ ને ગ્લુકોઝ યા ખડી સાકર–તમામ સરખે વજને લેવાં. થોડુંક કેસર નાખવું. આ બધાંને કૂટી આઠ દિવસ સુધી ગાયના ઘીમાં ડૂબાડૂબ રાખી મૂકવું. પછી કાઢી લઈ રોજ બે તોલા જેટલું ખાવું. ઉત્તમ વાજીકરણ છે.

જેના કોઠામાં ગરમી હોય તેણે તાજાં પાકાં બેચાર અંજીર થોડાક પાણીમાં મેળવી રાત્રે અગાસીમાં કે છાપરા ઉપર રાખી મૂકવાં અને સવારે ખાવાં. પંદર દિવસ સુધી આ કરવાથી ગરમી દૂર થશે.



આમલી: દાળમાં સ્વાદ આણવા મસાલા તરીકે આપણે આમલીનો વપરાશ જાણીએ છીએ, પણ આમલી-ફળના ગુણધર્મો જાણતા નથી. આમલીમાં સાઇટ્રિક, ટાર્ટરિક અને મૅલિક ત્રણે ઍસિડો છે. તેમાં ૬૭·૪ ટકા કાર્બોહાઇડ્રેટ શર્કરાના રૂપમાં છે. થોડા પ્રમાણમાં વિટામિન 'એ' અને 'સી' છે. ખનિજ ક્ષારો પણ છે. ખજૂર ને આમલીના ગર્ભમાં કલેજાના કરતાં પણ વધારે લોહ છે. આમલીમાં તરસ છિપાવવાનો ને શરીરમાં ઠંડક આપવાનો ગુણ છે. આપણે જાણીએ છીએ કે કેટલાંક વિટામિનો ગરમીથી નાશ પામે છે, પણ અતિ અમ્લતા ધરાવતી આમલી આ વિટામિનોનું રક્ષણ કરવાનો અજબ ગુણ ધરાવે છે. આથી આમલીવાળી વાનગીનું આહારમૂલ્ય વધારે હોવાનું સમજી શકાય છે.

કવચવાળાં ફળ

બદામ, પિસ્તાં, અખરોટ, કાજુ, ચારોળી, ટોપરું ને મગફળીને પણ આપણે સૂકા મેવા તરીકે પિછાનીએ છીએ. આ બધાં કવચવાળાં ફળ (નટ્સ) તેના ઉપરનાં કવચ ફોડીને ખવાય છે. બજારમાં કવચ ફોડેલાં પણ મળે છે. આ ફળો ગુણમાં પૌષ્ટિક પણ પચવામાં ભારે હોવાથી તેમજ મોંઘાં હોવાથી તેમનો વપરાશ માત્ર મિષ્ટાન્ન સાથે સીમિત થએલો છે: કોપરા ને મગફળી સિવાય.

તાજાં લીલાં ફળોની જેમ કવચવાળાં ફળ કુદરતી સ્વરૂપમાં જ ખવાય છે. ખૂબીની વાત તો એ છે કે તે લાંબો વખત સુધી જીવાણુમુક્ત અને વિશુદ્ધ રહે છે. બહારથી કે અંદરથી તે જલદીથી સડતાં નથી.

કવચવાળાં ફળ ચરબીથી સમૃદ્ધ (૪૦થી ૬૦ ટકા), પ્રોટીનથી પુષ્ટ (૧૫થી ૨૫ ટકા) અને ઓછા કાર્બોહાઇડ્રેટ (૧૦થી ૨૦ ટકા)વાળાં છે. ચરબી તેમાં એવા રૂપમાં છે કે જો ફળ બરાબર ચવાય તો જ સહેલાઇથી પચી શરીરમાં વપરાય છે. ચરબીની જેમ આ ફળોમાં આવશ્યક સ્નેહામ્લો (ફૅટી ઍસિડો)ની સમૃદ્ધિ છે, આથી તે માખણની ગરજ સારે એવાં છે. તેના પ્રોટીનમાં બધાં જરૂરી એમાઈનો ઍસિડો હોઈ તે પ્રાણિજ પ્રોટીનના સરખા ગુણવાળાં છે અને માનવ પેશીઓ તે વડે જલદી ઘડાય છે. ડૉ. ગિલ્ડ્રેડ મૅક્કાઈ કૈથાન લખે છે કે સરખા વજનના માંસ અને કવચવાળાં ફળોમાં સરખા પ્રમાણમાં અને દૂધના કરતાં પાંચ ગણું પ્રોટીન છે. જોકે કવચવાળાં ફળોનું પ્રોટીન માંસ-મચ્છીના જેટલું ઉત્તમ તો નથી ગણાતું, પણ તે સારા પ્રકારનું તો છે જ. વળી તે શૂક અને શિંબી ધાન્યોનાં પ્રોટીનો કરતાં તો શ્રેષ્ઠ લેખાય છે જ. એક મત એવો છે કે તેમનું જૈવક મૂલ્ય (બાયૉલૉજિકલ વૅલ્યુ) શિંબી ધાન્ય કરતાં પણ નીચું છે. પ્રાણિજ પ્રોટીન કરતાં કવચવાળાં ફળોની સર્વોપરિતા એક બાબતમાં તો ખાસ છે કે તે બહુ વ્યય દ્રવ્યો નથી ઉપજાવતાં. વળી કવચવાળાં ફળોમાં ચરબીદ્રાવ્ય બધાં વિટામિનો જેવાં કે 'એ' 'ડી' 'કે' અને 'ઈ' છે. અપવાદ રૂપે માત્ર નારિયેળમાં વિટામિન 'એ' થોડા પ્રમાણમાં છે. બદામ મગફળી ને અખરોટમાં વિટામિન 'બી-૧' છે, 'સી' કોઈમાં પણ નથી. નારિયેળ સિવાય બીજાં કવચવાળાં ફળોમાં વજનના પ્રમાણમાં, દૂધ કે બીજાં ખાદ્યો કરતાં વધારે કૅલ્શ્યમ છે. બીજા મહત્ત્વના ખનિજ ક્ષારો પણ છે. તેમનું ઉષ્ણાંક-મૂલ્ય પણ ઊંચું છે. હચિન્સન કહે છે કે તે પનીર અને ડુક્કરના માંસ (બેકન)ના જેટલું કે તેનાથી યે વધારે છે.

ચરબીની પ્રચુરતા હોવાથી કવચવાળાં ફળો ઘણાં શક્તિદાતા છે. વળી પ્રોટીનોને લીધે તે શરીર બાંધનારાં પૌષ્ટિક ખાદ્ય પણ છે. ટૂંકામાં



કવચવાળાં ફળોમાં પોષણનાં બધાં મુખ્ય તત્ત્વો અતિ ઘટ્ટ પ્રમાણમાં રહેલાં છે. ડૉ. ઘોષ લખે છે કે 'કવચવાળાં ફળોનું પૌષ્ટિક તત્ત્વ માંસની ગરજ ઘણી સારી રીતે પૂરી પાડે છે.' વળી તેમાં કાર્બોહાઇડ્રેટ પ્રમાણસર હોવાથી મધુમેહના રોગીઓ માટે તે પથ્ય નીવડે છે. આમ, કવચવાળાં ફળ અતિ પોષણદાયી તો છે, પણ પચવામાં બહુ ભારે છે. તે પુષ્કળ ચવાય ત્યારે કે ઝીણા ટુકડાના રૂપમાં મિષ્ટાન્ન સાથે રંધાય તે પછી જ તેમના રેષાઓ પોચા પડી સહેલાઈથી પચે છે.

કવચવાળાં ફળ મિતાહારમાં ખાવાં જોઈએ. વધારે ખાવામાં આવે તો તેમાં રહેલી વધારે પ્રમાણની ચરબી ને પ્રોટીનો તથા સખત રેષાઓ આંતરડાંમાં બગાડ પેદા કરે છે. વળી તેમની રેસાળતા ગળાનો દાહ (ઇરિટેશન) ઉપજાવે છે. આ કારણે ક્ષય અને શ્વસનમાર્ગના રોગીઓએ કવચવાળાં ફળ ત્યજવાની સલાહ આહારશાસ્ત્રી હચિન્સન આપે છે. માંસાહારનું સ્થાન અપનાવી શકે એવાં પ્રોટીનો તો, ચરબી ને કાર્બોહાઇડ્રેટ હોવા છતાં એકલાં કવચવાળાં ફળ ઉપર જિંદગી નભી ન શકે. કૅલ્શ્યમ, વિટામિન 'એ' અને 'સી' મેળવવા માટે તેમની સાથે દૂધ, લીલોતરી શાકભાજી અને તાજાં ફળ લેવાં જરૂરી છે.

બદામનું સ્થાન કવચવાળાં ફળોમાં સર્વોપરિ છે. બીજાં ફળો કરતાં તેનું જૈવક મૂલ્ય પણ વધારે છે. વળી તે વધારે પોષણદાતા છે. એક અધોળ બદામમાંથી ૫·૯ ગ્રામ પ્રોટીન, ૩ ગ્રામ કાર્બોહાઇડ્રેટ અને ૧૬·૭ ગ્રામ ચરબી મળે છે; ૨૩ યુનિટ વિટામિન 'બી-૧' મળે છે; સારા પ્રમાણમાં લોહ કૅલ્શ્યમ ને પોટાશિયમના ક્ષારો તથા ખનિજપદાર્થો મળે છે, અને ૧૮૬ ઉષ્ણાંક ગરમી મળે છે.

બદામ મીઠી અને કડવી બંને હોય છે. મીઠી બદામનું તેલ ઔષધીય વપરાશમાં આવે છે. કડવી બદામના તેલમાં હાઇડ્રોસિયાનિક ઍસિડ હોઈ તે ઝેરી છે. તેલ ગરમ કરવાથી આ ઍસિડ ઊડી જાય છે.

મગફળીની જેમ બદામનું પણ દૂધ બનાવાય છે, જે બાળકોને માતાના દૂધના બદલામાં યોગ્ય અવેજી નીવડે છે. કાચી બદામ ખાવી અપચનીય હોવાથી રાત્રે તેનાં મીંજ પાણીમાં પલાળી રાખી સવારે છોડાં કાઢી નાખી પથ્થર પર લસોટી તેને દૂધમાં નાખી પીવી સારી છે.

મહર્ષિ ચરકે બદામ તથા અખરોટને બલપ્રદ, બૃંહણ (શરીર પુષ્ટ કરનાર) અને વૃષ્ય કહ્યાં છે. મગજ અને ધાતુની પુષ્ટિ માટે બદામ ગુણકારી હોવાનું સૌનું જાણીતું છે. ઉચ્ચ ઉષ્ણાંક મૂલ્યને લીધે પહાડખેડૂઓ અને પ્રવાસ-શોખીનોનો એ પ્રિય નાસ્તો છે. આહારશાસ્ત્રી હચિન્સન એક અંગ્રેજી કહેવત ટાંકે છે કે 'વેસ્ટકોટનાં ગજવાં બદામથી ભરી શકે તેને પ્રવાસમાં ભૂખે મરવાનું રહેતું નથી.' ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે આટલું ગુણદાયી કવચવાળું ફળ મગફળી છે. મગફળી ને ગોળ કે મગફળી ને ખજૂર શ્રેષ્ઠ ખોરાક બને છે.

પચ્ચીસ વર્ષ પહેલાં

આસો ૧૯૯૨ અંક ૧૫૪

કુમાર

કળામાં આજે વિવિધ પ્રવાહો ચાલી રહ્યા છે ત્યારે સદીઓની સાધના પછી ચરમ કક્ષાએ પહોંચેલી જાપાની કળાની (શ્રી રવિશંકર રાવળે આજથી પચ્ચીસ વર્ષ પરના અંકમાં આપેલી) આ વિશદ સમજણ પ્રેરક અને આંખો ઉઘાડનારી બનશે.

“જાપાની પ્રજામાં ચિત્રકળા ને ચિત્રો માટે જેવાં આદર અને સમજ છે તેવાં દુનિયામાં બીજે ક્યાં યે નહિ જણાય. જાપાનની ઘર બાંધવાની રૂઢિ જ એવી છે કે મુખ્ય ખંડમાં એક મોટો ચોરસ ગોખ રાખવામાં આવે છે. તેની નીચલી ઊંચાઈ જમીનથી માત્ર છ સાત ઈંચ જેટલી જ હોય છે. (જાપાનમાં બધાં ઘરોમાં જમીન પર જ બેસવાનો રિવાજ હોવાથી તેટલી ઊંચાઇ એ સ્થાન માટે બહુ જ અનુકૂળ છે.) આ ગોખલા-ગોલક-માં દરેક ગૃહસ્થ એકાદ ઊભા પટવાળું ચિત્ર લટકાવે છે અને નીચેના પાટ પર સુંદર રીતે ફૂલપાત્ર મૂકે છે. ઘણી વાર તેની આજુબાજુ રંગછટા વધારવા નાની મૂર્તિ કે નાનાં પૂતળાં ગોઠવે છે. આ ત્રણે વસ્તુની રચના માટે જાપાને સેંકડો વર્ષથી વિવિધ પ્રકારનાં કૌશલ્ય, ભાવના અને કદરદાની સેવ્યા કર્યાં છે. અને તેને જ લીધે જાપાનની દરેક પ્રવૃત્તિમાં કળા બહુ સંસ્કારિત ને ઉત્કૃષ્ટ રૂપે વ્યાપી રહેલી જણાય છે. તેમનો આ કલાપ્રેમ એટલો ઉત્કટ છે કે તેને પ્રજાનો શ્વાસ-પ્રાણ કહી શકાય. દરેક ગૃહસ્થ પોતાની સંપત્તિના પ્રમાણમાં કલાગોલકમાં મૂકવાનાં ચિત્રો સંઘરવાનો જ, અને ઘરેણાં જેટલું તેનું જતન કરવાનો. ગમે તેવો ગરીબ માણસ પણ આ હેતુ માટે હાથનું કરેલું જ ચિત્ર રાખશે. જાપાનમાં છાપેલાં ચિત્રો તો કોઈ લટકાવતું જ નથી. ગોલકનાં ચિત્રોને જાપાનમાં ‘ખાકીમોનો’ કહે છે. આ ખાકીમોનોની કળા એ જ જાપાનની પ્રધાન ચિત્રકળા. પછી બીજી ઘણી રીતે તેનો પ્રયોગ થયો છે. તેમાં બંધ કરવાનાં કાગળ-મઢેલાં બારણાં, અથવા આડ કરવાના પડદા (screens), પંખા વગેરેનો સમાવેશ થઈ જાય છે. આવાં ચિત્રકામોની કિંમત એક આંકડાથી પાંચ આંકડા સુધીની હોય છે, એટલે હિંદુસ્તાન સુધી તેના સર્વોત્તમ નમૂના જોવાની આશા ભાગ્યે જ રાખી શકાય.



‘ખાકીમોનો’ અથવા ચિત્રપટ


દરેક માણસ ત્યાં પોતાના દેશનું ચિત્રકામ પિછાની જાણે છે તેનું કારણ એ દેશમાં લખવાની ક્રિયા પીછીથી જ પ્રચારમાં આવી છે તે છે. આજે પણ જાપાનમાં દરેક બાળક તેના મૂળાક્ષરોથી માંડી હિસાબ, લેખન વગેરે પીછીથી જ કરે છે. પીછીના લહેકાથી અનેક લીલા કરી બતાવવાની રૂઢિ ત્યાં સ્વાભાવિક છે.તેનું બીજું પરિણામ એ આવ્યું કે ત્યાં ચિત્રો મોટે ભાગે કાળી શાહીમાં જ નિર્માયાં. કાળી શાહીના લિસોટાથી માંડી પાણીના પટમાં તેની અપવર્ણી મિલાવટો જાપાનની કળાને અનેકવિધ પ્રકારોમાં વહેંચી નાખે છે. લગભગ દરેક ચિત્રકાર પોતાની લાક્ષણિક હથોટી અને મિલાવટો માટે પ્રસિદ્ધ થયો છે, અને આજે ત્યાં યુરોપની કળાઓનો જબરો સંપ્રદાય જામ્યો હોવા છતાં અસલ જાપાની કળાની શ્રેષ્ઠતા એવી ને એવી ટકી રહી છે.

કોઈ પણ પ્રજાની કળામાં અમુક જાતની અગોચર મોહિની અને સૌંદર્ય હોય જ છે, જે સમજવાને ચાલુ ધોરણો નકામાં નીવડે છે; એટલે માત્ર ચક્ષુગમ્ય આકારોને જ આબેહૂબ ઉતારવામાં સફળતા સમજનાર માણસોને જાપાનની અનોખી નિરૂપણશક્તિ, પીછીવિહાર ને સૂચક કલાવિધાન રુચિકર થતાં નથી.

જાપાની ચિત્રકાર ફોટોગ્રાફિક છબિ ઉતારતો નથી. તે તો સ્વાનુભવ અને સંસ્કારથી પ્રેરિત થઈ પદાર્થ, દૃશ્ય કે પ્રસંગનો કાવ્યભાગ રજૂ કરે છે. ચિત્ર માટે તે અવકાશનો બહુ જ સફળ ઉપયોગ કરી જાણે છે. મોટી ભીંત પર એકાદ ચંદ્રને બરોબર હિસાબથી ચીતરી, હવા બતાવવા પૂરતી રંગની છાંટ આપી, એક વાદળી તરતી બતાવે છે, અને થોડાં સફેદ પંખીઓની હાર ચીતરી કોઇ કલ્પનાવિહાર રજૂ કરે છે; એટલું જ નહિ પણ કદીક તો એ પીછી વાપરવામાં યે અજબ કસર બતાવે છે. પીછીના બે લહેકાથી આકાર રજૂ કરી શકાય તો ત્રીજી વાર પીછી લગાડે પણ નહિ. આથી પોતાની પીછીમાંથી રેખાઓના હજારો આવિર્ભાવ કરવાની શક્તિ માત્ર જાપાનીઓમાં જ જોવામાં આવશે.

ખાલી રાખેલી જગ્યામાં પણ હિસાબ ને હેતુ હોય છે. તેમાંથી એક રજભાર જગ્યા ઓછી ન કરી શકાય એવી ગણતરીથી જ તેણે એક ખૂણે કે વચમાં મુખ્ય આકાર ખેંચ્યો હોય.નકામી ચપચપ છોડી દઈ માત્રઆવશ્યક અંગો દોરી વસ્તુનો સાક્ષાત્કાર કરાવવામાં જાપાની કળાની સફળતા છે. પીછીથી એક ડૂંડાળું એવી સિફતથી તે મારે છે કે કલ્પનાના ભાર માત્રથી પીછી મારફત સાચું સફરજન જ ચીતરાઈ આવે છે. એક-બે વખારે ચપકા મારતાં ડાળી ને પાંખડાં થઈ જાય છે. પવનમાં ઝૂલતો વાંસ, ગર્જન કરતા ધોધ, ઊડતાં પંખેરુ, કા-કા કરતા કાગડા અથવા વનસ્પતિ કે લીલ ઊગેલા પથરા ચીતરવાને લપેટા, વળાંકા ને રેખા, લેખન જેટલી સહેલાઇથી તે ચીતરે છે.

આ કહેવું અને જોવું સહેલું લાગે છે, પણ તે અસર ઉપજાવનારે વર્ષો સુધી બહુ ચિંતન-અજમાયશથી જ એ સિદ્ધિ મેળવી હોય છે. આવાં ઝડપથી ઉપજાવેલાં ચિત્રો જાપાનમાં બહુ માન પામે છે. તેમાં જીવન, ચેતન અને મોહિની હોવાં જોઇએ. કાગળ ઉપર જ્યારે ચિત્રકારનીબુદ્ધિ ને જિગરનું સત્ત્વ નિચોવાય



જાપાનના પ્રજાજીવનમાં પંખો અસલથી જ કલા અને ઊર્મિ પ્રકટ કરનાર સંકેત ગણાતો આવ્યો છે. પંખા વાપરવાની વિવિધ છટા ત્યાં સંસ્કાર રૂપે શિખવાય છે; આથી પંખા પરનું ચિત્રકામ પણ અનેક રૂપાંતરો પામે છે. એવો એક નમૂનો અહીં આપ્યો છે.





જાપાનની લાક્ષણિક શૈલીનાં બે ચિત્રો. બગલાને જાપાનમાં બહુ પવિત્ર સંકેત ગણવામાં આવે છે; અને સૂર્ય તો ત્યાંના રાજકુળનું મૂળ સ્થાન હોવાથી તે જાપાનનું રાજચિહ્ન બનવા ઉપરાંત અનેક પ્રતીકો દ્વારા રોજિંદી વસ્તુઓમાં પણ સ્થાન પામ્યો છે.



'બ્યોબૂ' એટલે આડપડદા ઉપરનું ડિઝાઈન. તેનાં ચિત્રોના આલેખનમાં ખૂબી એ હોય છે કે તેની બધી તકતીઓ ઉપર એક મોટું સળંગ ચિત્ર આચ્છાદિત કરેલું હોવા છતાં તેની કોઈ પણ એક જ તકતી ઉઘાડો તોપણ એક સંપૂર્ણ ચિત્ર તે ભાગ પર દેખાય.

ત્યારે એમાં સંપૂર્ણ સફળતા પ્રકટે છે ને ત્યારે લગભગ ચમત્કાર લાગે છે. અનેક ચિત્રકારો સભામાં પ્રેક્ષકોની હાજરીમાં સપાટાબંધ ચપોચપ દસ-બાર ચિત્રો તો દોરી નાખે છે ને એ દરેકમાં કંઈક ખાસ ખૂબી કે નવી ચાલાકી હોય જ. ટોકીઓના ફૂકી કોતે નામના ચિત્રકારે હમણાં થોડાં જ વર્ષો પર એક દિવસમાં ૧૨૨૪ ચિત્રો પોતાના પરોણાઓ માટે ચીતરી દરેકને એકએક ભેટ આપ્યું હતું! સવારના પાંચ વાગે હાથમાં બે જ મોટા પીછડા અને શાહીનું મોટું પાત્ર લઈ તે બેસી ગયા; સાંજે સાડા સાત વાગ્યે કામ પાર ઉતાર્યું! આ દરેક ચિત્ર એકએક ખાકીમોનોના જ માપનું હતું,—એટલે કે ૧ ફૂટ પહોળું ને ચાર ફૂટ ઊંચું! એ પૈકીનું એક ચિત્ર આ સાથે રજૂ કર્યું છે.

પ્રત્યેક જાપાનવાસીને બચપણથી જ પોતાના દેશની કથાઓ, વાર્તાઓ, ઇતિહાસ અને કવિતાનું સુદૃઢ જ્ઞાન આપવામાં આવે છે. બહુ ચૂંટેલી સુપ્રસિદ્ધ ૧૦૦ કવિતાનો સંગ્રહ લગભગ એકેએક જણને સુપરિચિત ને કંઠાગ્ર હોય છે. પ્રખ્યાત સૌંદર્યસ્થાનો, વૃક્ષો, દેવમંદિરો વગેરે સ્થળે ગરીબ કે શ્રીમંત દરેક જણ એક વાર જઈ આવવાની મનોવૃત્તિ સેવે છે; અને જાપાનનાં વસ્ત્રો, પદાર્થો કે દરેક બનાવટ ઉપર તે બધાને લગતું સૂચન કે ચિહ્ન તો ચીતરાએલું હોય જ. વસ્ત્રો પરની છાપ કે રંગ સુદ્ધાંમાં જાપાનનું કવિત્વ ભર્યું હોય. બે-ચાર પથ્થરો પર ઊગેલા વાંસના ચિત્રમાં પરદેશીને કંઈ જ ન લાગે, પણ જાપાનીને મન તો તેમાં જાપાનની ઉત્પત્તિનો ઊગમકાળ દેખાય છે. પૃથ્વીના પડ ઉપર દેવતાઓએ ભાલું મારી તે ઊંચું કર્યું ત્યારે કાદવના થોડા લચકા પડ્યા તેમાંથી જાપાન સરજાયું છે એ વાતનું તેમાં સૂચન હોય છે. એ જ પ્રમાણે દરેક ફૂલ, પાન, રંગ વગેરે જાપાનની ઋતુઓ, ઉત્સવો કે જીવનની રસિકતા પ્રકટ કરવા દોરાયાં હોય છે.

જાપાનમાં ચિત્રકારોની કૃતિઓ પ્રબળ જ્વાળામુખીની જેમ પ્રકટ્યા જ કરે છે, છતાં જાપાની ગૃહમાં જુઓ તો ટોકોનોમા (ચિત્રગોખ)માં તો એક યા બે જ ચિત્ર (ખાકીમોનો) હશે. વધારામાં બહુ તો ગોખના અગ્ર ભાગે છતને લાગીને 'ગાકુ' એટલે એકાદ આકાર ને લખેલી કવિતા કે નીતિસૂત્ર ચોડ્યું હશે. બાકીનો બધો કલાસંગ્રહ ભંડકમાં સાચવીને મૂક્યો હોય. તેનો વારો આવે ત્યારે જ તે બહાર નીકળે. બીજી શોભાની એકબે ચીજો હોય, તે પણ ખસૂસ કરી કલામય હોવાની. પછી બેસવાની ગાદી હોય કે નાસ્તાનો બાજઠ. આ થોડી ચીજોમાં જાપાની 'બ્યોબૂ' એટલે આડપડદો (સ્ક્રીન) તો શોભા તેમજ કળાના વાહન તરીકે પ્રધાનપદ પામે છે. 'બ્યો' એટલે આડું ધરવું. 'ફૂ' અથવા 'બૂ' એટલે પવન. પવન અટકાવવાનું સાધન તે 'બ્યોબૂ'. બેવડાઈ જાય તેવા પડદાને જ બ્યોબૂ કહે છે; પણ એક જ ચોકઠા પર મઢેલા, પાયાથી ટકવેલા ઘોડાપડદાને 'સુઈ તાતે' કહે છે. આવા ઓથપડદા ઘણી જાતના હોય છે પણ નવ ફૂટ જેટલા ઊંચા ને આઠ ચોકઠાના બનેલા 'જીન બ્યોબૂ' પર રાજ્યમહેલોમાં જે કળા છવરાઈ છે તે વર્ણનથી સમજવી અશક્ય છે.

આ પડદા મોટે ભાગે જાપાનના ઠકરાતી મહાલયોમાં મુખ્ય પુરુષ પાછળ ગોઠવવામાં આવતા, જેથી બેસનારનું દૂરથી ઓર ગૌરવ લાગે. આવાં ઘરોમાં અને રાજ્યમહેલોમાં સેંકડો 'બ્યોબૂ'નો સંગ્રહ થતો. મંદિરોને તે ભેટ આપવામાં પણ પુણ્ય મનાતું. દીકરીને દાયજામાં પણ બેચાર બ્યોબૂ આપવામાં ઘરનું ગૌરવ ગણાતું. બ્યોબૂ એકથી વધારે તકતીના બનેલા હોય ત્યારે તે ઉપરના ચિત્રકામમાં આલેખનનાં તાલમાન બહુ સચવાવાં જોઇએ. એમાંની એક જ તક્તી ઉઘાડીએ તો તે એક સંપૂર્ણ આચ્છાદિત ચિત્ર દેખાવું જોઇએ અને બીજો પટ ઉઘાડી સાથે મૂકીએ તો બેની જોડથી અખંડ સુશોભન લાગવું જોઇએ. આમ એના બધા પટ ઉપર એક જ ચિત્રાંકન પથરાયું હોય એ છતાં પ્રત્યેક પટમાં તેની સમતોલ ભરણી લાવવી એમાં ચિત્રકારની ખૂબી ગણાય.

જાપાની ચિત્રકારોની ચિત્રસૃષ્ટિમાં માનવી તો એક નજીવું સ્થાન ભોગવે છે. જાપાની પીંછીએ તેમના હાથે ઇતર સૃષ્ટિનાં જેટલાં સ્વરૂપ ચીતરાવ્યાં છે તેનો બહુ જ થોડો અંશ માનવમૂર્તિ પાછળ આપ્યો હશે. એક ડાળી પર પાંદડું કોતરતી ઇયળ અથવા પાણીમાં ઝૂલતા તણખલાની આસપાસ ભમતા તીડથી માંડી પ્રચંડ પહાડો અને ગર્જના કરતા પડતા

નિબંધ

સાહિત્યના એ અંગની ટૂંકી પણ ઉપયોગી સમજ આપતા લેખમાંથી

સાહિત્યમાં નિબંધનું અંગ નાનું પણ મહત્ત્વનું છે. બહોળા વાચન અને ઊંડા વિચારને અંતે નિબંધનું શરીર ઘડાય. નિબંધ પરત્વે એવો ખોટો ખયાલ પ્રચલિત છે કે જેથી જાતજાતનાં ને ભાતભાતનાં લખાણોને નિબંધની કોટિમાં બેસાડી દેવાય છે. બાળકોને નિશાળમાં લખતાં વાંચતાં આવડ્યું કે ગાયઘોડાથી માંડી સત્ય ને પ્રામાણિકતા ઉપર નિબંધ લખાવાય છે.

ગુજરાતી સાહિત્યમાં નિબંધ અણુવિકસિત અંગ છે અને ઘણે અંશે અપ્રિય પણ છે. એનો અર્થ સ્પષ્ટ નથી. કવિતા નહિ, નાટક નહિ, વાર્તા કે નવલકથા નહિ તે નિબંધ, એવો નકાર ભર્યો વિચાર પણ યોગ્ય નથી. નિબંધ એટલે કળા, સર્જન અને શુદ્ધ સાહિત્યનું ઊંચું અંગ એ જ એની સત્ય કક્ષા છે. પદ્યમાં ઊર્મિભરી નાની કવિતાને જેવું સ્થાન છે તેવું સ્થાન ગદ્યમાં નિબંધનું હોય. ફેર એટલો જ છે કે કવિતામાં જેવાં લાગણી અને અનુભવ છે, તેવાં નિબંધમાં મનન અને ચિંતન હોય. કવિતાના સુંદર ભાવ સમજવા અને પ્રશંસા કરવા વાચકને હૃદયની જરૂર છે તેટલી જ નિબંધની તુલના કરવા બુદ્ધિની યોગ્યતા જોઇએ. નિબંધના લેખકમાં અભ્યાસ અને ઊંચી કલ્પનાનો સંયોગ હોવો જોઇએ.

નિબંધ લખવો એ કંઈ નિશાળિયાની રમત નથી. નિબંધ એટલે એક વિષયને અથથી ઇતિ સુધી ચૂંથી નાખવો કે તેનું પરિપૂર્ણ સમર્થન કરવું એમ પણ નહિ. નિબંધનો ઉદ્દેશ ઉપદેશ કે વિષયનું સમર્થન પણ નથી. જે લખાણથી વાચક કંટાળી જાય તે નિબંધમાં ન ખપે. ઊંચો નિબંધ પહેલેથી તે છેલ્લે સુધી વાચકને મુગ્ધ રસમાં પકડી રાખે. નિબંધમાં વિચારોની પરંપરા હોય પણ એક જ વિચારનું પિષ્ટપેષણ ન હોવું જોઈએ. એક જ વિચાર ઉપર અસમાન ભાર એ સારા નિબંધનું લક્ષણ નથી. શબ્દની ઝાંઝર ને વાક્યોની આંટીઘૂંટી એ આવા સાહિત્યમાં જરા યે ન પાલવે. આપોઆપ સહેલાઈથી ન સમજાય એવું લખાણ સાહિત્યની હદમાં પણ ન આવે. એક જ વિષય ઉપર છૂટાછવાયા વિચાર હોય તો પણ તે બધા ફૂલની માળા માફક એક જ દોરીએ પરોવાએલા હોવા જોઈએ. વિષયાંતર એ નિબંધનો રોગ છે, તેમ જ એકાએક વિચારનો ઉથલો કે પલટો એ બીજો વ્યાધિ છે.

નિબંધનો ખરો રસ તેની ભાષા ઉપર છે. સચોટ ભાષા, છટાયુક્ત શૈલી અને વહેતી નદી જેવો વિચારપ્રવાહ ગમે તેને આકર્ષી શકે. કોઈના ઉછીના લીધેલા વિચારો કે પારકાના ઘસડી આણેલા શબ્દો કદી યે સાહિત્યમાં ઝળકાટ ન આણે. સ્પષ્ટ વિચાર, સાદી ભાષા ને અણસમજને અવકાશ ન રહે એવી શૈલી નિબંધને દીપાવે.

જે પ્રજાના સાહિત્યમાં તેજસ્વી નિબંધ ન હોય તે પ્રજાનું માનસ ઊંચી કોટિનું ન હોય. નિબંધ સાહિત્યનો અર્ક છે, પ્રજાના માનસનું માપ છે.


—સુરેશ દીક્ષિત

ઘોઘનાં આલેખનો કરતાં તે બ્રહ્માંડ માપી લેતો દેખાય છે. જાપાનનો ગિરિવર 'ફ્યુજી' તો ચિત્રકારોનું યુગોથી પ્રિય ચિત્ર-કેન્દ્ર બન્યો છે. ચિત્રવસ્તુના પ્રાણનું આવાહન કરવા જાપાની, દિવસોના દિવસો પોતાની સૃષ્ટિના ધ્યાનમાં મશગૂલ બને છે અને સૃષ્ટિની પેઠે પોતાનું ચિત્ર પોતે ઉપજાવી શકશે એવી ખાતરી થાય ત્યારે જ તે ખરા પટ ઉપર અવતારે છે. ત્યાં સુધી અસંખ્ય નોંધો, અવલોકનો વગેરે કરીકરીને નાના પ્રયોગોથી હાથ, આંખ અને સ્મૃતિ કેળવ્યા કરે છે. પક્ષીઓના ચિતારા પક્ષીઓનાં પીંજરાં પાસે દિવસોના દિવસો બેસી તેની ચેષ્ટાઓ નિહાળ્યા જ કરે છે. કાગડો કે વાંદરો ચીતરનારો ચિત્રકાર તેના કુટુંબી જેટલો પરિચય પામ્યા વિના ચિત્ર કરતો જ નથી. એ ચિત્રો રંગના લસરકા નથી હોતા, પણ સાક્ષાત જીવંત પ્રતિમા બને છે.

હવા, ધુમ્મસ, વરસાદ, તોફાન, વાવાઝોડાં વગેરે ચીતરવામાં જાપાની કલાકારો જગતમાં અદ્વિતીય ગણાય છે. તેમનું કાળા રંગપરનું પ્રભુત્વ અજબ છે. એ ચિત્રો પણ પાણી અને પીંછી ભુલાવી તત્ત્વોનું જ સાન્નિધ્ય કરાવી આપે છે. ચિતારો ભાગ્યે જ નાનકડાં ચિત્રો કરે છે. લગભગ વીસ ફૂટ બાઈના મોટા પડદા હોય તો પણ તેમાં પાણીના રંગથી ચીતરાયું છે કે હવાના રંગો પૂર્યા છે તેનો આપણને ભ્રમ થાય! એ ચિત્રોની તાજગી, જેમ અને કવિતા, સામે ઊભા રહીએ ત્યારે વગર શબ્દે સમજાય એવાં અને આપણને લીન કરી નાખે એટલાં પ્રભાવશાળી હોય છે.

ચિત્રકારનું માનસન્માન ત્યાં પ્રોફેસરો કે ધર્મગુરુ જેટલું જ હોય છે. સમાજમાં તે જ્યાં જાય ત્યાં આદરમાન અને ઉત્તેજન મેળવે છે. બજારમાં બેસતો કલાકાર પણ ધંધા પર નભી રહે એટલી ઘરાકી તેને માત્ર રાહદારીઓમાંથી જ મળી રહે છે. દરેક યુનિવર્સિટી, ધર્મમંદિર તેમજ શ્રીમંત સંસ્થામાં નામીચા ચિત્રકારોની કૃતિઓ સંઘરવાનાં મોટાં ફંડો હોય છે. આથી પ્રજાજીવનમાં કલાનો એક પ્રકારનો અનોખો તાલ ને ઉલ્લાસ નજરે પડે છે. દરેક જાતની પ્રવૃત્તિમાં કલાકારનો મત ને સલાહ પ્રધાન સ્થાન લે છે. નાટકો, દશ્યો, બગીચાઓ, બનાવટો સર્વ પર ચિત્રકારની પ્રેરણા કામ કરતી દેખાય છે. આખા દેશમાં સેંકડો મંડળો કલાપ્રવૃત્તિ અર્થે ત્યાં બંધાયાં છે. દરેક મોટા ચિત્રકારને ત્યાં સેંકડો વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોય છે. રંકથી રાય સુધીનાને કલા ત્યાં આનંદ અને પ્રકાશ આપતી રહી છે."

વાચક-વિશ્રુત વિદ્વાન પ્રકૃતિવિદ્ શ્રી હરિનારાયણ આચાર્યે 'વનેચર'ની સહીથી લખેલી માળા 'વનવગડાનાં વાસી'માં આ અજબ જીવડાનો રસપૂર્ણ પરિચય ત્યારે આવેલો.



હઠીલો વાણિયો

આપણે ત્યાં નાનામોટા સૌ આ જીવડાને ઓળખે છે. એરોપ્લેન જેવો એનો દેખાવ. વીજળી વેગે પાંખો ફફડાવવાની એની ટેવ. એક ને એક સ્થળે ફરીફરીને આવવાનો એનો 'હઠીલો' સ્વભાવ. શરીર પાતળી સોટી જેવું: નાનામાં નાનું એક ઇંચનું, મોટામાં મોટું ત્રણેક ઇંચ જેવડું. એનું પેટ દસ સાંધાવાળું. પતંગિયાંની પાંખો મોહક પણ એનો દેહ તો જરા યે આકર્ષક નહિ. જ્યારે હઠીલા વાણિયાનો દેહ તો મનોહર છે. એનો રંગ ચળકતો ને વિવિધવરણો: કોઈ પીળા, કોઇ લાલ; કોઇ લીલા, ગુલાબી, કાળા—એમ અનેક રંગના દેહવાળા વાણિયા જોવામાં આવે છે.

પાંખો સરખી કે સરખા જેવી. બંને તરફ બબ્બેના જોડકે; આડીઅવળી નસો ગૂંથીને બનાવેલી ટેનિસ રૅકેટની જાળી જેવી. ઉઘાડી (પતંગિયાંના જેવાં રજકણવિનાની) આજે તો મોટામાં મોટી ૩॥ ઇંચની જોવા મળે છે.

સામાન્ય રીતે પાંખો રંગ વિનાની કે ક્વચિત લાલપીળા રંગના છંટવાળી જ હોય છે. છતાં બેત્રણ જાતોની પાંખો અવર્ણ્ય સુન્દરતાવાળી છે. એમાંની એકની ચકચકિત તલવારના રંગની, આસમાની કે લીલા રંગની. બીજી જાતની પાંખોનો રંગ લીલો, વાદળી કે તાંબાવરણો ભારે જમાવટવાળો હોય છે. પણ આ બધાંને પાણી ભરાવે એવી તો ત્રીજી જાત છે. એમાં અનેક—ચકચકિત લાલ, બદામી, આસમાની, તાંબાવરણા, લીલા—રંગોનું એવું સપ્રમાણ અને અદ્ભુત મિશ્રણ છે કે એની શોભા કેવળ વર્ણનાતીત જ છે.

મૂછો: નાની, માથામાં ઢંકાઈ જતી. સૂંઢ નથી, કારણ એ માંસાહારી છે; એટલે કઠણ જીવડાં ચાવવાને દઢ જડબાંવાળું એનું મોં હોય છે. આંખો: મોટી, ચણાની દાળના દાણા જેવડી. માથાની બંને બાજુએ આવેલી.

પગ: છ. જીવડાં પકડી શકાય તેવા, પણ ચાલવામાં નકામા. પતંગિયાં ચાલે ખરાં, પણ એમના પગથી જીવડાં પકડવાનાં નથી, એટલે એમાં કેટલાકના આગલા પગ નકામા હોય છે.

કાતરિયું: કેટલીક જાતોની માદાની પૂછડી નીચે સહજ વાંકું, છરીના ઘાટનું નાનું 'કાતરિયું' હોય છે. એના વડે એ પાણીના છોડમાં ઊભો ચીરો પાડી, અંદર ઈંડાં મૂકી શકે છે.

અવતારલીલા: પતંગિયાંની પેઠે હઠીલા વાણિયાને પણ કેટલાક અવતાર લેવા પડે છે. પણ પતંગિયાંથી એની રીત જુદી. વાણિયાનું બચપણ પાણીમાં જ જાય છે. એની માદા વરસમાં એક જ વખત ઈંડાં મૂકે છે.

એકત્રીસ દહાડામાં તો ઈંડું ફાટે ને બીજો અવતાર થાય. પછી બીજામાંથી ત્રીજો, એમ અગિયાર (કોઈ કોઈના તો પંદર) અવતાર સુધી પહોંચે, એટલે પૂર્ણ અવયવવાળો હઠીલો વાણિયો બને. ઇંડામાંથી પૂર્ણ વિકાસ થતાં બેથી પાંચ વરસ લાગે છે! આ સમય દરમિયાન એનો આહાર પાણીમાં રહેતી જીવાત હોય છે. નદી, તળાવ, કાદવ કે સરાણમાંથી મચ્છર વગેરેને ખાય એટલે દરજ્જે એની આર્થિક ઉપયોગિતા. રાતે ઘરમાં આવીને નાનાં ફૂદાં ખાતાં પણ મેં એને જોયો છે. મોટા વાણિયા નાનાનો ભક્ષ કરે એ વળી વધારામાં. એમનો પ્રિય વસવાટ તો ભેજવાળાં સ્થળ કે જળાશયની સમીપનો પ્રદેશ છે. ઝાડની ઘટામાં પાન કે ડાળી પર બેસી રહેવાનું પણ એમને ગમે છે. સ્વભાવે જ એ સૂર્યપ્રકાશના પરમ પૂજારી હોઈ સૂર્યોદયથી તે ઠેઠ સંધ્યાકાળ સુધી એમનું ભ્રમણ ચાલુ રહે છે.

એમનો ઊડવાનો વેગ અકલ્પ્ય છે. કોઇકોઇ જાતની ગતિ તો કલાકના ૬૦ માઇલ જેટલા વેગવાળી છે! આ વિચિત્ર જંતુની જગતમાં ૩૦૦૦ જેટલી જાતો જાણવામાં આવી છે.

સોનું : નકામી ધાતુ !

વ્યવહારમાં સોનું સૌથી કીમતી ધાતુ ગણાય છે, છતાં વિજ્ઞાનશાસ્ત્રીઓની દૃષ્ટિએ તે સૌથી નકામી ધાતુ છે! વિજ્ઞાનશાસ્ત્રીઓ પણ કોઈ વિચિત્ર પ્રાણીઓ લાગે છે! તેમને મન હીરો ને કોલસો જેમ બંને કાર્બન છે તેમ સોનું નકામી ધાતુ છે! તેમ છતાં ભારતમાં દર વર્ષે કરોડો રૂપિયાનું સોનું દાણચોરીથી ઘુસાડવાનો પ્રયાસ થાય છે. વિજ્ઞાનશાસ્ત્રીઓ ગમે તેમ કહે, પણ દાણચોરો અને ધનની તૃષ્ણા ધરાવનારાઓ માને છે કે 'સર્વે ગુણ કાંચનમાં રહેલા છે.'

સોનાનો ઉપયોગ દાગીના બનાવવા સિવાય બીજે ભાગ્યે જ થતો હશે. એક જમાનામાં દુનિયાના ઘણા દેશોમાં સોનાનું ચલણ હતું. આજે સોનામહોરની કિંમત તેના સોનાના બજારભાવ જેટલી જ છે. આથી કોઈ જ સુધરેલા દેશમાં સોનાના ચલણી સિક્કા નથી. આજે ભારતમાં એક તોલો સોનાનો ભાવ રૂા. ૧૨૫ થી ૧૩૦ રૂપિયાની વચ્ચે વધઘટ થયા કરે છે, તે કૈં એ સોનાનો સાચો ભાવ નથી, આયાતબંધીનો ભાવ છે. આમ, ઉપયોગની દૃષ્ટિએ સોનાનું મહત્ત્વ બીજી ધાતુઓની સરખામણીમાં લગભગ કંઈ જ નથી. હા, સોનાને જેટલું ટીપીને પાતળા વરખ બનાવી શકાય છે તેટલી બીજી કોઈ ધાતુને નથી ટીપી શકાતી. ૪૦ લાખ વરખની થપ્પી કરો ત્યારે એક ઈંચ જાડી થપ્પી થાય! સોનાના અક્ષરો લખવામાં એ વરખ વાપરી શકાય, છતાં તે મોંઘા ન પડે. ઉપરાંત સોનું દાંતમાં ભરવામાં વપરાય છે; કાચના રસમાં અલ્પ માત્રામાં સોનું ઉમેરો તો સુંદર રાતા કે જાંબુડા રંગનો કે સુંદર ભાતનો કાચ બનાવી શકાય. એથી વધુ ઉપયોગ સોનાનો નથી, પણ સૌથી મોટો ઉપયોગ તો દાણચોરીમાં છે!

સોનાની શોધ ક્યારે થઈ, કોણે કરી તે આપણે જાણતા નથી, પણ છ હજાર વર્ષ પૂર્વે પશ્ચિમ એશિયાના આર્યો અને પ્રાચીન મિશ્ર (ઇજિપ્ત)ના લોકો સોનાનો ઉપયોગ કરતા હતા. સોનું અને તાંબું એ બે જ સુંદર રંગીન ધાતુઓ છે. તેમાં પણ સોનું વધુ સુંદર છે અને દુર્લભ છે. આથી તેની કિંમત હમેશાં ઊંચી રહી છે. નાણાંની કિંમત ઘટે છે ત્યારે સોનાની વધે છે. બીજા વિશ્વવિગ્રહ પહેલાં ૨૦ રૂપિયે તોલો સોનું મળતું, આજે તેમાં ૧૦૦ ઉમેરો તો પણ નથી મળતું.

સોનું સૌથી ભારે તત્ત્વો પૈકી એક છે. પોલાદ કરતાં લગભગ ત્રણ ગણું ભારે છે. એક ઘન ઈંચ લોઢાની લગડીનું વજન ૪½ આઉંસ થાય, પણ એવડી જ સોનાની લગડી આશરે ૧૧ આઉંસ થાય! ૨×૪×૮ ઇંચ (૬૪ ઘન ઈંચ)ની ઇંટનું વજન છ રતલ થાય તો તેવડી સોનાની લગડીનું વજન ૪૪ રતલ થાય! સોનાની શુદ્ધતાનું માપ કૅરેટ છે. ૨૪ કૅરેટનું સોનું ૧૦૦ ટકા શુદ્ધ ગણાય. પરંતુ સોનું નરમ ધાતુ હોવાથી તેમાં તાંબું મેળવવું જોઇએ. દાગીના માટે ૧૮થી૨૨ કૅરેટનું સોનું વપરાય છે. ૧૪થી ઓછા કૅરેટના સોનામાં જેમ કૅરેટ ઓછા તેમ તાંબું કટાઇને સોનું લીલું થવાનો સંભવ વધારે. દુનિયામાં સૌથી વધુ સોનું દક્ષિણ આફ્રિકામાં નીકળે છે. હવે રશિયા તેમાં ઝડપથી વધી રહ્યું છે.

હવે થોડી રૂપાની વાત કરીએ. કેવી સુંદર ધવલ ધાતુ છે! પણ તેનો પાઉડર કાળો હોય છે! રૂપાનો સૌથી વધુ ઉપયોગ વાસણ, વસ્તુઓ અને દાગીના બનાવવામાં થાય છે, અને ઘણા દેશોમાં તે ચલણમાં પણ છે. આપણા દેશમાં ચલણમાંથી તે સાવ ગયું. રૂપાને પણ ટીપીને વરખ બનાવી શકાય છે, પણ સોનાના વરખ જેટલા પાતળા નહિ. રૂપું અને ક્લોરિન એકેક અણુના પ્રમાણમાં સંયોજિત થઇને સિલ્વર ક્લોરાઇડ થાય છે. તેમને માત્ર સૂર્યપ્રકાશ વડે જ છૂટાં પાડી શકાય. ક્લોરિન ગૅસ તરીકે ઊડી જાય અને પાછળ રૂપાનો કાળો પાઉડર રહે! ફોટોગ્રાફિક ફિલ્મ પર આ સિલ્વર ક્લોરાઇડ કે બીજું કોઈ પણ સિલ્વર કૅમ્પાઉન્ડ હોય છે. તેમાં જેટલા ભાગ પર પ્રકાશનો ઝબકારો પડે એટલા ભાગ ઉપરથી ક્લોરિન ઊડી જાય અને રૂપાની કાળી આકૃતિ ઊઠી આવે છે, જે બીજાં રસાયણોના દ્રાવણમાં નાખવાથી ફોટોગ્રાફની નેગેટિવ ફિલ્મ રૂપે તૈયાર થાય છે. ભારતની ધરતીમાં રૂપાની અછત છે. દુનિયામાં સૌથી વધુ રૂપું મેક્સિકો કાઢે છે. ('પ્રવાસી')

હાથ ધોવા માટે ટીકડી

પશ્ચિમના જગતમાં આજે સરળતાનો યુગ ચાલે છે. પશ્ચિમ જર્મનીમાં હમણાં હાથ ધોવા માટે પણ ટીકડી બનાવી છે. હાથમાં ટીકડી મૂકીને તેના ઉપર થોડુંક પાણી રેડીએ એટલે નાનકડો મઝાનો સાબુ બની રહે! પ્રવાસમાં કે ઑફિસમાં આવી ટીકડીઓનું પૅકેટ રાખવું સુગમ પડે. એક વખત હાથ ધોવા માટે એક ટીકડી વાપરવી પડે; પણ બીજી કાંઇ કડાકૂટ નહિ.

ક્રાયોજેનિક્સ

વિજ્ઞાનક્ષેત્રે જે અનેકવિધ નવા પ્રદેશોનું ખેડાણ થઈ રહ્યું છે તેમાં 'ક્રાયોજેનિક્સ' નામે એક નવો વિસ્તાર પણ ઉમેરાયો છે. ધાતુઓ અને બીજા કુદરતી પદાર્થોને શૂન્યથી પણ નીચે ૪૦૦ ડિગ્રી ફે૦ (૨૪૦ ડિગ્રી સે૦) જેટલા શીતમાન સુધી ઠારી નાખીને તેને અનેક અજ્ઞાત નવા ઉપયોગોમાં પ્રયોજવા વિજ્ઞાન પ્રયત્ન કરી રહ્યું છે.

ધાતુઓ વગેરેને આમ અતિશય શીતમાને ઠારવાથી તેમના પર સામાન્યરીતે ન થઈ શકે તેવી અનેક ક્રિયા-પ્રક્રિયાઓ કરી શકાય છે, કેમકે આટલા શીતમાને તેનાં બંધારણીય તત્ત્વોમાં ધરમૂળથી ફેરફાર થઈ જાય છે. મોટા તોતિંગ લોખંડી બાટલાઓમાં સમાતા વાયુને આ 'ક્રાયોજેનિક્સ' વડે પ્રવાહીરૂપ આપી બહુ ઓછી જગ્યામાં સમાવી શકાય છે. થોડીક જ ગરમી આપતાં ગળી જતું સીસું ક્રાયોજેનિક્સની મદદથી પોલાદની કમાન જેવું સ્થિતિસ્થાપક બની શકે છે! સ્ટેઈનલેસ સ્ટીલની મજબૂત નળીને ક્રાયોજેનિક્સની સહાયથી જોઇએ તેવા આકારમાં વાળી શકાય છે.

વળી આ અતિશય શીતમાનથી ઘણા પદાર્થોની વીજળીવાહકતા પણ ખૂબ વધી જાય છે, જેને 'સુપર કન્ડક્ટિવિટી' કહે છે. એનાથી વીજળીની મોટરો સોએ સો ટકા કામ આપી શકે. ઇલેક્ટ્રિક સર્કીટરી જેવી આખો ખંડ રોકતી વ્યવસ્થાને ક્રાયોજેનિક્સની મદદથી માત્ર એક પાંઉ રોટી જેવડા ખોખામાં ગોઠવી શકાય! અને વિજ્ઞાનીઓનું ધારવું છે કે ક્રાયોજેનિક્સની સહાયથી 'ઇલેક્ટ્રૉનિક બ્રેઇન' નામે ઓળખાતા કૉમ્પ્યુટર્સને એક ટચૂકડી ડબ્બી જેવડા ખોખામાં સમાવી શકાશે! આજે અમેરિકન બજારોમાં તો ઔદ્યોગિક વાયુઓના વિક્રેતાઓ નાઇટ્રોજન, ઑક્સિજન આર્ગન, હાઇડ્રોજન, ને હેલિયમ વગેરે વાયુઓ ક્રાયોજેનિક્સથી પ્રવાહી બનાવી દીધેલા રૂપમાં જ વેચે છે.



શૂન્યથી યે નીચે ૪૨૩ અંશ ફેરનહાઇટ જેટલા શીતમાનવાળા પદાર્થને સંઘરવા માટેની ખાસ ટાંકીમાં ભરાતો પ્રવાહી હાઇડ્રોજન

આપણા દેશમાં તામ્બૂલભક્ષણનો રિવાજ પ્રાચીન છે. અધરોષ્ઠના પ્રસાધન માટે પ્રયોજાતા તામ્બૂલ વિષે આયુર્વેદના ગ્રંથકર્તાઓએ ખાસ વિચાર કર્યો છે અને સ્વસ્થવૃત્તમાં તામ્બૂલભક્ષણને સ્થાન આપ્યું છે. આચાર્ય સુશ્રુતે ભોજન પછી તામ્બૂલભક્ષણ સૂચવ્યું છે કેમકે તામ્બૂલપત્ર વિશદ ગુણ ધરાવે છે.

ભોજન પછીનો કાળ કફનો પ્રકોપકાળ છે. પાન કફનો નાશ કરી મુખ અને કંઠને સ્વચ્છ (વિશદ) બનાવે છે. તામ્બૂલભક્ષણથી, સુશ્રુત કહે છે તેમ, વધુમાં જીભનું શોધન ને પ્રસેક (લાળ)નું શમન થાય છે તથા ગળાના રોગોનો નાશ થાય છે. ભોજન પછી પાન ખાવાથી એક બીજો મહત્ત્વનો લાભ પણ થાય છે: પાન રસમાં તીખું અને ઉષ્ણ હોવાથી 'અગ્નિસંદીપનમ્' છે. ભોજન પછી જઠરાગ્નિ પ્રદીપ્ત થાય તો ખોરાકનું બરાબર પાચન થઈ શકે. આયુર્વેદે તો 'તામ્બૂલભક્ષણથી અગ્નિ પ્રદીપ્ત થાય છે અને ખોરાકનું પાચન થાય છે' એમ કહ્યું જ છે, પણ લેફ્૦ કર્નલ ચોપ્રાએ પણ એમના Indigenous Drugs of Indiaમાં નાગરવેલના પાનમાં ડાયેસ્ટેઝ (Diastase) નામનું તત્ત્વ પ્રચુર માત્રામાં રહેલું છે અને એ સ્ટાર્ચને પચાવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે એમ પણ લખ્યું છે. ડૉ. વામન દેસાઇએ પણ પાનને 'ઉત્તમ દીપનપાચન' કહ્યાં છે.

પાન ખાવાનો સમય

સુશ્રુતે ભોજન પછી, તેમજ સૂઇને ઊઠયા બાદ, અને સ્નાન બાદ પણ તામ્બૂલભક્ષણ સૂચવ્યું છે. ઊંઘીને ઊઠયા પછી પણ કફનો પ્રકોપ થતો હોઈ મુખને વિશુદ્ધ કરવાની જરૂર પડે છે. સ્નાન પછી નિત્યકાર્યમાં લાગી જવાનું હોઈ તામ્બૂલભક્ષણ જરૂરી છે, કેમકે પાન મુખને સુગન્ધમય બનાવી મનને પ્રસન્ન કરે છે. મનની પ્રસન્નતાને કારણે નિત્યકર્મમાં ઉત્સાહ ભળે છે, અને ઉત્સાહ એ મનનો ઉદ્યોગ છે. સુવાસિત મુખ અને પ્રસન્ન વ્યક્તિત્વથી સંપર્કમાં આવનાર વ્યક્તિ પર મધુર ને આકર્ષક છાપ પડે છે. આથી જ ભાવમિશ્રે વિદ્વાનોની સભામાં તામ્બૂલભક્ષણ કરીને જવાની આજ્ઞા કરી છે. વધુમાં ભાવમિશ્રે રતિક્રિયા પૂર્વે અને પછી પણ તામ્બૂલભક્ષણ સૂચવ્યું છે, કેમકે તામ્બૂલપત્ર કામસંદીપન છે.

આયુર્વેદમાં પાનમાં સોપારી ઉપરાંત કપૂર, જાયફળ, ચણકબાલા, લવિંગ ને કસ્તૂરી જેવા સુગંધી પદાર્થો નાખવાનું કહ્યું છે. વળી પાનને 'કૃમિહર' માન્યું છે, અર્થાત્ પાન જંતુનાશક છે. આજનું વિજ્ઞાન પણ પાનમાં રહેલા ઉડ્ડયનશીલ તેલને જંતુનાશક માને છે. કૃમિની ઉત્પત્તિમાં કફને ખાસ કારણભૂત માનેલો છે. પાન કફનો નાશ કરનાર હોઈ કૃમિનાશક પણ છે. ડિપ્થેરિયામાં ઉપર્યુક્ત તેલ ઉપયોગી મનાયું છે. સુશ્રુતે તામ્બૂલભક્ષણથી ગળાના રોગોનો નાશ થાય છે એમ લખ્યું જ છે.

પાનમાં મુખ્ય દ્રવ્યો તરીકે કાથો, ચૂનો ને સોપારી વપરાય છે. ભાવમિશ્રે 'સવારના પાનમાં સોપારી અધિક નાખવી, બપોરના પાનમાં કાથો વધુ નાખવો અને રાતના પાનમાં ચૂનો અધિક ચોપડવો' એમ લખ્યું છે. સવાર કફનો પ્રકોપકાળ હોઈ કંઠ અને મુખની શુદ્ધિ માટે સોપારી ઉપયોગી બને છે; બપોર પિત્તનો પ્રકોપકાળ હોઈ અધિક કાથાવાળું પાન પિત્તશામક બને છે; સાંજ વાતપ્રકોપકાળ હોઈ ઉષ્ણ ક્ષાર ચૂનો વાયુનું શમન કરે છે.

નિષેધ

રક્તપિત્ત, ક્ષતક્ષીણ, તૃષ્ણા અને મૂર્ચ્છાથી પીડિત, રુક્ષ, દુર્બળ અને જેમને મોંમાં શોષ પડતો હોય તે સર્વને તાંબૂલ હિતકારક નથી (સુશ્રુત). વિરેચન લીધું હોય અને ભૂખ્યો હોય એને માટે તથા દાંત ને આંખના રોગી, ક્ષયરોગી તથા વિષ અને મદવાળાઓને પણ તામ્બૂલનો નિષેધ છે એમ ભાવમિશ્રે જણાવ્યું છે. અતિશય તામ્બૂલભક્ષણ કરવાથી દેહ, દૃષ્ટિ, કેશ, દાંત, અગ્નિ, શ્રોત્ર, વર્ણ અને બલ એ સર્વનો ક્ષય થાય છે, શરીરને શોષ લાગુ પડે છે તથા પિત્ત, વાયુ અને રક્ત વિકૃત થાય છે એમ જણાવી તામ્બૂલભક્ષણના અતિચાર સામે આયુર્વેદે આંગળી ચીંધી છે.

આજે દિવસમાં એક વાર ખવાતાં બજારુ પાન તો એમાં વપરાતાં નિઃસત્ત્વ દ્રવ્યો અને અસ્વચ્છતાને કારણે રોગોત્પાદક હોઈ નિષિદ્ધ છે. પાન સાથે તમાકુ ખાવાનો રિવાજ પણ શરીરઘાતક જ છે. પાન ખાધા પછી મોં-દાંતની સમ્યક્ શુદ્ધિ ન કરવાથી દાંતના મૂળમાં સડો થાય છે. 'ધન્વન્તરિ-નિઘંટુ' તામ્બૂલના સ્વર્ગમાં પણ દુર્લભ એવા તેર ગુણોનું નિરૂપણ કરે છે; પણ એ તેર ગુણોની પ્રાપ્તિ માટે ઘેર સાચાં ને વિશુદ્ધ દ્રવ્યો નાખીને બનાવેલા પાનનો ઉપયોગ કરવો જોઈએ. ભાવમિશ્રે પાનની નસોને બુદ્ધિવિનાશિની કહી છે, એટલે ઘેર પાનનો ઉપયોગ કરતી વખતે પાનની નસો કાઢી નાખવી જોઇએ. **લાભશંકર ઠાકર**

અનુસંધાન] **વાચકો લખે છે** [પૃ. ૩૫૨થી

મારા સોળ વરસના દીકરાને એક વિચિત્ર પ્રકારનો રોગ લાગુ પડ્યો છે. દાક્તરો, હકીમો ને વૈદ્યો કશું નિદાન કરી શકતા નથી.

હાથ-પગમાં 'ડૅન્સિંગ મૂવમેન્ટ' જેવા આંચકાથી પાંચેક વરસ પર હળવી શરૂઆત થયેલી. દાક્તરોએ 'કોરિયા' નામની બીમારી સમજી તેનો ઈલાજ કર્યો. કશો ફેર ન પડ્યો. આંચકા ઉત્તરોત્તર વધતા જ ગયા.

આજે એ સ્થિતિ છે કે સાવ પથારીવશ છે. પગ માંડી શકતો નથી, બેસી શકતો પણ નથી. ઝાડો-પેશાબ બધું પથારીમાં જ. હાથમાં કોઇ વસ્તુ ઝાલી શકતો નથી. પાણી પણ કોઈ પિવડાવે તો જ પી શકે છે. આખું અંગ ખોટું પડી ગયું છે, છતાં લકવા જેવું નથી. સ્પર્શશક્તિમા ફેર નથી પડ્યો. બીજી બધી રીતે પણ તન્દુરસ્ત જેવો છે. નિયમિત ભૂખ લાગે છે. ગમે તેવો ખોરાક બરાબર પચાવી જાય છે. જીભ ઉપર પણ અસર થઇ છે. બોલે છે તે બિલકુલ સમજી શકાતું નથી.

વચ્ચે એક અમેરિકન દાક્તર આવેલા. તે બાળરોગોના નિષ્ણાત હતા. ત્રણેક મહિના દર્દીને ઑસ્પિટલમાં રાખીને એમણે 'લૅબોરેટરિકલ ઈન્વેસ્ટિગેશન' કરેલું. એકાંતરે પેશાબ તપાસતા. લોહી તો 'ટેસ્ટિંગ' માટે ઠેઠ ડેન્માર્ક મોકલેલું. એમના નિદાન મુજબ આ 'કોરિયા' નથી, પણ 'વિલ્સન ડીસીઝ' છે. એમાં દર્દીના શરીરમાં તાંબાની માત્રા વધી જાય છે. એની મુખ્ય નિશાની આંખમાં 'રિંગ' જેવું દેખાય છે. એમના કહેવા પ્રમાણે આ બીમારી જવલ્લે જ જોવા મળે છે. એમણે પોતે જિન્દગીમાં આ બીજો કેસ જોયો: પહેલાં એક અમેરિકામાં જોએલો, બીજો આ. એમના કહેવા મુજબ તાંબાના આ વધતા જતા પ્રમાણને અટકાવવા યા ઓછો કરવાનો કોઈ ઇલાજ દાક્તરી વિજ્ઞાનમાં હજુ શોધાયો નથી. અલબત્ત, અમેરિકામાં એના પ્રયાસો થઈ રહ્યા છે.

'કુમાર'ના વાચકોમાંથી કોઇને આ વિષે કશી માહિતી હોય અને તે કશો ઉપાય યા માર્ગદર્શન સૂચવી શકે તો આભાર થશે.

—માંડવીઆ, મુજાહિદ પ્રિન્ટરી, કરાંચી-૨

~

'ગુજરાતી નવલકથા, નવલિકા તેમજ ઇતર વિષયોનાં થોડાં પુસ્તકો તથા થોડાં સામયિકોની છૂટકછૂટક ફાઈલો 'કુમાર'ના સાહિત્યરસિકોને ભેટ આપવાનાં છે. મંગાવવા ઇચ્છનારે આઠ નયા પૈસાની ટિકિટો મોકલી નીચેના સરનામેથી યાદી મંગાવી લેવી. મંગાવવાનો પોસ્ટેજ કે પાર્સલ ખર્ચ મંગાવનારે ભોગવવાનો રહેશે. જે ક્રમમાં માગણી આવી હશે તે જ સમયના ક્રમમાં પુસ્તકો વગેરે મોકલાવાશે. —જ્યોતિકુમાર અ. ગાંધી

હિલ વ્યૂ, રોડ નં. ૮, દોલતનગર, બોરીવલી ઈસ્ટ, મુંબાઈ નં. ૬૬

~

'કુમાર'નું 'અથાણું' સ્થૂલ હાસ્યને બદલે સૂક્ષ્મ હાસ્ય આપી શકતું ન હોય તો એના માટે અરધું પાનું બગાડવું ઇચ્છનીય નથી. વિભાગોના વધારા કરતાં એકથી વધુ ચરિત્રો આપો તો સારું.

(વાપી) —રાજેન્દ્ર પુરાણિક

~

સપ્ટેમ્બર અંકમાં ફળો સંબંધે લખાએલા લેખમાં ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીએ 'અનનાસ' વિષે જરા ઊંડે ઊતરવું જોઇતું હતું. યુનાની હકીમો તે વિષે વધુ જાણે છે. લોહીના દબાણ (વધુ ને ઓછા)માં, ગમે તેવી ગાંઠો (કૅન્સરની સુદ્ધાં) પિગળાવવામાં તેના ગુણ જાણીતા છે.

એ જ અંકના 'અથાણા'માં 'કવિ' નામના પ્રાણીની જે રીતે મજાક કરવામાં આવી છે એવી ગ્રામ્ય વિનોદની છાંટ 'કુમાર'માં શા માટે? 'અથાણા'ની બીજી વાનગી ઉચિત મર્મવાળી છે, તેની નોંધ ન લખું તો નગુણો ગણાઉં.

(મુંબાઇ) —લ. દ્વા. નયેગાંધી

~

નાઈલ નદીનું મુખ જિન્જામાં છે: અહીંથી ૧૦ માઈલ. એની શોધને સો વર્ષ પૂરાં થાય છે, એટલે આવતે વર્ષે આ પ્રસંગ જિન્જામાં ઊજવવામાં આવનાર છે. મને કેટલીક વાર થયા કરે છે કે અંધારા ગણાતા આ દેશ સાથે આપણો વેપાર સદીઓ જૂનો છે. અત્યારની રાજકીય પરિસ્થિતિ આપણી વસાહતને ભવિષ્યમાં મુશ્કેલીઓમાં ન મૂકી દે, એકબીજા દેશોના નેતાઓ વિચારોની આપલે કરે, મતમતાંતર દૂર કરે એ અવશ્ય ઇચ્છનીય ગણાય. આફ્રિકન પ્રજા અને ભારતીય પ્રજામાં વૈમનસ્ય ન રહે, એકબીજાનાં સાહિત્ય ચિત્રકળાને વિશેષ સમજવા કોશિશ કરે તે માટે મુખ્યત્વે અહીંની વસાહત ગુજરાતી પ્રજા હોવાથી શાંતિના દૂતો તરીકે સાહિત્યકારોને જ અહીં મોકલવા બૃહદ ભારતી સમાજ જેવી અહીંની સંસ્થા જે મુંબઈમાં છે, તેણે તેમજ હમણાં જ ઓવરસીઝ ઇન્ડિયન એસોસીએશન જેવી સંસ્થા જે સ્થાપવામાં આવી છે તેમની મારફત વિવિધ ક્ષેત્રોમાંથી એક એવી પાંચ છ વ્યક્તિઓનું પ્રતિનિધિમંડળ અહીં મોકલાવું જોઈએ: એકાદ વેપારી હોય, એકાદ સમાજશાસ્ત્રી હોય, એક ચિત્રકલા-સ્થાપત્ય નિષ્ણાત, એકાદ કાકાસાહેબ કે શ્રી ઉમાશંકર જેવી વ્યક્તિ, એકાદ ધાર્મિક ક્ષેત્રે-સર્વોદય વિચારવાળી વ્યક્તિ શ્રી કેદારનાથજી કે શ્રી સુન્દરમ્ કે પુરાણી, જેવાઓએ અહીં આવવું જોઇએ. અહીંના કરોડપતિઓએ જ આ સંસ્થાની સ્થાપનાર્થે મોટો ફાળો આપ્યો છે. મુંબાઈમાં ૩૦-૪૦ લાખ રૂપિયાના ખર્ચે મકાન પણ બાંધવામાં આવનાર છે. શ્રી સદોબા પાટિલ, શ્રી બળવંતરાય મહેતા, શ્રી નથવાણી, ઇંદિરા ગાંધી અહીં આવી ગયાં. મુ. શ્રી કાકાસાહેબ બેવાર શ્રી નાનજી કાલિદાસના મહેમાન તરીકે આવ્યા. હું તો આ દિશામાં નાનકડો માનવી ગણાઉં. પ્રયત્ન કરીશ. આમ છતાં ઉપર મુજબ પાંચ છ વ્યક્તિઓ આવે તો અહીંની ગુજરાતી પ્રજાની ભવિષ્યની ઉન્નતિ વિષે વિચાર જાણી શકાય. બાકી તો અહીંની આપણી પ્રજાને કેવળ શિલિંગ-સેન્ટમાં જ સંસ્કૃતિ લાગે. એમને કોઈ આ આફ્રિકનનાં સુખદુઃખની પડી જ નથી. ભાગવું પડે અને કૉંગો જેવી હાલત થાય તો તેમાં પણ દોષ આપણા ભાઈઓનો જ ગણાય. ચીંથરેહાલ નગ્ન અવસ્થામાં સબડતા આફ્રિકનોનાં ભીતર જીવનમાં ડોકિયું કરવાની વર્ષોથી આપણે હમદર્દી કેળવી નહિ અને હવે કેન્યા–યુગાન્ડામાં સજાગ શિક્ષિત આફ્રિકનો ટોણાં મારે છે ત્યારે આફ્રિકનકરણમાં આપણે મળવા તૈયાર થયા છીએ. હવે આટલે વર્ષે આંખ ઊઘડી છે ત્યારે આપણા નેતાઓએ પણ પક્ષરહિત રહી ઉપર કરેલી સૂચનાનો અમલ કરવો જોઈએ.

(કકીરા યુગાન્ડા) —મહેન્દ્ર ઓઝા

~

હું 'કુમાર' નિયમિત વાંચું છું. ઘણી વખત આરોગ્યને લગતા લેખો આવે છે. મારા માથામાં ખોડો પુષ્કળ છે. ઘણા પ્રયત્નો કર્યા છતાં મટતો નથી. તેને લીધે વાળ પણ પુષ્કળ ઊતરે છે, તો કંઈ ઉપચાર હોય તો જણાવશો. મને દેશી ઉપચારો વધારે યોગ્ય લાગે છે. વળી મારા ગળાનો અવાજ વારંવાર બેસી જાય છે, અવાજ ફાટી જાય છે. સારું ગળું કરવાનો પણ ઉપચાર બતાવશોજી.

(મુંબાઇ) —રસીલા ગાંધી

~

ગણિતગમ્મત: ૬૫૩૫૯૪૭૭૧૨૪૧૮૩ને અનુક્રમે ૧૭, ૩૪, ૫૧, ૬૮, (એમ છેક ૧૫૩ સુધી) વડે ગુણવાથી જવાબ અનુક્રમે

૧૧૧૧૧૧૧૧૧૧૧૧૧૧૧૧
૨૨૨૨૨૨૨૨૨૨૨૨૨૨૨૨
૩૩૩૩૩૩૩૩૩૩૩૩૩૩૩૩
... ...
૯૯૯૯૯૯૯૯૯૯૯૯૯૯૯૯ આવશે.

(ચંડીગઢ-પંજાબ) —અરુણ મ. વૈદ્ય

OUR FRIENDS ABROAD

જગત્સંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

હૉલૅન્ડથી એક પત્ર મળ્યો છે. લખે છે : '...આપના મનોહર દેશમાં મને ઘણો રસ છે અને આપના દેશના જુદાજુદા ભાગોમાંથી એકાદ બે ભારતીય સાથે પત્રમૈત્રી બાંધતાં મને ઘણો આનંદ થશે. હું એક ડચ યુવાન અને ભૂગોળનો વિદ્યાર્થી છું. એ વિષય ઉપરાંત રમતગમતો, પ્રવાસ ને સાહિત્યમાં મને વધુ રસ છે...' એમનું સરનામું છે: Oho V. Veen, Crocusstraat-6, Wassenaar (Holland)

સ્વીડીશ પત્રમિત્રો

ભાઈ હરીશ એચ. શાહ, ૧૧ અશ્વિન સોસાએટી, અમદાવાદ ૭ તરફથી નીચેના સ્વીડીશ પત્રમિત્રોનાં સરનામાં મળ્યાં છે. દરેક સરનામા નીચે અંગ્રેજીમાં 'સ્વીડન' એટલું ઉમેરી લેવું.

(1) Birgitta Wanefors—15 (girl), Rubinvagen-11, Hagersten-5, Music, Penfriendship, Stamp; (2) Ingrid Maard—15(girl), Breyl. 993 Sorby Ronneby, Badminton, Tennis, Books, Music; (3) Gun-Britt Berglund —14 (girl), Augusten Borgsgat-19A, Malmo-5, Stamps, Sport, Touring, Cycling; (4) Eva Holm—15 (girl), Ringvagen-17, Malatrask, Sport, Dance, Piano, Walking; (5) Berith Thorshensson—16 (girl), Barby Dingle, Swimming, Dance, Film, Animals; (6) Maj-L's Olsson—16 (girl), Grevlunda-18, Vitaby Skane, Stamps, Sport, Music; (7) Erna Aberg—15 (girl), S. Promenaden 80 B, Norrkoping, Sewing, Reading, Skate, Cycle; (8) Lena Hammarlind—15 (girl), Box 225, Nyland, Anger Manland, Sport, Jazz, Dance; (9) Eva-Hakanson—16 (girl), Stromsbergsateri Tosse, Stamps, Sport; (10) Marie Charlatte—14 (girl), Nauckh off Gardesvagen-37, Lidinga-1, Music, Jazz, Sport, Coins; (11) Inger Larson—17 (girl), Skolan, Gisslarbo, Animal, Stamps; (12) Ingrid Bysfedt—16 (girl), Hamngatan-6A, Linkoping, Dance, Film, Record; (13) Anita Rosenlind—16 (girl), Porthansvagen-5, Bromma-3, Stockholm, Stamp, Coins, (14) Margereta Hammarlond—16 (girl), Hamnuiksvagen-6, Niynashamn, Swimming, Post-cards, Skating; (15) Anita Alfredssan—15 (girl), Sfromslundsgatan-35, Jrollhattan-2, Dance, Jazz, Cinema; (16) Inger Hansson—15 (girl), Box 805, Matfors, Drawing, Animals; (17) Birgitta Peksson—15 (girl), Svenstrop, Ljungbyhed, Stamps, Coins; (18) Marrianne Svensson—15 (girl), Riksradsvagen-151, Johanneshov, Swimming, Coins, Cycling; (19) Margaretha Smith—15 (girl), Gjorloffsgatan-71, Landskrona, Stamps, Music; (20) Pickko Lacsson—15(girl), Box-36, Vannasbekget, Overkalix, Music, Viewcards; (21) Solbritt Guslafsson—16(girl), Slorgalan-97, Virserum, Skiing, Literature, Music, Film; (22) Ulf Lowhagen—16 (boy), O-Strong-11, Hailsberg, Literature, Sport, Swimming, Politics, Travelling; (23) Kerstin Granberg—15 (girl), Karrtorpsvagen-21, Johanneshov, Stockholm, Books, Stamps; (24) Kerstin Rangmo—16 (girl), Runebergsvagen-35, Gavle, Music, Dance, Skate, Film; (25) Marie-Louise Birke—14 (girl), Graudalen, Ronninge, Music, Stamps; (26) Ase Flygare—16 (girl), Box 8259, Boden-8, Coins, View-cards, Dancing; (27) Margereta Anderson—15 (girl), Box 100c, Hagastrom, Animals, Geography, Stamps; (28) Ingrid Stenbeck—18 (girl), Fack-112, Tumba, Stamps, Coins, Films; (29) Birgitta Kraft—16 (girl), Gillegatan-21, Hagersten, Stamps, Coins, Music. (ચાલુ)

હિંદી પત્રમિત્રો

(1) Ramesh M. Shah—24, Sagarampura, Main Road, Surat, Correspondence, View-cards, Reading, Stamps; (2) Miss Dina Pancholi—16, 5, Pestanji Blocks, Outside Shahpur Gate, Ahmedabad-1, Stamps, Swimming, Sports, Penfrindship; (3) Dinesh Pancholi—19, 5 Pestanji Blocks, Outside Shahpur Gate, Ahmedabad-1, Photography, First-day covers, Stamps, Films; (4) Dineshchandra D. Vora—20, Kansara Bazar, Patiya Street, Sihor (Saurashtra), Music, Cricket, Novels, Films. (ચાલુ)

આ માસ(ઑક્ટોબર)ઇતિહાસમાં:વ્યક્તિવિશેષ-દિનવિશેષ-પ્રસંગવિશેષ

સ્વ. શિશિરકુમાર ભાદુડી



સમગ્ર ભારતીય રંગભૂમિના એક અદ્વિતીય ગૌરવસમા શિશિરકુમાર ભાદુડીની ઓળખ એક આદર્શ અભિનેતા, સૂત્રધાર કે દિગ્દર્શક તરીકે આપવી અધૂરી છે. એ તો બંગાળી રંગભૂમિના નવોત્થાનના યુગાવતાર હતા. ભદ્રશિક્ષિતબંગાળી માનસને એમણે રંગભૂમિ પ્રતિ અભિમુખ કર્યું;નાટયલોકને સામાજિક પ્રતિષ્ઠા અપાવી.

મિદનાપુરમાં ઈ. ૧૮૮૯ની બીજી ઑક્ટોબરે એમનો જન્મ. બચપણ ત્યાં જ ગાળ્યું. પિતા તો બહુ વહેલા ગુજરી ગએલા, માતા પણ ઈ. ૧૯૪૭માં અવસાન પામ્યાં. છ ભાઇઓમાં એ સૌથી મોટા. બીજા ભાઇઓએ પણ રંગભૂમિ અને ચલચિત્રોમાં કામ કર્યું છે.

ઈ.સ. ૧૯૧૩માં એમ.એ. થઈ તેઓ મૅટ્રોપૉલિટન (હાલની વિદ્યાસાગર) કૉલેજમાં અંગ્રેજીના અધ્યાપક નિમાયા. એમની એ કારકિર્દી પણ એટલી ઉજ્જવળ હતી કે સ્વ. આશુતોષ મુખરજીએ એમને અંગ્રેજીની ચૅર આપવા ધારેલી. પણ બચપણથી જ રંગભૂમિને માટે પોતાનું જીવન છે એમ જણાવી એ પદ પાછું વાળેલું. અને ખરેખર, વિદ્યાર્થી અવસ્થાથી જ એમણે કુશળ અભિનેતા તરીકેની સિદ્ધિ હાંસિલ કરી લીધેલી. નવનીત સેનના 'કુરુક્ષેત્ર'માં અભિમન્યુની, જુલિયસ સીઝરની, 'વીણા'માં 'પ્રવીર'ની અને 'ચંદ્રગુપ્ત'માં'ચાણક્ય'તરીકેની એમની એ કાળની ભૂમિકાઓ હજી યે સ્મરણીય ગણાય છે.ચિત્તરંજન દાસ, શરદબાબુ અને કવિવર ટાગોર પણ એમના અભિનયના પ્રશંસકો હતા.

અધ્યાપનકાળ દરમિયાન પત્નીનું અવસાન થયા પછી તેઓએ અભિનયક્ષેત્રમાં આવવું બંધ કરી દીધું હતું; પણ પ્રશંસકોના અત્યાગ્રહ આગળ નમતું મૂકી એમણે નાના પાઠોમાં આવવાનું કબૂલી ફરી રંગભૂમિ પરપગ માંડ્યા, ને ૧૯૨૧ની ૧૦મી ડિસેમ્બરે એમણે પ્રથમવાર ધંધાદારી 'બૅંગોલ થીએટ્રિકલ કંપની'ના કૉર્નૅવૉલિસ થીએટરમાં 'આલમગીર'માં ઔરંગઝેબ તરીકે દેખા દીધી. કૉલેજમાં એમને ૧૫૦ રૂ. મળતા, અહીં ૩૫૦. પછી તો એમણે આજીવન રંગભૂમિનું ક્ષેત્ર જ સ્વીકારી લીધું.

પણ પારકી કંપનીમાં એમનો સ્વતંત્ર મિજાજ રૂંધાતો હતો. ૧૯૨૪માં એમણે પોતે જ દ્વિજેન્દ્રલાલ રાયનું 'સીતા' ભજવ્યું. એ નાટકમાં રામ તરીકે એમણે પ્રેક્ષકો પર વિષાદની એક સ્થાયી છાપ આંકી દીધી. આ નાટકમાં એમણે પ્રાચીન ભારતીય વાતાવરણ રજૂ કરવાની પણ આગ્રહભરી ચીવટ રાખેલી. વળી રાત્રે શરૂ થઇ મોડે સુધી ચાલતાં નાટકોને બદલે તેમણે બપોરથી શો રાખવા માંડયા.

૧૯૨૪માં 'વસંતલીલા'માં એમની કલા જોવા ચિત્તરંજન દાસ ખાસ આવેલા. ૧૯૨૮માં(શરદબાબુ કૃત)'ષોડશી'માં જીવાનંદની ભૂમિકામાં દુશ્ચરિત્ર કોટિના મનુષ્યના યે પોતીકા ગૌરવને યોગ્ય ન્યાય એમણે જે રીતે આપેલો એવો અભિનય તો એ પોતે જ કરી શકે.

એમની આ બધી ખ્યાતિ છેક પરદેશ સુધી પ્રસરી હતી. ૧૯૩૦માં એમના 'સીતા' એ યુરોપમાં પણ અદ્ભુત ખ્યાતિ મેળવેલી.

ઊતરતી વયે એમની આંખો નબળી થઈ ગઈ હતી. પાંચ ફૂટ દૂરની ચીજ પણ ન દેખાતી. છતાં સ્ટેજ પર હોય ત્યારે એમના જીવંત ને નિપુણતાભર્યા અભિનય આગળ કોઇને આ તકલીફનો ખયાલ પણ ન આવતો.

આલમગીર, ભીષ્મ, વિજય, બિંદુર છેલે, વિપ્રદાસ, વિસર્જન, ચંદ્રગુપ્ત, ચિરકુમાર સભા, દેશેર દાબી, દિગ્વિજયી, દુઃખીરઈમાન, જન, જીવનરંગ, મહાપ્રસ્થાન, મંત્રશક્તિ, નરનારાયણ, પાંડવેર અજ્ઞાતવાસ, પાષાણી, પોષ્યપુત્ર, પ્રફુલ્લા, પુંડરીક, રઘુવીર, રતિમાતો નાટક, રમા, શેષ રક્ષા, સીતા, શાહજહાં, સાધબાર એકાદશી, ષોડશી, શંખ-ધ્વનિ, શ્રી શ્રી વિષ્ણુપ્રિયા, તખ્તે તાઉસ, તપતી, ઉરોચિઠ્ઠી વગેરે નાટકો તથા મોહિની, કમાલે કામિની, અંધારે આલો, વિચારક વગેરે મૂગી ફિલ્મો અને પલ્લી સમાજ, સીતા, ટૉકી ઑવ ટૉકીઝ, ચાણક્ય, પોષ્યપુત્ર ઇત્યાદિ બોલપટોમાંનું એમનું કામ કદી ભુલાય તેવું નથી.

પણ બંગાળી રંગભૂમિના આ પુનરુદ્ધારકનો સ્વભાવ કંઈક વિચિત્ર હતો. પ્રશંસામાં એ કદી નથી રાચ્યા, છતાં પોતાના ક્ષેત્રમાં એ ઘણા અભિમાની હતા. ગુસ્સે થતાં કે માઠું લાગતાં એને વાર નહિ. આ તેજીલા સ્વભાવને લીધે જ આખર સુધી એમને અનેક આર્થિક મુશ્કેલીઓ નડયા કરતી.રાષ્ટ્રીય નાટયશાળા ઊભી કરવાનું એમનું સ્વપ્ન આખર સુધી સાકાર ન થઇ શકયું. વૃદ્ધાવસ્થાથી અશક્ત થએલા સિંહ જેમ એ નટાધીપ પોતાની બોડમાં બેસી રહેતા. સરકારે એમને પદ્મભૂષણનો ખિતાબ આપ્યો એ પણ નકાર્યો. આખરે ભારતના એ નટસમ્રાટનું હૃદય એકાએક બંધ પડી જઈ ૧૯૫૯ના જૂનની ૩૦મીએ એમનું અવસાન થયું.એમનો એકનો એક પુત્ર અશોક બી. કૉમ. થઈ હાલ લાઇફ ઇન્શ્યોરન્સ કૉર્પોરેશનમાં નોકરી કરે છે.

દિનવિશેષ

તા. ૭ મુંબાઈમાં ગૅસલાઈટના દીવાનો પ્રથમ ઉપયોગ શરૂ કરવામાં આવ્યો, ૧૮૬૫.

તા. ૯ અમેરિકાનું ૪૯મું રાજ્ય આલાસ્કા રશિયાએ અમેરિકાને વેચાતું આપી દીધું, ૧૮૬૭.

તા. ૧૧ વરાળથી ચાલતી પહેલી હોડી 'સ્ટીમફેરી' અમેરિકામાં વહેવારમાં લેવાઈ, ૧૮૧૧.

તા. ૧૭ અંગ્રેજોએ ગુજરાતમાં વેપાર-વાણિજ્ય માટેના સૌ પ્રથમ કોલકરાર કર્યા, ૧૬૧૨.

તા. ૨૮ સિંધમાં સિંધુને નાથતા વિશાળબંધ સક્કરબરાજનો પાયો નાખવામાં આવ્યો, ૧૯૨૩.

તા. ૨૯ વાસ્કો દ ગામાએ કાલિકટ જીતી ૮૦૦ જેટલાં સ્ત્રી-પુરુષોની કતલ કરી નાખી, ૧૫૦૪.

તા. ૩૦ હિંદ અને ઇંગ્લંડ વચ્ચે વિમાની વ્યવહારની શરૂઆત કરવામાં આવી, ૧૯૨૯.

પ્રસંગવિશેષ : મેરી આન્ત્વાનેતનો ઉદ્દામ શિરચ્છેદ, ૧૬મી ઑકટોબર, ૧૭૯૩

અઢારમી સદીનું યુરોપ એટલે પ્રજાના પૈસા પર બેશુમાર ઉડાઉગીરી કરતી બિનજવાબદાર રાજાશાહી અને કાવાદાવા કરી ઘર ભરતા અમીર ઉમરાવો અને ધર્મગુરુઓની દાદાગીરીનો કાળ. આમાં ફ્રાંસ કદાચ મોખરે હતું. ત્યારનો રાજા સોળમો લૂઇ ટૂંકી બુદ્ધિનો હતો. ઑસ્ટ્રિયાના સમ્રાટની બહેન મેરી આંત્વાનેત તેને પરણીને આવી, તેની પાછળ ઑસ્ટ્રિયાએ ફ્રાંસના રાજમાં પગદંડો પેસાર્યો. મૂર્ખ અને ઉડાઉ રાજારાણી, દુશ્મન ઑસ્ટ્રિયાની ખટપટ અને અમીરોના જુલમથી ત્રાસેલી પ્રજાએ આખરે બંડ કર્યું. ફ્રાંસની એ ક્રાંતિ જગપ્રસિદ્ધ છે. ૧૭૯૧માં રાજારાણી નાઠાં, પણ છેક સરહદ પર ઓળખાઇને પકડાઈ ગયાં. ૧૭૯૨માં ફ્રાંસ અને ઑસ્ટ્રિયાને યુદ્ધ થયું. રાજારાણીનો જ તેમાં હાથ છે માનીને પ્રજાએ તેમને પદભ્રષ્ટ કર્યાં. પ્રથમ લૂઇને અને પછી રાણી આંત્વાનેતને દેહાંત દંડ થયો અને તદનુસાર ૧૬મી ઑકટોબર ૧૭૯૩ને દિવસે રાણીને ગિલોટીન પર વધેરી નાખવામાં આવી. બિનજવાબદાર ઉડાઉગીરી, ઘમંડ અને જુલમનું, એવું જ ગાંડી લોકશાહીનું એ પરિણામ હતું.

એ રસતરશ્યાં બાળ રસની રીત મ ભૂલશો,
પ્રભુએ બાંધી પાળ, રસસાગરની પુણ્યથી.
—ન્હાનાલાલ—

અસહકારની લડત વેળા મુંબાઇ મારવાડી વિદ્યાલયમાં ઊતરેલા ગાંધીજી એક દિવસ બહાર જવાની ઉતાવળમાં પોતાની વસ્તુઓ સંકેલતા હતા તેમાં પોતાની પેન્સિલ ન જડી, તે બહુ ફચાટથી શોધવા લાગ્યા. એમની જરૂર સમજી કાકાસાહેબ પોતાના ખિસ્સામાંથી પેન્સિલ કાઢી આપવા ગાંડી તે ન લેતાં ગાંધીજીએ શોધવાનો પ્રયત્ન જારી રાખ્યો ને કહ્યું 'મને એ મદ્રાસમાં નટેસનનાછોકરાએ પ્રેમથી આપી હતી.' અને થોડી વારે તે જડી એ જોઇને કાકાસાહેબ ચકિત થઈ ગયા: પેન્સિલ માંડ બે ઇંચની હશે.


અનેકાર્થી શબ્દ: **કડી**=આંકડી; અંકોડો-ગોળ વાળેલો સળિયો; કાનમાં પહેરવાનું ઘરેણું; કવિતાનું પદ; ઓળ કે હાર; સાંકળ; કુંડાળું; કોળિયો; ગાય કે ઘેન; ચોપગા જાનવરનું છાતીનું હાડકું, પીઢિયું; બેડી કે જંજીર; મુશ્કેલી કે દુ:ખ; લાકડાનો લાંબો લિસોટો; છીપ; જોડાણ; ટુકડો; વિલંબ; વીંટી; શિખર કે ટોચ; અઘરી કે આકરી; ઓછી; કંજૂસ; ગંભીર; દઢ કે મજબૂત; સહનશીલ; હઠીલો; નિર્દય; ભાગ્યહીન; મોટી; મોંઘી કે વજનદાર.

કહેવતોના અર્થ: 'રાજા કહે તે હા, ને બાપ પરણે તે મા—' રાજા ગમે તેવો ગાંડો હુકમ કરે તો પણ તે માનવો જ પડે, બાપ ગમે તેવી નપાવટ સ્ત્રીને પરણી લાવે તો પણ તે મા થઇ જ ગણાય. એ અનિવાર્ય લાચાર પરિસ્થિતિ આલેખતી રાજાશાહી કાળની આ કહેવત આજે પણ પોતાનું ધાર્યું કરાવનારા સત્તાશાળી, જિદ્દી માણસોને ઉદ્દેશીને વપરાય છે. એવી જ બીજી કહેવત: 'રાજા બોલે તે ન્યાય, ને પાસો પડે તે દાવ.'

ગણિતગમ્મત

કોઇ પણ એક રકમ ધારો; તેને છએ ગુણો; ફરી છએ ગુણો; હવે કોઈ પણ સંખ્યા વડે ગુણો; તેમાં સાત ઉમેરો ફરીથી છ વડે ગુણો; હવે ઉત્તરમાં જે રકમ આવી તેના અંકોનો, એક જ અંક આવે ત્યાં સુધી સરવાળો કર્યે જાઓ. જવાબ છ જ આવશે!

પગમાં પડેલા બૂટના આંટણ ઉપર રોજ ટિંક્ચર આયોડીન મૂકતા રહેજો. એથી ચામડી કરમાતી જશે, તે હળવે હાથે બ્લેડથી કાઢી નાખતા જવું અને આયોડીન મૂકતા રહેવું. થોડા દિવસમાં નીકળી જશે.



ડાબેથી જમણે જતી આ બે કમાનો પર તાકી રહો. થોડી જ વારે તેનો ક્રમ બદલાએલો જણાશે અને તે જમણેથી ડાબે નીચે ઊતરતી જતી લાગશે.

જાણીતા હાસ્યકાર શ્રી જ્યોતીન્દ્ર દવેને ગયે વર્ષે શ્રી મહેન્દ્ર ઠક્કરે પત્ર લખી પ્રશ્ન પૂછેલો કે 'હાસ્ય એટલે શું?' તેનો ઉત્તર તેમણે જે આપ્યો તે (ગઈ તા. ૧-૧૦-૬૧ના રોજ શ્રી જ્યોતીન્દ્રની ષષ્ઠિ પૂર્તિ થઈ તે પ્રસંગ) આ નીચે છાપ્યો છે:

[illegible]

કાચના બૂચવાળી શીશીનો બૂચ સજ્જડ થઈ ગયો હોય તો તેના ગળાની આસપાસ મજબૂત દોરીના બે આંટા લઈને કોઇ પાસે શીશી પકડાવી શારડીની દોરી માફક ઝડપથી તે દોરીને ફેરવજો. એથી શીશીના ગળાને પહોંચેલી ગરમીને લીધે બૂચ ઢીલો પડી જશે.

કાદવના ડાઘ પર મેથીલેટેડ સ્પિરિટ અજમાવી જોજો.

પૈસો મેળવવાનો સહેલામાં સહેલો માર્ગ એ છે કે 'જાતે રળવું.'

ચાની કીટલીને અંદરથી બરાબર સાફ કરવી હોય તો બટેટાંની છાલ થોડું પાણી નાખી તેમાં ઉકાળવી.



કુદરતની અજબ સૂરત: ઉત્તર મહાસાગરના સીલ પ્રાણીની મૂછો ભલભલા મુછાળાનો ગર્વ ઉતારે એવી હોય છે.



રોજિંદા વપરાશની ટપાલની ટિકિટ પણ કોઇ વાર એકાદ કલાકણિકા જેવી હોય છે. કૅનેડાની અફાટ ને અણખેડેલી કુદરતી સમૃદ્ધિનો ઉદ્યોગમાં વિનિયોગ કરવાનો અનુરોધ કરતી ત્યાંની આ ટિકિટ પરના પ્રબોધક પ્રતીકનું સંયોજન કલાત્મક છે.







કૃષ્ણલીલા: ચિત્રકાર જ્યોતિ ભટ્ટ–લલિતકલા અકાદમીના બીજા રાષ્ટ્રીય કલાપ્રદર્શનમાં સુવર્ણપદક તથા રૂ. ૧૦૦૦નું ઇનામ મેળવનાર કૃતિ. મૂળ આખા ચિત્રમાં કૃષ્ણના જન્મથી કાલીયદમન (જે ભાગ અહીં આપ્યો છે ત્યાં) સુધીની બાળલીલાના પ્રસંગોને ભીંતચિત્રની શોભન શૈલીએ નિરૂપ્યા છે. પાત્રો ને સાધનોની ભાત પાડતા જઈને કથાપ્રસંગને વહેવડાવતા જવાની પદ્ધતિ સાતીગળ અને ભરીભરી લાગે છે. ◖. જમણી બાજુએ પણ એમણે તાજેતરમાં કરેલું એવું એક રંગ **ભીંતચિત્ર** જ છે (જે ઉપર-નીચે મળીને ચાર કટકે આપેલું છે), પણ એની શૈલી બદલાઈને 'મૉડર્ન' થઈ છે. ગુજરાત રાજ્યના જંગલખાતા માટે તૈયાર (પાછળ)



કેશસંમાર્જન

ફોટો • જ્યોતિ ભટ્ટ

ભાઈ જ્યોતિ કૅમેરાના પણ ફમદા કસબી અને કલાકાર છે એની પ્રતીતિ આ અંકમાંની તસવીરો આપી રહેશે. આ બંને ચિત્રોનો વિષય એક જ છે, પણ પ્રત્યેકનું સૌંદર્ય આગવું છે. એકમાં ઉતારેલી પ્રગલ્ભ અંગડાઈ અને બીજા-માંનું મુગ્ધ માર્દવ કલાકારની રસદૃષ્ટિનાં દ્યોતક છે.



(અનુસંધાન પાછળથી)

કરેલા એ ચિત્રમાં દેશની વનસંપત્તિ વધારવા માટે થતા વૃક્ષારોપણથી માંડીને તેનો ઉછેર, તેમાં તૈયાર થતાં તોતિંગ લાકડાં, તેની ફેરવણી ને તેના નાનાવિધ ઉપયોગનો ખયાલ તેમાં આપ્યો છે. 'કૃષ્ણલીલા'વાળા ભીંતચિત્રની પ્રસાદયુક્ત શૈલીમાંથી આ 'વનસંપત્તિ'વાળા ભીંતચિત્રની શૈલીમાં થએલું સ્વરૂપાંતર 'મૉડર્નિસ્ટ' માન્યતાએ પ્રગતિશુભ પરિવર્તન લેખાય છે. 'કૃષ્ણલીલા' ચિત્ર પર પારિતોષિક મળ્યું તે વખતે ભાઈ જ્યોતિએ એક અંગ્રેજી છાપાના પ્રતિનિધિને મૉડર્ન શૈલી માટેનો પોતાનો અભિલાષ જણાવ્યો હતો. 'કલામાં વિકૃતિકરણ'ના વિષય ઉપર 'કુમાર'માં આવી ગએલા એમનાં બે લેખો પણ વાચકોને યાદ હશે. આ અંકમાંના 'મેળા' ઉપરના લેખ સાથેના એમના સ્કેચોની તથા 'કૃષ્ણલીલા'ના ચિત્રની સરખામણીમાં 'કલાવાર્તા' સાથે આપેલાં એમનાં મૉડર્ન શૈલીનાં ચિત્રો વિષેનો નિર્ણય વાચકો કરી શકશે.